
અંક
૧૭૫


કુમાર

આવતી કાલનાં નાગરિકો ઘડતું આજના વર્ગનું માસિ



અંક ૭ • અષાડ ૧૯૯૪ • તંત્રી: રવિશંકર રાવળ • સંપાદક બચુભાઈ રાવ

છાપ • (લીનોકટ) • ચિત્રકાર ગોવર્ધન પંચાલ



નિર્ઝર

પીળી નદી અને પરદેશીઓ—ચીન એ બંનેના ઉપદ્રવ થી કદી અલિપ્ત થી રહ્યું. પીળી નદી એ તો હાલમાં જ પોતાની સેતાનિયત પૂરી કરી છે, પણ એથી યે ચડતી હેવાનિયતનો આજ દાયકા થયાં એ દેશ જે ભોગ બનેલો છે ને એને લઇને રાષ્ટ્રીયત્વની જે પ્રચંડ જિજીવિષા એ દેશમાં પ્રગટી છે એને પડઘો તે આ અંકના મુખપૃષ્ઠે રજૂ થતું 'ચીનનો અજ્ઞાત યોદ્ધો.' ◖ એસ્પેરન્ટો જેવી જગતભાષાના અખતરા નિષ્ફળ નીવડ્યા પછી આજે આવતી કાલની જગતભાષા બનવા માટે જેની વધુમાં વધુ શકયતા છે એ 'બેઝિક ઇંગ્લિશ'ના મહત્ત્વથી તો તમે ગયા અંકથી જ માહિત થયા હશો. આ અંકથી પ્રયોગાત્મક લેખમાળા રૂપે એનું આખું વિજ્ઞાન રજૂ થાય છે. ◖ 'બહેનનો અવસર'માં ભગિનિપ્રેમનો પ્રેર્યો ભાઈ કેટલી હદ સુધી જાતભોગ આપવા તત્પર બને છે એનું સમાજના નીચલા થરનું આબેહૂબ શબ્દચિત્ર તમને મળી આવશે. ◖ કાકાસાહેબ આ વખતે હિંદને એક ખૂણે પડેલી સાત્ત્વિક તપોભૂમિ સમી સંસ્થાનો પરિચય આપે છે, જ્યારે 'રખાલી' નિસર્ગની રમ્ય ક્રીડાભૂમિ અને પુરાણકાલીન કેદારખંડ મનાએલા અદ્યકાલીન દેહરાદૂનનો પરિચય કરાવે છે. ◖ પૃથ્વી ઉપર હાલ જે રાક્ષસી કદના જીવો હસ્તી ધરાવી રહ્યા છે તેમાં હાથી આપણને સૌથી પરિચિત છે, પણ આજના સ્વરૂપમાં તેને આવતાં તો લાખો વર્ષોનો ગાળો વીતી ગયો છે એ તમે જાણો છો? એના પ્રાથમિક સ્વરૂપથી માંડી આજસુધીની એની શ્રેણીબંધ વંશાવલિના ઇતિહાસ ઉપરાંત બીજું ઘણું ઘણું એ પ્રાણી વિષે તમે 'હાથી'ના લેખમાંથી જાણશો. ◖ 'મીંઢાના ગાંગડે તો દુનિયાના રાજા થવાય' એ મંતવ્યમાં કશો ઉપહાસ નથી. એની વૈજ્ઞાનિક બહુમૂલ્યતાની ખાતરી કરવી હોય તો 'મીંઢાનો ગાંગડો' વાંચવો ન ચૂકશો. ◖ ત્યારે હવે બાકી શું રહ્યું? 'કુમાર'ના દર અંકે અભિનવ સ્વરૂપે રજૂ થતા વિવિધ વિભાગો તો હવે તમારા ચિરપરિચિત ગોઠિયા જ બની ચૂકયા હશો ને?

મુદ્રક · બચુભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક · રવિશંકર રાવળ કુમાર પ્રિન્ટરી કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ; વાર્ષિક લવાજમ રૂ. ૬, પરદેશના ૧૨ શિ.; ૭ માસિક લવાજમ રૂ. ૩; છુટક નકલના ૧૦ આના. મુંબાઇના એજન્ટો · આર.આર. શેઠની કંપની, અને સી. જમનાદાસની કંપની, પ્રિન્સેસ સ્ટ્રીટ. જાહેરખબરના સોલએજન્ટ રાવળ બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ





ફોટોગ્રાફી હરીફાઇનું પરિણામ

ઉપરઃ'મોચી'–ભાઈ વિ.પ્રા.ભટ્ટ(મુંબાઈ),બીજું ઇનામ;નીચેઃ 'ઘર ભણી'–ભાઇ નવનીતલાલ શાહ (નડિયાદ),ત્રીજું ઈનામ.



હરગૌરી

ચિત્રકાર · પ્રમોદકુમાર ચેટરજી


(સર ચીનુભાઈના સંગ્રહમાંથી)

ચીનનો અજ્ઞાત યોદ્ધો

હું ચીનનો અજ્ઞાત યોદ્ધો છું. ગરીબી, કષ્ટ, જુલ્મ વચ્ચે હું જન્મેલો છું. ક્ષુધા, સંતાપ ને વ્યાધિ હમેશાં મને વળગ્યાં રહ્યાં છે. અન્ય મનુષ્યો પેઠે સુખ અને શાંતિનો વારસો મેળવવાનું કદી મારે નસીબે નથી આવ્યું. હું ચીનનો વિસ્મૃત મનુષ્ય છું.

પીઠ બેવડી વળી અને હાથમાં છાલાં પડ્યાં ત્યાંસુધી ધરતીની ખેડ કરતાં માતાપિતાને ત્યાં ચીનના અંતરાળના એક પ્રાન્તમાં હું જન્મેલો. પૂજ્યબુદ્ધિ અને ફરજદારીથી તેમના અવસાન સુધી હું તેમને પડખે રહ્યો.

ત્યાર બાદ અમારા પ્રાન્તના ગવર્નરે મને સૈન્યમાં ઘસડ્યો. મારી ઇચ્છા વિરુદ્ધ પડોશના એક પ્રાન્તના મારા જાતભાઇઓ સાથે મારે લડવું પડ્યું. દયાની સહેજ પણ છાંટ વિના આંધળા બની મેં તેમનાં ગળાં કાપ્યાં. સ્વાર્થ, અદેખાઇ, કુસંપ ત્યારે દેશભરમાં વ્યાપ્ત હતાં; એમાંથી ઉગારનાર કોઇ નેતા નજરે નહોતો પડતો. કારણ જાણ્યા વગર અમે ભાઈભાઈની કત્લમાં રચ્યાપચ્યા રહ્યા હતા.




એવામાં અમેરિકાના અબ્રાહમ લિંકન જેવો એક મહાપુરુષ—ચાંગ કૈ શેક અમારામાં પેદા થયો. તેણે કહ્યું, 'હવે એ કલહો છોડો ને શાંતિનું સામ્રાજ્ય જામવા દો. એક જ પિતાનો આપણે પરિવાર છીએ, એક જ રાષ્ટ્રના સ્વાતંત્ર્યના આપણે હામી છીએ; આપણાં દિલમાં ઘર કરી રહેલાં બધાં ઝેરવેર ભૂલી હવે એકત્ર થવું જોઇએ. ચીનાઇ ક્રાંતિના પિતા ડૉ. સન યત સેનના સ્વાતંત્ર્યના સર્વસામાન્ય ધ્વજ નીચે આપણે એકત્ર ઊભવું જોઇએ.'

અમે તલવારો મ્યાન કરી, સંગીનો છાજલીએ મૂકી ને રાષ્ટ્રના જખમોની પાટાપિંડીમાં મચ્યા. અમે પોતપોતાના વતનમાં પહોંચ્યા ને ફરી ખેડ શરૂ કરી. આખરે અમને શાંતિની ખુશનશીબી પ્રાપ્ત થઇ હતી. અમારા પ્રજાસત્તાકના હિતાર્થે અમે શ્રમમાં ગૌરવ લેતા. હનનાં ચાળીસ કરોડ વંશજો હવે આઝાદ બન્યાં હતાં.


ત્યાં તો એક ભૂખી પરદેશી સત્તા અમારા દેશ પર ઊતરી આવી ને અમારી ધરતી છીનવી લેવા માંડી. પ્રજા જાગ્રત થઇ. અમારા અપ્રતિમ નેતા ચાંગ કૈ શેકે રાષ્ટ્રને સજ્જ થવાનો પયગામ આપ્યો. દરેકે દરેક પ્રાંત, શહેર, નગર ને ગામડામાંથી ચીનની આઝાદી સંરક્ષવા લાખોની સંખ્યામાં લોકો નીકળી પડ્યા.

એ લાખોમાં ચીનના એક અજ્ઞાત યોદ્ધા તરીકે મેં પણ, સૂર્યના ચળાતા પ્રકાશવાળી શાંત ખુશનુમા ખીણો છોડીને લોહીનીંગળતી કંકાર તરફ કૂચ આદરી. ભૂખ, તરસ, થાક બધું વેઠી, આગળ વધ્યે જ રાખી; દુશ્મનોની બૉંબ-વર્ષા નીચે પસાર થઇ, જેમતેમ અમે શાંઘાઇ પહોંચ્યા.



અહીં બે વખત તારાજ થએલા ને રાષ્ટ્રના પરાક્રમની પવિત્ર ગાથા સમા ચાપેઇને રક્ષવા મારા સજાતીય બંધુઓની ટુકડીઓ સાથે હું લડ્યો.

સો દિવસ ને સો રાત સુધી અમારા સશક્ત દુશ્મનોએ અમારા પર હવાઇ-બૉંબ, નૅવલ શેલ અને દાહક પદાર્થોનો મારો ચલાવ્યો, પણ અમે લેશ પણ ન ડગ્યા. અમારા અડગ મોરચા પર આખી દુનિયા મુગ્ધ બની. અમે સાબિત કર્યું કે ધરતીના ખેડુઓ પણ ચુનંદા નેતૃત્વ નીચે એક આખા સામ્રાજ્યને ત્રાહિ પોકરાવી શકે છે.



ચાપેઇના સંરક્ષણમાં મારા હજારો જાતભાઇઓ ખતમ થયા, પણ તેમનાં પરાક્રમોની યશોગાથા મોતથી પણ અસ્પૃષ્ટ રહી છે. પવિત્ર બલિદાનનાં એ કાયમી સ્મારકો બન્યાં છે.

ચાપેઇથી હું અમારા પાયતખ્ત નાનકિનના બચાવ અર્થે ઊપડ્યો. ફરી મારા હજારો બંધુઓ કત્લ થતા મેં જોયા. હું પણ ગંભીર રીતે જખમાયો. દાક્તર કહે છે કે મારા જીવવાની હવે વધુ આશા નથી. પણ મોતને તો વિજયકૂચ કરતા માનવી જેમ હું શાંતિથી વધાવી લઇશ; કારણ, હું જાણું છું કે હું મરીશ તો જ પ્રજાસત્તાક જીવતું રહેશે.


અને મારૂં સ્મારક ઠંડા જડ પથરાનું જ નહિ રહે, પણ જેમના બચાવ અર્થે હું ખપીશ તેમના દિલમાં કાયમ કોતરાએલું રહેશે. ચીન-ના અન્ય અસંખ્ય અજ્ઞાત યોદ્ધાઓની જેમ મારી કબર પર નૂતન ચીનનું નિર્માણ થશે.



અને હું અજ્ઞાત ત્યારે જ સર્વજ્ઞાત થઈશ; હું અનામી ત્યારે રાષ્ટ્ર-ભરનું ગરવું નામ બની જઇશ. મારા મૃત્યુની નિઃસ્પંદતા પર ચીનનો નૂતન પ્રાણ ધબકશે.

(શાંઘાઇના ચીનાઇ સૈન્યમાં રહેલા, અમેરિકાના એસોશીએટેડ પ્રેસના પ્રતિનિધિ મિ જેરસ એ. મિલ્સે આ વર્ણન રેડિયો બ્રૉડકાસ્ટ કરેલું. યુનાઇટેડ સ્ટેટ્સમા એની અસંખ્ય નકલો છપાઇ ચૂકી છે.)





ગુજરાતનાં અશ્રુ

સ્વ. હીરાલાલ ત્રિભોવનદાસ પારેખ

● સૌજન્ય, સહિષ્ણુતા અને સેવાના અવતાર જેવા ગુજરાતના એ અજોડ સાહિત્યસેવકના અવસાનની નોંધ લેતાં ગુજરાતની ન પૂરાય એવી ખોટ હૃદયમાં દુઃખ અને ખેદનો ઉભરો લાવે છે. સ્વ. રણજીતરામના ભાવનાદળના એ મૂંગા પણ સબળ સૈનિક હતા અને જીવનમાં ગુજરાતની અસ્મિતા અને ગૌરવના મંત્રનો આખર સુધી જીવતો જાપ બની રહ્યા હતા. કોઇ નક્ષત્રનાં તેજ કાળની મર્યાદા ભેદી પૃથ્વી પર મોડાં પહોંચે તેથી તેની યોગ્યતા અને સ્થાન જરા યે ઘટતાં નથી. શ્રી હીરાલાલ પારેખના શાંત, ધીર સદ્ગુણો ગુજરાત સમજે તે પહેલાં તેમણે પોતાનું તેજ સંકેલી લીધું. હાઈસ્કૂલ અને કૉલેજમાં ભણતાંભણતાં અને ગૃહસ્થજીવનમાં જેમણે સાહિત્ય, સંસ્કાર અને સેવાનો ધર્મ આમરણાંત પાળી બતાવ્યો, સ્વાર્થ અને જાતની પણ કદી દરકાર ન રાખી એ વ્યક્તિના હૃદયના ઊંડાણમાં ગુજરાતને ગૌરવવંતું બનાવવા કેવી ભક્તિ અને ગાઢ નિઃશ્વાસ ભરેલા હતા એ એમની જીવનપ્રવૃત્તિ અને અજાતશત્રુતામાં પ્રકટ થાય છે.

પચીસ વર્ષ સુધી ગુજરાત વર્નાક્યુલર સોસાએટીના કારભારી તરીકે, આળસ કે આરામનો વિચાર કર્યા વિના, સોસાએટી, સમાજ, સાહિત્યપરિષદ, સંસારસુધારા કે વિદ્યાવૃદ્ધિનાં અનેક કાર્યોમાં, તેમણે નામનાની પરવા કર્યા વગર સંસ્થાઓ અને માણસોની કામગીરી પાર પાડી આપી છે. કૈક ઊગતા કલાકારો, લેખકો અને તરુણોને એમના કાર્યમાં સહાય આપી, ખૂટતી સાંકળો પૂરી, સ્સ્તાસર કર્યા છે. 'ગ્રંથ અને ગ્રંથકાર' નામના પ્રકાશનના વાર્ષિક ખંડો બહાર પાડી કોઇ પ્રાંતમાં નહોતું એવું સાહિત્યની માહિતીનું અજોડ પ્રકાશનકાર્ય કરી સાહિત્યના ઇતિહાસ માટે સામગ્રીનું ભંડોળ મૂકતા ગયા છે. આગળ વધેલા દેશોના જેવા સચિત્ર કોષો, જ્ઞાનગ્રંથો, કથાગુચ્છો જોવાના એમને મોટા કોડ હતા. અને કોઇકે કંઇક એવું કર્યું હોય તો તે જોઇને રાચતા અને મિત્રો આગળ ભાવથી તેનો પ્રચાર કરતા.

બધા જ પ્રકારના અને પક્ષોના તેમના મિત્રમંડળમાં તે સ્નેહની એક સાંકળ હતા. સરકારી કે સામાજિક, સનાતની કે સુધારક, શ્રીમંત કે રંક સર્વના સ્નેહ અને સન્માનનું તે પાત્ર બન્યા હતા. તેમને કોઇએ ક્રોધ કરતા જાણ્યા નથી. ઇર્ષ્યાનો તેમનામાં સમૂળો અભાવ હતો. એકાંતે સાચા વૈષ્ણવ હતા અને અનેક પ્રવૃત્તિઓને જીવંત કે ચાલુ રાખનાર પડદા પાછળના ચેતનરૂપ હતા. એમના જીવનનો મર્મ પ્રજા સમજે અને કદર કરે. તેમને આરામની યોગ્ય તક મળે તે પહેલાં તો



સ્વ. હીરાલાલ ત્રિભોવનદાસ પારેખ

નાનાં બાળકોવાળા પરિવાર અને ખેદ કરતા મિત્રોને ત્યજી એ ગઇ તા. ૨૦મી જૂનની રાત્રે દેવલોક પામ્યા.

સ્વ. ભગવાનલાલ ગિરિજાશંકર ભટ્ટ અને સ્વ. મોહનલાલ મોહકમચંદ મહેતા

● આ મિત્રબેલડીને ગુજરાત જૂના વખતથી બંકિમકૃતિ 'રજની'ના ગુજરાતી અનુવાદકો તરીકે તો જાણે છે. બંગાળી



સ્વ. ભગવાનલાલ ગિ. ભટ્ટ સ્વ મોહનલાલ મો. મહેતા



સ્વ. હીરાલાલ પારેખના પ્રયત્નોનો જેમાં મોટો હિસ્સો હતો તે, ઇ.સ. ૧૯૨૦માં અમદાવાદમાં ભરાએલા ગુજરાતી સાહિત્ય પરિષદના છઠ્ઠા અધિવેશન વખતના સ્થાનિક કારોબારી મંડળની આ છબી એ સમયનાં જૂનાં સ્મરણો, ચહેરાઓ ને પ્રવૃત્તિઓની યાદ આપે છે આગલી હારમાં બેઠેલા—ડાબી બાજુથી: બિન્દુભાઇના નામથી મિત્રોમાં જાણીતા શ્રી રામમોહનરાય જસવંતરાય (જૂના સાહિત્યમંડળ બન્ધુસમાજના મંત્રી અને સુન્દરીસુબોધ માસિકના તંત્રી); સ્વ. ડાહ્યાભાઇ પટેલ (બન્ધુસમાજના સભ્ય અને આજના 'બાલમિત્ર' માસિકના પહેલા તંત્રી); સ્વ. હીરાલાલ ત્રિ. પારેખ; ડૉ. હરિપ્રસાદ વ્રજરાય દેસાઇ. પાછળ ઊભેલા—ડાબી બાજુથી: શ્રી રવિશંકર રાવળ; શ્રી પ્રીતમરાય વ્રજરાય દેસાઇ (શહેર બહાર વસવાટ કરવા જનારી સહકારી સોસાએટીઓના આગેવાનીભર્યા ભાગને લીધે અમદાવાદના એ વિભાગને જેમના નામ પરથી પ્રીતમનગર નામ અપાયું); શ્રી મટુલાલ મો. ધ્રુવ.

ભાષાનો પ્રથમ પરિચય અને અભ્યાસ ધરાવનારા થોડાએક ગુજરાતીઓમાં તેમનાં નામ અગ્ર ભાગે રહેશે. પણ તે કરતાં, સતત ધંધાઉદ્યોગના પાને પડેલા છતાં સાહિત્ય અને જન-સેવાની પ્રવૃત્તિને હૃદયે ધારી રાખનારા વિરલ ગૃહસ્થો તે હતા. ઝંડુ ફાર્મસીને માત્ર ઔષધપ્રચારક સંસ્થા કરતાં યે આ યુગની એક પ્રધાન સંઘસંસ્થા જેવી કરવા મથતા ભગવાનલાલભાઇ મુંબાઇની કે ગુજરાતની એકેએક સંસ્થાના કાર્યમાં રસ લેતા અને છેલ્લાં થોડાં વર્ષોથી વીલેપારલેની મ્યુનિસિપાલિટી અને કેળવણી માટે આગળપડતો ભાગ લઇ જવાબદાર નાગરિક તરીકે સેવા કરતા હતા. મોહનભાઇ ઝંડુ ફાર્મસીની મુંબાઈની મુખ્ય દુકાન પરથી ફાર્મસીનું પ્રચારકાર્ય સંભાળતા હતા. કંપની તરફથી અપાતી જાહેરખબરના ખર્ચનો લાભ લેતા સાહિત્યકીય કે સાંસ્કારિક પત્રોને તેઓ પક્ષપાત રાખીને પણ આપતા. એ રીતે 'કુમાર'નો પહેલો અંક નીકળ્યો ત્યારથી આજ સુધી તે એ સંસ્થાનો આશ્રય પામ્યું છે. એમાં એ સંસ્થાના સ્તંભરૂપ મુખ્ય પુરુષોનો સત્કાર્યપ્રેમ જ કારણરૂપ છે, અને એમનાં અકાળ અવસાનથી 'કુમાર' કૃતજ્ઞતાનું ઋણ સ્વીકારતાં ખેદ ધરે છે. સ્વ. મોહનભાઇની યાદગીરી માટે ફોટોગ્રાફ મંગાવતો પત્ર ભગવાનલાલભાઇએ હજુ થોડા દિવસ પહેલાં જ લખ્યો ત્યારે ખ્યાલ પણ નહોતો કે એકીસાથે એ મિત્રદ્વયની ખેદજનક નોંધ લેવાનો સાથે જ વખત આવશે.

સરદાર પૃથ્વીસિંહ—પૂર્વના સ્વામી રાવ

● એઓ હજુ પણ આપણી વચ્ચે છે એ સમાચારે કેટલા યે સ્નેહીઓ, મિત્રો અને વ્યાયામભક્તોને આનંદથી પુલકિત કર્યા હશે. કાઠિયાવાડના ખૂણે સ્વામી રાવ નામધારી વ્યક્તિએ આવીને માયકાંગલાં હાડપિંજર નિહાળી તેમનામાં નવપ્રાણ અને શક્તિનો સંચાર કર્યો એ વખતે વિદ્વાનો અને કેળવણીકારો કેવી બેદરકારીથી એ પ્રવૃત્તિ નિહાળતા હતા? હાથમાં આવેલી વ્યક્તિ અને તકને નહિ ઓળખી શકનાર અધિકારીઓ અને સંસ્થાઓને હવે ખબર પડવી જોઇએ કે

એ પુરુષસિંહે કાઠિયાવાડમાં એક યુનિવર્સિટીનું કાર્ય સ્થાપ્યું છે અને હજુ યે તેમની કિંમત સમજ્યા હોય તેઓ એમનું કાર્ય અપનાવે.

સરદાર પૃથ્વીસિંહ દેશના ઉદ્ધાર માટે જીવનનાં કૈક જોખમો ખૂંદી વળ્યા. કુટુંબ, સ્વજન, સંપત્તિ બધાના મોહ ઘોળી પી ગયા અને સામ્રાજ્યની શક્તિને પડકાર આપતા અલોપ રહ્યા. પણ પૂજ્ય ગાંધીજીનાં તપનાં આંદોલનોએ તેમની હિંસક ભાવનાનો ઉચ્છેદ કર્યો અને ફરી રાષ્ટ્રસેવા માટે પ્રકટ થવા તેમજ પ્રામાણિકભાવે સરકારશરણ થવા પ્રેર્યા એ બધી સત્ય કથા મહાન કથાનાયકનું પદ આપે એવી છે, અને હિંદુસ્તાનને પરદેશની વાર્તાઓ કરતાં આવા વીર પુરુષોનો સમાગમ હજુ પણ સુલભ છે એ બીના ગૌરવાન્વિત કરે છે. એક વીરના સંગે સહસ્ર વીર બનશે. સરદાર પૃથ્વીસિંહ સરકારી તપાસ કે કસોટીઓમાંથી પાર પડી પુનઃ આપણી વચ્ચે ઊભા રહે એ દિન સત્વર આવે એવી ઈચ્છા ધરીએ. એમની સાથે અંગત મૈત્રી અને સહકારના પ્રસંગોનો લ્હાવ મળ્યો છે એ યાદ કરતાં આ લખનાર પણ રોમાંચ અનુભવે છે. આ છબી એ જીવનની યાદગીરી છે.

પાંગરતી કળા

કુમાર શ્રી મંગળસિંહજી

● થોડા વખત પહેલાં શ્રીમાન લાઠીનરેશે પોતાના નિવાસ માટે હિંદી વાતાવરણ સરજવા કેવો સદાગ્રહ બતાવ્યો છે તેનો ઉલ્લેખ કરતાં તેના એક કારણરૂપ તેમના પરમ પ્રીતિવાળા લઘુ બંધુ કુમારશ્રી મંગળસિંહજીની કલાભક્તિ અને અભ્યાસપરાયણતાનું મેં સૂચન કર્યું હતું આજે તેઓ કલાના વિશેષ અભ્યાસ માટે ઇંગ્લંડ ગયા છે. રાજમહેલના આરામપૂર્ણ વાતાવરણમાં તેમણે જે ઉદ્યમ અને અભ્યાસ કર્યાં છે તે સાનન્દાશ્ચર્ય ઉત્પન્ન કરે છે. તેમણે અમીરાતને પોતાના વિદ્યાવ્યાસંગમાં વચ્ચે આવવા દીધી નથી. ગુજરાત કલાસંઘની ચિત્રશાળામાં થોડો વખત રહી ગયા ત્યારે સાધારણ વિદ્યાર્થીની જોડાજોડ રહી મહેનત કરતા. તબીયતના કારણે એ સંસ્થા છોડી લાઠી ગયા. ત્યાં પણ શ્રી વિનાયક પંડયાના સાથમાં રહી મહેલનાં જે સુશોભનો કર્યાં એ જોઇ પીઢ કલાકારો પણ તેમને આશીર્વાદ આપ્યા વિના રહી શકે નહિ. પોતાની કળાનો સંપૂર્ણ વિકાસ સાધી એઓ સ્વદેશ આવશે ત્યારે કોઇ નવીન યુગ મંડાઇ ચૂકયો હશે એ આશાએ આટલી નોંધ જરૂરની છે.

ભાવનગરનું નટરાજ થીએટર

● નવી સમાજભાવનાઓ અને સંસ્કારના ઉછાળા યોગ્ય રીતે પ્રકટાવવા હોય તો પ્રજાએ પોતાની નાટયભૂમિ ઉપર જ સંસ્કાર, સ્વચ્છતા અને કલાનું વાતાવરણ જમાવવું જોઇએ. એ જ પ્રેરણાથી આગળપડતાં શહેરોમાત્રમાં છેલ્લાં પાંચેક વર્ષોમાં સીનેમાગૃહો તેમજ નાટકશાળાઓના દાઠમાઠ અ ાટા-



એક વખતના સ્વામી રાવ—સરદાર પૃથ્વીસિંહ

બંધ રૂપાંતર પામતા જાય છે. પણ મોટેભાગે તેમાં ફૅશન અથવા આગંતુક પ્રણાલીનો પ્રચાર માત્ર હોય છે; સ્વદેશનું પ્રેરક વાતાવરણ અને રંગની જમાવટ માટે હેતુપૂર્વક પ્રયત્ન થયો હોય એવાં સ્થળો થોડાં. ઘણીવાર બાંધણીની વિરૂપતા કે વિચિત્રતા હોય; તો ઘણી વાર અંદરનાં સુશોભનો કે અલંકારો પ્રજાની આંખને અપરિચિત કે અવ્યવહારૂ લાગે એવાં હોય. એમ આંતરબાહ્યનો સુમેળ ભાગ્યે જ સધાયો હોય. તેમાં અપવાદ બને એવો પ્રયાસ ભાવનગરે કર્યો છે. વિશેષમાં તેણે સ્થાનિક ઊગતા કલાકારોને યોગ્ય તક અને અવકાશ આપી તેમની કલાસમૃદ્ધિ દ્વારા એતદ્દેશીય રંગરાગ અને નૃત્યનું વાતાવરણ સરજાવ્યું છે. દેશજ પ્રતિભા અને દેશની કલાને



કલાના વિશેષ અભ્યાસ માટે ઇંગ્લંડ ગએલા લાઠીના કુમાર શ્રી મંગળસિંહજી, અને લાઠીરાજમહેલમાં તેમણે કરેલાં ભીંતચિત્રોમાંનો એક નમૂનો

ઉત્તેજન કે આશ્રય આપવાની લેશ પણ ચેષ્ટા નહિ ધરાવતાં રાજ્યો અને સંસ્થાઓ એથી બોધ લે તો ઘણા નવા અંકુરો ખીલી નીકળશે.

કાઠિયાવાડની એક ભૂમિકળા

● 'કુમાર'ના પરમ હિતેચ્છુ શ્રી પંચાણભાઇ વારાએ નીચેનું જે ફોટોસાહિત્ય હકીકતો સાથે મોકલ્યું છે તે કાઠિયાવાડમાં પાંગરી રહેલી એક ભૂમિકળાનું મનોરમ દર્શન કરાવે છે:


'સાથેના ચિત્રમાં બતાવેલી નાનીસરખી સુંદર ગહૂલી એ માટીનું એક સાદું ઝૂંપડું જ છે, અને જામનગરનાં ગામડાંની ચારણ બાઇઓએ તે બનાવેલું છે. ઝૂંપડા પર લીદ–માટીની સાદી ગાર કરેલી છે. એમાં જોઇતું શંખજીરૂં તથા અબરખ ઉમેરીને લીપણમાં લીસાપણું તથા ચમક આણ્યાં છે. પછી તેના ઉપર ઉપાડનું (ઉપસેલું) સુશોભનકામ કરી તે પર આભલાં વગેરે ચોડયાં છે. ડિઝાઇન તથા રંગો એ બાઇઓએ જ બનાવેલાં છે. જામનગરથી દસ માઇલ દૂર આવેલા જાંબુડા ગામમાં ચારણોની સારી વસ્તી છે અને ત્યાંની બાઇઓ આવા





ઉપર: ભાવનગરનું નટરાજ થીએટર; નીચે: એ થીએટરમાં ભીંતચિત્રોનું કામ કરતા શ્રી વિનાયક પંડ્યા અને માર્કંડ ભટ્ટ







ડાબી બાજુએ: ગારમાટીના ઝૂંપડા ઉપર ઉપાડનું સુંદર સુશોભનકાર્ય કરનાર વૃદ્ધ બાઈ તથા તેની મદદનીશ. ઉપર: ચિત્રકાર બાઇ તથા તેના કામનું નજીકનું દશ્ય. વચ્ચે: તેમણે તૈયાર કરેલી ગહૂલીનું દશ્ય.

ઉપાડકામ માટે વખણાય છે. જામનગરમાં ભરાએલા છેલ્લા પ્રદર્શન વખતે એ બાઇઓને તેડાવી ખાસ તૈયાર કરાવેલો મહૂલીનો નમૂનો આ સાથેના ફોટોગ્રાફોમાં બતાવ્યો છે. મને થયું કે હરિપુરામાં મહાત્માજીને માટે આવી ગહૂલી થઇ શકી હોત તો કાઠિયાવાડ આ કારીગરી માટે દેશભરમાં અમર થઇ જાત. (પં. વા)

ર. મ. રા.

પ્રસ્તાવના

જેઓ વિદ્યાર્થી અવસ્થામાં અંગ્રેજી ન શીખ્યા હોય, અને પછી પુખ્ત વયે જીવનમાંએ ભાષાના જ્ઞાનની અનિવાર્યતા સમજાતાં કોઇ 'સેલ્ફ ઇંગ્લિશ ટીચર' કે 'પાઠમાળા' દ્વારા એ શીખવાની કપરી કસોટીમાંથી પસાર થયા હોય, તેઓ એવા બધા પ્રયાસોની નિરાશાજનક વિફલતા દર્દ સહિતપિછાની શકયા હશે.

આવતી કાલની એક ભાષા
બેઝિક ઈંગ્લિશ

અંગ્રેજી ન જાણનારાઓને આશીર્વાદ રૂપ. વિસ્તૃતઅંગ્રેજી ભાષાની સહેલામાં સહેલી એ પ્રતિકૃતિનો સરળ તદબીરો આપી પરિચય કરાવતી લેખમાળા

ગુજરાતી લઘુલિપિના ઉત્પાદક
શ્રી હરિકૃષ્ણ વ્યાસ યોજિત
એવી જ ઉપયોગી બીજી લેખમાળા

અંગ્રેજી ભાષાનું વિપુલ શબ્દભંડોળ, જે એનો મોટામાં મોટો ગર્વનો વિષય છે, એણે ઘણા શિખાઉઓને હતાશ કર્યા હશે. અંગ્રેજી ભાષાનું વ્યાકરણ, જે ફ્રેંચ, જર્મન કે જાપાનીઝ જેવી ભાષાઓના વ્યાકરણની અપેક્ષાએ સરળ છે, એ વ્યાકરણની પ્રાથમિક આંટીઘુંટીઓએ પણ ઘણાનો શરૂનો તીવ્ર ઉત્સાહ હરી લીધો હશે. એ બધી મુશ્કેલીઓ અને ફરિયાદોના છેવટના નિકાલ માટે બેઝિક આજ આપણી સામે ઊભી છે. એક કાગળના ચોથિયા ઉપર છપાઇ રહે એટલા ટૂંકા શબ્દકોશવાળી, અને એ શબ્દો વાપરી જાણવા પૂરતા જ તદ્દન સાદા વ્યાકરણના નિયમોવાળી, એવી એ આવતી કાલની એક ભાષા, બેઝિકનો, અંગ્રેજી ન જાણનારા વર્ગને રસ પડે એવી રીતે આ લેખમાળા દ્વારા પરિચય આપવા લેખકનો આ પ્રયાસ છે. જોકે સામયિકનાં પાનાની મર્યાદામાં રહીને શીખનારની બધી મુશ્કેલીઓનો તોડ લાવતાં સર્વાંશ સંપૂર્ણ કોર્સ આપવું શકય ન બને, એટલે આ લેખકના તૈયાર કરેલા બેઝિકના કોરસ્પોન્ડન્સ કોર્સમાંનો મહત્ત્વનો ભાગ જ અહીં અપાશે. તેથી વાચનાર પાસેથી પણ પૂર્તિ રૂપ થોડા કામની લેખક આશા રાખે છે. એટલું થતાં આ લેખમાળા જાતે શીખવનાર કોર્સનું કામ જોકે ન સારી શકે તો પણ બેઝિક શીખવા ઇચ્છનારે કયા ક્રમમાં અભ્યાસ કરવો તેનું માર્ગદર્શન તો અચૂક કરી શકશે જ.

માણસોનાં કે રેલવે સ્ટેશનોનાં નામ અને તદ્દન સાદા શબ્દો વાંચવા પૂરતી ઓછામાં ઓછી પ્રાથમિક તૈયારી આ લેખ વાંચનાર જિજ્ઞાસુમાં લેખકે આ લેખની ભૂમિકા તરીકે જ કલ્પી લીધેલ છે. એ ન હોય તો બીજી રીતે એટલી આવડત મેળવી લેવી.

[૧] બેઝિક શબ્દો

શરૂઆત

બેઝિક શીખવું શરૂ કર્યા પહેલાં પ્રથમ તો શીખનારે એક પૂર્વગ્રહમાંથી મુક્તિ મેળવવાની જરૂર છે: અને તે વ્યાકરણના. કોઇ પણ પરભાષાનો અભ્યાસ આપણે સામાન્ય રીતે વ્યાકરણથી શરૂ કરીએ છીએ. પણ બેઝિકના શબ્દકોશમાં 'વ્યાકરણ'નો પર્યાય એના શોધકે રાખ્યો નથી. તે વ્યાકરણની ભાવનાને આપણી સાગે નવા રૂપમાં રજૂ કરે છે. તે કહે છે કે બેઝિકના ૮૫૦માંના દરેક શબ્દને કેટલીક સામાન્ય અને કેટલીક વ્યક્તિગત ખાસીઅત છે, જેને તે 'ટ્રિક'નું અર્થસૂચક નામ આપે છે. એટલે આપણે બધા બેઝિક શબ્દોની 'ટ્રિકસ' એક પછી એક સમજી લઇએ એટલે બસ.

આથી આપણે પણ કરવાનું એટલું જ રહે છે કે પ્રથમ બેઝિકના શબ્દો જોઇ જવા, અને પછી

માત્ર ભાષાની જ આડખીલીને અંગે જગતના ઉદ્દામ સાહિત્યનો

તેઓની સામાન્ય અને વ્યક્તિગત ખાસીઅતોનો અભ્યાસ કરવો. જો કે તેમ કરતી વખતે આપણે ગુજરાતી ભાષામાં વાત કરતા હઈશું—ઑગ્ડેનની માફક બેઝિકમાં નહિ–એટલે આપણા વ્યાકરણના સાદા શબ્દો જ્યાં વધારે સ્પષ્ટતા લાવી શકે તેમ હશે તે વાપરવામાં આપણને સૂગ નહિ હોય.

બેઝિકના ૮૫૦ શબ્દોમાં નીચે મુજબ પસંદ કરાએલા છે:

(ક) ૨૦૦ નામ: ચિત્ર આપી શકાય એવા સ્થૂળ પદાર્થોનાં.
(ખ) ૪૦૦ નામ: જુદાજુદા ભાવ, સ્થિતિ, ક્રિયા કે સંબંધ દર્શાવનારાં.
(ગ) ૧૫૦ વિશેષણો.
(ઘ) ૧૦૦ ભાષાના હાડપિંજરરૂપ શબ્દો: જેમાં ક્રિયાપદો, ક્રિયાવિશેષણો, સર્વનામો, અવ્યયો વગેરે અનેક સમાઈ જાય છે.

૮૫૦ કુલ

ઉપર મુજબના બધા શબ્દો સાથેના પરિશિષ્ટમાં આપ્યા છે. તેમાં (ક) અને (ખ) ને છૂટા પાડી બતાવ્યા નથી. કેમકે શીખનારને પરસ્પરસંબંધ ધરાવતા શબ્દો એકબીજાના અનુસંધાને શીખવા સહેલા પડે એવી રીતે ૧ થી ૩૬ વર્ગોની નવીન રચના અહીં કરેલી હોવાથી એ જૂની યોજના બિનઉપયોગી બની જાય છે. દરેક વર્ગમાં આવતા શબ્દો એકબીજાની સાથે કાંઇક નજીકનો સંબંધ ધરાવે છે તે વાચક નીચેની વર્ગણી ઉપરથી જોઇ શકશે:

(૧) શરીર, (૨) સુખદુઃખની લાગણી, (૩ ૪) પશુપક્ષી અને વનસ્પતિ, (૫) ખાવાના પદાર્થો, (૬ ૮) પોષાક, ઘરગથ્થુ વસ્તુઓ અને ઑફિસનો સરંજામ, (૯) ઓજારો, (૧૦-૧૫) જુદા જુદા વર્ગવાર પદાર્થો, (૧૬) મકાનના ભાગ, (૧૭) આકારો, (૧૮) વસ્તુઓના ભાગના નામ, (૧૯) પદાર્થની સ્થિતિ, (૨૦) સમયસૂચક શબ્દો, (૨૧-૨૨) મુસાફરી અને સ્થળસૂચક નામો, (૨૩-૨૫) જ્ઞાન, વાચન, અને કલા, (૨૬) કુટુંબ, (૨૭) ધંધાદારી માણસો, (૨૮) સમાજવ્યવસ્થા, (૨૯) રાજ્યવ્યવસ્થા, (૩૦) વેપાર, વાણિજ્ય, (૩૧) વાતચીત, (૩૨) કોઇપણ શબ્દને વિશાળ અર્થમાં લેતાં તે આ ગ્રુપમાંના એકાદ શબ્દના પેટામાં આવી જાય છે, એટલે અર્થવ્યાપકતા દર્શાવવા આ શબ્દો ઉપયોગી થઇ પડે છે, (૩૩) કોઇ પણ વસ્તુ, સ્થળ કે માણસ વિષે આપણે કાંઇ વિગતો જાણવા માગીએ ત્યારે તે વિગતો આ ગ્રુપના શબ્દોમાંના કોઇ ને કોઈના પેટામાં આવે છે, (૩૪) લાગણીઓ, વિચારો, ભાવ વગેરે, (૩૫) સાદી ક્રિયાઓનાં નામો, આ શબ્દો ક્રિયાપદો જેવા લાગે છે; પણ તે નામ તરીકે વપરાય છે, ક્રિયાપદ તરીકે નહિ, (૩૬) એવી જ વધુ ક્રિયાઓનાં નામો.

એ પછી ૩૭–૩૯ એ ત્રણ ગ્રુપમાં (ગ) અને (ઘ) બન્ને સમાઇ જાય છે. એટલે ૩૯મા ગ્રુપ સાથે બેઝિકનો શબ્દકોશ પૂરો થાય છે.

પરિચિત શબ્દો

હવે આપણે ઉપરના બધા શબ્દો ઓછામાં ઓછી મહેનતે શીખવાની થોડી તદબીરોનો અભ્યાસ કરીએ. પ્રથમ તો અંગ્રેજી ભાષાના બે હજાર જેટલા શબ્દો આપણી ભાષામાં ઘરગથ્થુ જેવા બની ગયા છે, અને એમાંના કેટલાક બેઝિક લિસ્ટમાં પણ છે. એ શબ્દો રોજિંદી જાહેરખબરો, સીનેમા, યંત્રો, રાજ્યવ્યવસ્થા, આંતરરાષ્ટ્રીય રાજકારણ, ધંધા રોજગાર વગેરે અનેક રસ્તે આપણને પરિચિત થઇ ગયા છે. જેમકે 'ટુથ પેષ્ટ', 'પેન્ ફીલર', 'સાયકલના ટાયરમાંથી એર લીક થવી' આવા શબ્દો આપણા જીવનમાં બહુ ઊંડા ઊતરી ગયા છે. આથી આવા સહેજે શીખી લેવાય એવા શબ્દોને જુદા તારવી દીધા હોય તો આડે આવતા મટે, એમ ધારીને પરિશિષ્ટમાં આવા બધા પરિચિત કે અર્ધપરિચિત શબ્દોને પહેલા કોલમમાં ગોઠવ્યા છે. એ બધાને એમ હારબંધ બેઝિકમાં ગોઠવાએલા જોતાં પોતાના ગામના માણસને સીંગાપોર કે ન્યૂયોર્કમાં રસ્તે ચાલતાં મળીએ અને જે લાગણી થાય એવી કાંઇક લાગણી પ્રથમ જ અંગ્રેજી શીખનારને થશે. શીખનારે એ બધા પહેલા જ શીખી લેવા, એટલે અર્ધું કામ પતી જાય.

આ શબ્દો શીખતાં નવા શીખનારે તેના ઉચ્ચારો માટે ખાસ કાળજી રાખવી. બની શકે તો કોઇ અંગ્રેજી જાણનાર મિત્રની સામે એ બધા વાંચી જવા. અને જ્યાં જ્યાં વાંચવામાં ભૂલ થાય ત્યાં જેટલા ભાગ પૂરતી ભૂલ થઇ હોય ત્યાં નીચે નાની લીટી દોરવી. અને એ પછી એ શબ્દોના અર્થ પોતે બોલી જવા અને તે મિત્રને તે ચેક કરવા કહેવું. ઉચ્ચાર અને અર્થમાં મળીને ૨૦–૨૫ ભૂલ ભાગ્યે જ થશે. એથી વધુ ભૂલ થાય તો સમજવું કે કાં તો શીખનારની

સંપર્ક ન સાધી શકનારાઓનો એ અંધકાર બેઝિક દૂર કરશે

ઉમર કે ભેજું એમાંથી એકાદ વસ્તુ કાચી છે, અને તેથી જીવનના વિશાળ અનુભવની તેને જરૂર છે. જો કે બેઝિક પૂરતી એટલેથી તેણે હિંમત હારવાની નથી.

આ પ્રમાણે ઉચ્ચાર અને અર્થ કરતી વખતે શરૂઆતમાં એક ભૂલ ઘણા કરશે, અને તે ક્ષન્તવ્ય ગણી શકાય. ઘણા ખરા અંગ્રેજી શબ્દો આપણી આમ જનતાને તેના સંકુચિત અર્થમાં પરિચિત થઇ ગયા છે. જેમકે Smoke શબ્દથી અંગ્રેજી ન જાણનારને બીડી પીવાનો જ ખ્યાલ આવશે. અથવા તો Glass શબ્દ શરબતના પ્યાલાની જ પ્રતિમા ખડી કરશે. પણ એમાંથી 'ધુમાડો' અને 'કાચ' એ સાચા અર્થ સમજવા કલ્પનાને બહુ લાંબી નહિ લંબાવવી પડે. અને એથી ઊલટું, કેટલાક શબ્દ તેના વ્યાપક અર્થમાં પરિચિત થઇ ગયા હોય છે, જેમકે 'તમારી દલીલને હું Support કરીશ' એમાં 'આધાર'ના સૂક્ષ્મ ભાવે વપરાતો શબ્દ મૂળ તો વસ્તુઓ ટેકાવવાના સ્થૂળ આધારનો સૂચક છે, એ પણ શીખનારે સાથેસાથ સમજતા જવું પડશે.

આ ઉપરાંત કેટલાક શબ્દો એવા પણ નીકળશે જેને પરિચિતના લિસ્ટમાં મૂકેલા હોવા છતાં અમુક સાહચર્ય યાદ આપવાથી જ શીખાઉને આવડી શકે. જેમકે Jewel કદાચ સીધી રીતે ન આવડે તો 'ઘડીઆળનું' એટલું યાદ આપવાથી તે તુરત તેનો એકાદ સંકુચિત અર્થ પણ આપશે જ. અથવા તો Stamp શબ્દથી 'ઇસ્ટાંપનો કાગળ' નજર સામે આવી ઊભો હોય તો તેની છાપને દાબી દેવા એકાદ 'રબ્બર સ્ટૅંપ'ની જરૂર પડશે.

આ બધું કેટલી સફળતાથી થાય છે તેનો આધાર સામે બેઠેલા અંગ્રેજી જાણનાર મિત્રની સમયસૂચકતા અને ચતુરાઇ ઉપર છે. પણ અંગ્રેજી ન જાણનાર મિત્રો ઉપર કરેલા પ્રયોગો પછી જ લેખકે એ લિસ્ટ તૈયાર કર્યું છે. અને એ શબ્દો સંપૂર્ણ પરિચિત થઇ ગયા પછી પાંચદસ વાર એ આખું લિસ્ટ લખવાથી તે કલમમાં પણ ઊતરી જશે. અને હવે પછી ઉદાહરણો વગેરેમાં આ પરિચિત શબ્દોનો જ વધુ ઉપયોગ થયો હશે, તેથી આ આખી લેખમાળા શીખનાર ઓછી તકલિફે વાંચી શકશે.

નવા શબ્દોના ઉચ્ચાર

કોઇ પણ નવીન અંગ્રેજી શબ્દ શીખતી વખતે તેની જોડણી, ઉચ્ચાર, અને અર્થ બધું એક સાથે જ શીખાય. તેમાં જોડણી અને ઉચ્ચાર તો એકબીજા સાથે સંકળાએલાં છે. પણ ઉચ્ચાર અને અર્થ શીખતાં માનસિક ક્રિયા જુદી જુદી કરવાની હોવાથી આપણે પણ એ બન્નેની ચર્ચા જુદી જુદી કરીશું. (તેમાં પણ તુરત યાદ રહી શકે એવો ભાગ ઉચ્ચાર હોવાથી પહેલાં તેને હાથ પર લઇએ.)

પહેલ વહેલા અંગ્રેજી શીખનારને નવા શબ્દોના ઉચ્ચાર કરવામાં સહેજ મુશ્કેલી પડે છે, કેમકે અંગ્રેજી ભાષાની જોડણી તદ્દન મનસ્વી છે. પણ અંગ્રેજી સાથે થોડો પરિચય થઇ ગયા પછી અર્થ ન આવડતો હોય છતાં પણ શબ્દ વાંચવાની ફાવટ આવી જવી જોઇએ. જેમકે અંગ્રેજી ભણેલા કોઇ માણસ આગળ Antedisestablishmentarianism એ શબ્દ મૂકીશું, તો કદાચ તે તેનો અર્થ નહિ કરી શકે, છતાં વિના થડકે વાંચી તો જશે જ. આથી આ લેખ વાંચનારે પણ જો પરિચિત શબ્દો ઉપર પૂરેપૂરૂં લક્ષ આપી તેના ઉચ્ચાર તથા જોડણીને પરસ્પર સરખાવીને શીખી લીધાં હશે, તો તેને આ નવા શબ્દો વાંચવામાં જરાય મુશ્કેલી નહિ પડે. કેમકે આ નવા શબ્દોમાં આવનારી જોડણીની બધી વિવિધતાનો તેને અગાઉના શબ્દો મારફત પરિચય થઇ ગયો હશે. જેમકે આ નીચે થોડા પરિચિત શબ્દો આપ્યા છે, અને તેની સામે તેને મળતા કોઇ ને કોઇ ઉચ્ચારવાળા નવા શબ્દો આપ્યા છે, એવી રીતે બીજાં જરૂરી સાહચર્ય શીખનાર આપોઆપ સાધી શકશે:

	પરિચિત શબ્દ	નવા શબ્દ
(a)	Law, war,	Fall.
(ai)	Brain, train,	Grain.
(au)	Daughter,	Cause.
(ea)	Leather,	Feather, weather, breath, pleasure, thread, bread.
(oa)	Coat, boat,	Throat.
(o)	Cotton, word,	Worm.
(ou)	Cough, trouble, Colour,	Harbour, Journey.

(ou)	Gr*ou*p,	W*ou*nd.
(ou)	H*ou*se, S*ou*nd, m*ou*th,	Cl*ou*d, am*ou*nt, pl*ou*gh.
(oi)	P*oi*nt, p*oi*son,	V*oi*ce, n*oi*se.
(ight)	L*ight*,	Fl*ight*.
(K . . .)	*K*nowledge,	*K*nee, *k*not.
(...dge)	Bri*dge*, ju*dge*, E*dge*	

આવી રીતે એકાદ બે વખત એ નવા શબ્દો કોઇ જાણકાર પાસે વાંચી જવાથી તેના ઉચ્ચાર યાદ રહી જશે. ખ્યાલ રહે કે ઉચ્ચાર લખવાની જરૂર જ નથી. શબ્દ જોતાં ઉચ્ચાર સાથે જ સ્ફુરવો જોઇએ. તેમ છતાં કોઈ શબ્દના ઉચ્ચારમાં કોઇ ભાગ તુરત યાદ ન રહે એમ લાગતું હોય, તો **એટલા ભાગ પૂરતી જ** એક નાની લીટી નીચે દોરવાથી તે યાદદાસ્તને મદદ કરશે.

નવા શબ્દોના અર્થ

એ બધા શબ્દોના અર્થ પણ એમ ને એમ મોઢે જ શીખી શકાશે. દરેક ગ્રુપમાં એકબીજાના સંબંધે યાદ રહી શકે એવા શબ્દો હોવાથી જેમ વધુ અને વધુ શબ્દો 'પરિચિત' શબ્દોના લિસ્ટમાં ભળતા જશે તેમ તેમ જાણે માનસશાસ્ત્રીય ગુરુત્વાકર્ષણ થતું હોય તેમ બાકી ઓછા અને ઓછા થતા જતા શબ્દો તુરત આવડતા જશે. કોઇ ગ્રુપ મોટું હોય અને એક સામટા બધા કઢંગા શબ્દો આવતા હોય (જેમકે ગ્રુપ ૩૫મું) તો એ શબ્દોના અર્થ કાગળ પર લખવાની જરૂર પડશે. પણ એવા સંજોગોમાં ગ્રુપના નંબરવાર જુદા કાગળ પર માત્ર એ અર્થોનું જ એક જુદું સમાંતર લિસ્ટ કરવાથી કામ સરી રહેશે. આમ કરતાં દસેક દિવસમાં તો એ બધા શબ્દો આવડી જશે જ.

ટૂંકમાં ગમે તેમ કરીને પણ શીખનાર એ શબ્દોથી પરિચિત થઇ જાય એ પહેલી જરૂર છે. બેઝિકનો શોધક તો એક સ્થળે લખે છે કે યુરોપના કોઇ વિદ્વાનને તે ૨૪ કલાકમાં બેઝિક શીખી ન લે તો તેને બંદુકથી ઠાર મારવામાં આવશે એવી આકરી ફરજ પડી હોય તો તે એક જ દિવસમાં બેઝિક જરૂર શીખી શકે. એને બદલે હું તો તમને એક માસનો સમય આપું છું. એ પછી આવતા અંકમાં વળી આગળ વિચાર કરીશું.

પરિશિષ્ટ

(૧) બેઝિક શબ્દો

	પરિચિત શબ્દો	નવા શીખવાના શબ્દો
1	Brain, nerve, head, face, hand, skin, bone, cough, . . . body, hair, foot, lip, tooth, heart, muscle, chest, blood, toe, mouth, stomach.	Arm, finger, thumb, nail, eye, breath, voice, wound, . . . neck, leg, knee, chin, ear, nose, tongue, throat, birth, death.
2	Pain, chance . . . disease.	Comfort, rest, laugh, cry, humour, . . . sleep, amusement, pleasure.
3	. . . horse, dog, cow, cat, monkey, rat, snake, horn, wing.	Fish, worm, feather, . . . goat, sheep, pig, fowl, ant, bee, fly, tail, egg, bird, insect.
4	Flower, branch . . . fruit, grass, potato, orange.	Root, seed, . . . tree, leaf, stem, apple, berry, nut.
5	Butter, sugar, milk, salt, cake, poison . . . wine, cheese, meat, rice.	. . . bread, soup, meal.
6	Coat, hat, button, pocket, shoe, watch, chain, ring, jewel, hook . . . shirt, collar, boot, stick, stocking, umbrella.	Glove, comb, whip, band, . . . sock, trousars.

7 Box, plate, bottle, bed, net, . . . bag, tray, ball, cup, kettle.	Cushion, curtain, fork, pot, lock, key, thread, cord, . . . spoon, bucket, basin.
8 Pen, pencil, ink, letter, paper, pin, record, copy, stamp, paste, card, frame, brush, paint, picture, . . . table, bell, basket.	Map, . . . drawer.
9 Pump, screw, wire, wheel, knife, whistle . . . camera, spring, engine, clock, scissors, bulb, blade.	Pough, hammer, . . . spade, needle, rod.
10 Glass, soap, oil, chalk, coal, air, stone, . . . leather, sand, wood.	Cork, wax, sponge, waste, . . .
11 . . . canvas, cotton, silk, wool.	. . . linen.
12 Silver, copper, steel, tin, . . . gold, brass.	Iron, . . .
13 Water, ice, steam, . . . current.	Wave, . . .
14 Fire, heat. light, smoke, shade, damage . . . danger.	Ray, burn, . . . flame.
15 Star, sun, rain, . . .	Cloud, snow, weather, thunder . . . sky, moon, wind, mist.
16 House, roof, floor, wall, pipe, rail, seat, board, polish . . . room, window, door.	Support, arch, brick, step, drain, . . . shelf, oven.
17 Line, circle, slope, point, . . . hole.	Square, curve, fold, plane, knot, . . . angle.
18 Side, top, cover, . . . middle.	Front, back, end, edge, base, . . .
19 Powder . . .	Drop, dust, . . . grain, bit, jelly, liquid.
20 . . . minute, hour, day, night, morning, summer, winter.	. . . week, month, year.
21 Train, ticket, . . . carriage, brake, boat,	Journey, cart, ship, sail, . . .
22 (a) Bridge, garden, . . . country, road, town, street. (b) station, school, stage, . . . office, hospital, church.	Land, farm, harbour, mine ; range, stretch, skirt, space . . . earth, mountain, river, sea, island, field, way, distance.
23 Experience, word, . . . education, language, news.	Question, answer, . . . example, invention, discovery, fact, fiction.
24 Book, print, . . . library.	Page, . . .
25 Design, . . . art, music, story.	. . . harmony, rhythm, prose, verse, song.
56 . . . father, mother, brother, sister, son, daughter, baby, boy, friend, family, man.	. . . woman, girl, self.
27 Judge, . . . manager, secretary, servant, expert, port, representative.	Cook, guide, . . . owner.
28 Group, order, rule, . . . committee, company, meeting, society, system, authority,	Unit, . . . religion.
29 Tax, prison, . . . government, war, gun, fight, law, nation, flag, peace.	Attack, . . . army, blow, flight, crime, punishment.

30	(a) Trade, credit, list, value, exchange, note, price, rate, profit, offer, transport, receipt, market, store, sign, mark, trouble, change, . . . debt, advertisement, competition, business, loss, property, insurance, parcel, payment, error, writing, money, industry.	Reward, detail, sort, produce, help, . . .
	(b) control, balance, . . . agreement.	Increase, . . . addition, distribution, division.
31	Request, protest, . . . statement, argument, discussion.	Smile, respect, . . . approval, noise.
32	Time, number, condition, part, machine, dress, cloth, . . . quality, instrument, metal, building, science, knowledge.	Ornament, plant, act, place, motion, . . . thing, vessel, material, substance, apparatus, organisation, animal, structure, process, feeling, operation, direction, position, tendency, person, fool, event, thought.
33	Name, colour, taste, weight, limit, level, measure, sound, face, . . . size, power.	Form, cause, effect, mass, scale, . . . amount, degree, sex.
34	(a) Shame, hope, love, doubt, . . . attraction.	Disgust, fear, hate, regret, surprise, interest, desire, need, care, . . . impulse, behaviour.
	(b) . . . attention, idea, opinion, theory.	Attempt, purpose, . . . decision, comparison, observation, selection.
	(c) . . . memory.	Reason, sense, . . . mind.
35	Start, touch, jump, wash, stop, view, shock, walk, work, play, talk, bath, lift, kiss, test, . . . drink, shake.	Crash, crush, push, pull, roll, smash, rub, lead, slip, grip, kick, turn, twist, move, sneeze, stitch, look, use, join, . . . burst, bite, fall, run, swim.
36	(a) . . . connection, digestion.	. . . adjustment, development, expansion, destruction, reaction, existence, growth.
	(b) . . . driving, teaching, reading.	. . . learning, hearing.

(ગ) ૧૫૦ વિશેષણો

37	(a) Blue, new, ready.	Like, round, straight, bent, sweet-bitter, warm-cold, kind-cruel, living-dead, cheap-dear, same-different, wet-dry, true-false, strong-feeble, wise-foolish, past-future, red-green, early-late, quiet-loud, high-low, wide-narrow, smooth-rough, happy-sad, long-short, open-shut, complex, simplex, quick-slow, great-small, hard-soft, hollow-solid, general-special, normal-strange, thick-thin.
	(b) Good-bad, first-last, right-left, tight-loose, young-old, private-public, black-white, clean-dirty, male-female, bright-dark, separate-mixed.	
38	Automatic, beautiful, complete, electric, equal, free, married, military, mixed, political, regular, safe, smooth, sweet.	Able, bent, broken, certain, chemical, clean, clear, common, complex, conscious, cut, elastic, fertile, fixed, frequent, happy, healthy, import-

ant, kind, like, medical, natural, necessary, normal, parallel, physical, probable, quiet, responsible, tired, true, wise.

39 **(ઘ) ૧૦૦ ખાસ જરૂરના શબ્દો** (આ ગ્રુપમાં પરિચિત શબ્દો નથી)

(a) come-go, put-take, give-get, see-seem, say, send, keep, make, let, . . . be, do, have, . . . may, will.

(b) I, he, you, who, . . . all, any, every, no, other, some, such,... that, this,... a, the.

(c) About, across, after, against, among, at, before, between, by, down, from, in, off, on, over, through, to, under, up, with, . . . as, for, of, till.

(d) How, when, where, why, . . . to-morrow, yesterday, . . . north, east, west, south, . . . please, yes.

(e) Again, ever, far, forward, here, near, now, out, still, then, there, to-gether, well.

(f) Almost, enough, even, little, much, not, only, quite, so, very.

(g) And, because, but, or, if, though, while.

આત્મવેદિની શ્રીમતી

ભગવાન બુદ્ધ શ્રાવક સંઘ સહિત રાજગૃહમાં વેણુવને કલન્દક નિવાપે વિહરતા હતા. રાજગૃહ નગરમાં પ્રજાવત્સલ રાજા બિમ્બિસાર રાજ્ય કરતો હતો. એના સમૃદ્ધ રાજ્યમાં કલહમાત્ર શમી ગયા હતા, તસ્કર તથા રોગને દેશવટો મળ્યો હતો, ચોખા ને શેરડી પુષ્કળ પાકતાં અને ગાયભેંસની સંપત્તિ સારી હતી.

વસંત ઋતુમાં તરુવર ફૂલ્યાંફાલ્યાં હતાં ને વનખંડને હંસ, ક્રૌંચ, મોર, શુક-સારિકા, કોયલ, તથા જીવંજીવકે ગજવી મૂક્યું હતું ત્યારે એક દિવસે રાજા બિમ્બિસાર દેવીસહિત ઉદ્યાનભૂમિમાં ફરતો હતો એ તક સાધીને અંતઃપુરિકાઓએ રાજાને વિનવ્યો: 'દેવ, અમારાથી દિવસેદિવસે ભગવાન આગળ પહોંચાતું નથી, એટલે આ અંતઃપુરમાં તથાગતના કેશનખસ્તૂપની દેવ પ્રતિષ્ઠા કરે તો સારું, જ્યાં અમે પુષ્પ, ધૂપ, માલ્ય, વિલેપન, છત્ર, ધ્વજા-પતાકાથી વારંવાર પૂજા કરી શકીએ.'

રાજા બિમ્બિસારે ભગવાનને વિજ્ઞપ્તિ કરી કે 'અમને કેશનખ આપો,જેથી અમે અંતઃપુરના મધ્યમાં તથાગતસ્તૂપની પ્રતિષ્ઠા કરીએ.' એટલે ભગવાને કેશનખ આપ્યા. રાજા બિમ્બિસારે ભારે ધામધૂમસહિત અંતઃપુરમાં તથાગતના કેશનખસ્તૂપની સ્થાપના કરી, ત્યાં અંતઃપુરિકા દીપ, ધૂપ, ગન્ધ, માલ્ય, વિલેપનાદિથી અર્ચન કરતી.

પરંતુ દેવદત્તે કુમાર અજાતશત્રુ તથા રાજા બિમ્બિસાર વચ્ચે ભેદ પડાવ્યો અને અજાતશત્રુએ પોતાના ધાર્મિક પિતાનો જીવ લીધો તથા પોતે સિંહાસને બેઠો ત્યારે તેણે આજ્ઞા કરી કે કોઇએ તથાગતસ્તૂપની સેવા કરવી નહિ. હવે પૂનમ અમાવાસ્યાની પાખી, પ્રવારણાના દિવસ જાય છે પણ એ કેશનખસ્તૂપ આગળ કોઇ વાળતું નથી કે ધૂપ-દીપ-પુષ્પદાન કરતું નથી.

એટલે અંતઃપુરની દાસીઓ અપૂજ્ય કેશનખસ્તૂપ જોઇને ને રાજા બિમ્બિસારને સંભારીને કરુણકરુણ રોવા માંડીઃ 'હાય, કષ્ટ. ધર્મરાજના વિયોગને લીધે આપણે પુણ્ય નથી કરી શકતી.'

ત્યાં શ્રીમતી નામે એક અંતઃપુરિકા હતી, એણે પોતાનો જીવ દવલો કરી, બુદ્ધગુણ સંભારી, કેશનખસ્તૂપ આગળથી વાસીદું કાઢ્યું તથા દીપમાળા કરી.

અજાતશત્રુએ પ્રાસાદની અગાસી ઉપરથી ઉદાર પ્રકાશ જોઇને પૂછ્યું, 'આ શું?' કોઇએ કહ્યું, 'શ્રીમતીએ કેશનખસ્તૂપે દીપમાળા કરી છે.'

એટલે અજાતશત્રુએ શ્રીમતીને બોલાવીને કહ્યું, 'કેમ તું રાજાનો અતિક્રમ કરે છે?' શ્રીમતી બોલી, 'મેં તારા શાસનનો ભંગ કર્યો ખરો પણ મારા અંતઃકરણનું શાસન મેં નથી તોડ્યું.' આથી કોપાયમાન થઇને અજાતશત્રુએ ચક્ર ફેંક્યું, ને શ્રીમતીના પ્રાણ લીધા.

(અવદાનશતક ૫૪ ઉપરથી) દેસાઈ વાલજી ગોવિંદજી

સંસ્કૃત વિદ્યાની એક નવી સંસ્થા

વાઈ જવાનો મારો વિચાર કેટલાં યે વરસથી હતો. મહારાષ્ટ્રમાં સંસ્કૃતની તે એક પ્રખ્યાત વિદ્યાપીઠ છે એટલા માટે નહિ; વાઈમાં કુસ્તીબાજ બ્રાહ્મણ મલ્લ ઘણા છે એટલા માટે પણ નહિ; કૃષ્ણા નદીના પવિત્ર જળમાં ન્હાઇને મન અને શરીરને શાંત કરવા માટે પણ નહિ; પણ ઘણાં વરસ ઉપર મેં સાંભળેલું કે અહીં નારાયણશાસ્ત્રી મરાઠે નામના એક વિદ્વાન તપસ્વી માધુકરી માગીને અહર્નિશ અધ્યાપનનું કામ કરે છે. ધર્મનિષ્ઠ બ્રાહ્મણ એ તો જીવતું–જાગતું, ચાલતું–ફરતું તીર્થ છે. એમની સાથે વાર્તાલાપ કરવાથી બુદ્ધિની અને આત્માની શક્તિ ખીલે. એમના ઉપદેશના પ્રવાહમાં અવગાહન કરવાથી મન તો શું, આત્મા પણ શાંત થાય.

જ્યારે એમનાં દર્શન કરવાનો મેં પહેલો વિચાર કર્યો ત્યારે પ્રાજ્ઞપાઠશાળા ત્યાં સ્થપાઈ ન હતી. નારાયણ શાસ્ત્રી એકલા જ ત્યાં ભણાવતા. પોતાના ગુરુના ગુરુ तपःस्वाध्यायनिरत પ્રજ્ઞાનંદ સ્વામીના સ્થાનને પ્રાજ્ઞમઠ નામ આપી તેઓ ત્યાં જ રહેતા, અને ગુરુ સ્વામીની પરંપરા જાળવીને જે આવે તેને વ્યાકરણથી લઈને વેદાંત સુધી બધી સંસ્કૃત વિદ્યા ભણાવતા. આવું ત્રિવિધ સાત્વિક તપ ભલેને દુનિયાના એક ખૂણામાં કરેલું હોય તોપણ એનો પડઘો દૂર સુધી જાય જ.

નારાયણશાસ્ત્રી પોતે બ્રહ્મચર્યનું પાલન કરે છે. એમની શરીરયષ્ટિ કદાવર અને સશક્ત છે. રોજ નિયમિત મહેનત કરવામાં કોઇ દિવસ તે આળસ કરતા નથી. એમની મુખમુદ્રા અત્યંત શાંત છે. એમનું શરીર જોતાં એમણે મલ્લવિદ્યાનો કાંઇપણ અભ્યાસ કર્યો હશે એવો આભાસ પણ ન આવે. તેઓ જેટલા વિદ્વાન છે તેટલા જ નિરહંકારી છે, જેટલા તપસ્વી છે તેટલા જ નિરાગ્રહી છે, જેટલા દેશાભિમાની છે તેટલા જ ધર્માભિમાની છે, જેટલા સાદા છે તેટલા જ ગંભીર છે. એમનાં દર્શન કરવાનો મારો ઘણા દિવસથી વિચાર હતો, પણ અત્યાર સુધી એવો સંજોગ મને મળ્યો જ ન હતો. તે દરમિયાન કેટલાક પ્રૌઢ વિદ્યાર્થીઓએ નારાયણશાસ્ત્રીની કીર્તિ સાંભળી અને પોતાના આધુનિક વિચારો પ્રમાણે તેમની પાસેથી સંસ્કૃત વિદ્યા શીખી પોતાના વિચારો પ્રમાણે તેનો દેશના હિતને અર્થે ઉપયોગ કરવો એવો નિશ્ચય કર્યો. તેઓએ પોતાના ઉત્સાહથી અને ભક્તિથી ગુરુવર્યનું મન હરણ કીધું અને ગુરુજીની આસપાસ એક સંસ્થા ઊભી કરવાની પરવાનગી માગી લીધી.

વાઈમાં આવી સંસ્થા ઊભી કરવી એ વાત આર્થિક દૃષ્ટિથી બહુ મુશ્કેલ નથી. ગુરુ માધુકરી માગીને ખાય, શિષ્યો પણ તેમ જ કરે. ગુરુને બધી વિદ્યા મુખોદ્ગત રહે, શિષ્યો પણ ગુરુ પાસેથી મળેલા પાઠો બરાબર કંઠસ્થ કરીને જ આગળ જાય. રહેવાની સગવડ તો વાઈ જવા ક્ષેત્રમાં ગમે ત્યાં થઈ શકે. એટલે વિદ્યાર્થીઓનો સંકલ્પ એ જ પાઠશાળાની સ્થાપના. ગુરુજી તો સાક્ષીરુપ રહીને પોતાની અમીદૃષ્ટિથી સંસ્થાને પોષે છે. બધી પ્રવૃત્તિ પ્રૌઢ વિદ્યાર્થીઓ જ કરે છે. ધીમેધીમે એક માણસની ઉદારતાથી વિદ્યાર્થીઓને રહેવા માટે એક મોટું મકાન મળી ગયું. વિદ્યાર્થીઓની સંખ્યા વધી અને બધાને બે ટંક જેટલી માધુકરી મળવી મુશ્કેલ પડી ત્યારે સાંજને માટે બધા વિદ્યાર્થીઓને શાકદાળ પાઠશાળા તરફથી મળી શકે એવી ગોઠવણ કરવામાં આવી. ધીમેધીમે પુસ્તકાલય વધતું ગયું અને આજ એમની પાસે જે ચોપડીઓ છે તે બધી વ્યવસ્થિત રીતે ગોઠવવા જેટલું સ્થાન અથવા સાધન એમની પાસે નથી. અમે જે દિવસે વાઇ ગયા તે જ દિવસે ત્યાંના સરદાર 'રાસ્તે'એ પોતાનું એક મોટું મકાન પાઠશાળાને આપ્યું. અને વળી મકાનને પાઠશાળાને અનુકૂળ કરવા જે ફેરફાર કરવા પડે તે તથા આવા મોટા મકાનની મરામત કરવા માટે દર વર્ષે જે ખર્ચ થાય તે બધો ખર્ચ આપવાનું પણ સ્વીકાર્યું.

પાઠશાળાનો અભ્યાસક્રમ પણ નવીન રીતે ગોઠવવામાં આવ્યો છે. પાઠશાળામાં તૈયાર થતા વિદ્યાર્થીઓનું શિક્ષણ એકાંગી ન થાય, દેશની આજની સ્થિતિ વિદ્યાર્થીઓ જાણતા થાય, એટલા માટે ઇતિહાસ, ભૂગોળ, ગણિત વગેરે બધા વિષયોનો અભ્યાસક્રમમાં સમાવેશ કરેલો છે. કેટલાક સંસ્કૃત શાસ્ત્રીઓ પોતાના વિચારો સ્વભાષામાં શુદ્ધ અને સરળ રીતે મૂકી શકતા નથી એવો અનુભવ હોવાથી આ પાઠશાળામાં સ્વભાષાના

શિક્ષણ તરફ ખાસ ધ્યાન અને સમય અપાય છે. અંગ્રેજીના મોહમાંથી આ સંસ્થા મુક્ત નથી, પણ જતે દહાડે તે ઓછો થશે એવી આશા રાખવાને સ્થાન છે. વણાટકામનો ચેપ પણ ત્યાં સુધી પહોંચ્યો છે. થોડા જ વખતમાં હિંદીનો પણ ત્યાં પગપેસારો થશે. આ સંસ્થામાં ખાસ ધ્યાનમાં લેવા લાયક વસ્તુ બે છે: તે એ કે ત્યાં ધર્મની ચર્ચા ગંભીરતાથી પણ પરિપૂર્ણ છૂટથી થાય છે. પ્રાચીન કાળમાં લોકોમાં ધાર્મિક માન્યતા શી હતી એની નિષ્પ્રાણ ઐતિહાસિક ચર્ચા ત્યાં નથી થતી. ધર્મ શું છે, ધર્મનું અનુશાસન શું છે, આજની સમાજની સ્થિતિ જોતાં ધર્મે કયું સ્વરૂપ પકડવું જોઇએ વગેરે ગંભીર સવાલો આપસમાં અને ગુરુજી સાથે હમેશ ચર્ચાય છે. તત્ત્વજ્ઞાનની ચર્ચા થાય છે; સ્મૃતિઓની પણ ચર્ચા થાય છે. આવી રીતે અધ્યયન, લેખન, ચર્ચા, ધર્મપ્રચાર વગેરે પ્રવૃત્તિદ્વારા જ્ઞાનયજ્ઞ ત્યાં નિરંતર ચાલતો રહે છે.

બેલગામથી વાઇ જવા બપોરે નીકળ્યા તે બીજે દિવસે 'સુપ્રભાતે' વાઠર સ્ટેશને પહોંચી ગયા. અમારે માટે ટાંગાની ગોઠવણ હતી. સ્ટેશન ઉપર પોતાની તીવ્ર ગતિથી ઘોડાઓને પણ લજાવે એવી એક મહાકાય મોટર બસ ઊભી હતી. અમારા પહેલાં તે વાઇ પહોંચી જશે એવા ખ્યાલથી મનમાં કાંઇ પણ અદેખાઇ થઇ નહિ, એમ કહીએ તો સત્યવ્રતનો ભંગ થાય.

આસપાસનો મુલક બહુ રળીઆમણો. દૂર દૂર સંન્યાસી જેવી લાગતી માથાં મુંડાવેલી ટેકરીઓ. વચલો પ્રદેશ લીલા લીલા આંબાથી સુશોભિત. રસ્તો ગુજરાતની જેમ એકદમ સપાટ નહિ, અથવા માવળની જેમ એક ગાઉમાં સો વાર સ્વર્ગપાતાળનો અનુભવ આપનારો પણ નહિ. બે ચાર માઇલ ગયા ત્યાં એક નાની સરખી નદી આવી. અમે ત્યાં પ્રાતર્વિધિ પૂરો કરીને નાસ્તો કર્યો. એક ઝાડ તળે બેઠેલા ડોસા પાસેથી અમૃત જેવાં કેળાં ખરીદીને ઉદરસ્થ કર્યાં. પાસે એક ઝુંપડામાં વસતા ચાહની હૉટેલની બને તેટલી નિંદા કરી અને નદીના વહેણમાંથી મળેલા કુમળા કુમળા પાંચીકા નિહાળ્યા અને ફરી રથારૂઢ થયા.

અરેરે! આ બિચારી મોટરને શું થયું? ફરફર કરે પણ એકે ડગલું આગળ જાય નહિ! શું એને મૅલેરિયા થયો છે? કે ઇન્ફલ્યુએન્ઝા? સ્ટેશનેથી નીકળતાં પહેલાં જે મુસાફરો મોરની પેઠે છાતી આગળ કાઢીને આમ તેમ જોતા હતા તેઓ જ હવે આ દીન દશામાં આવી પડ્યાથી વરસાદમાં ભીંજાઇ ગએલા કુકડાની પેઠે અધોવદન અને ગલિતશિખા કરી બેઠા હતા. મારી અદેખાઇ દયામાં પીગળી ગઇ. અમારા ઘોડા આગળ-પાછળનો સાદ સાંભળી લેવા માટે પોતાના કાન આગળ-પાછળ ફેરવતા હતા. લગભગ ૯ માઇલ ગયા હોઇશું એટલામાં અમારો ટાંગો બમણા વેગથી ચાલવા લાગ્યો. હું આંખ મીંચીને ઝોલાં ખાતો હતો. ચકિત થઇને આગળ જોયું. ત્યાં તો એક અદ્ભુત દૃશ્ય હતું. વાઇ જતાં રસ્તામાં એક ઘાટ ઊતરવો પડે છે એની મને ખબર સરખી પણ ન હતી. આલ્પ્સ પર્વત ઉપરથી હાનિબાલ કે નેપોલિયને જ્યારે નીચે ઈટાલીનો વિસ્તીર્ણ પ્રદેશ જોયો હશે ત્યારે તેમને મારા જેવો સાત્ત્વિક આનંદ નહિ થયો હોય. તેઓ લૂંટવા ચાલ્યા હતા, અને હું તીર્થયાત્રા કરવા નીકળ્યો હતો. બલિહારી અમારા ઘોડાની. વાંકાચૂકા અને સાંકડા રસ્તા પરથી તેમણે અસહ્ય વેગે અમારો ટાંગો સહીસલામત તળેટી સુધી પહોંચાડ્યો. તળેટીમાં આ ઘોડાને વિશ્રામ મળ્યો અને એમના બીજા બે ભાઇ અધિકારારૂઢ થયા. રસ્તા ઉપર ચહાની એક વીશી હતી. ત્યાંનો બ્રાહ્મણ આશાભરી દૃષ્ટિથી ઘણા વખત સુધી અમારી તરફ જોતો હતો, પણ બિચારાને આખરે નિરાશ થવું પડ્યું. તેણે મનમાં કહ્યું હશે 'આ લોકો કોઇ દેશના ભિખારી હશે, અથવા તો કંજુસાઇના અવતાર હશે.' અથવા તો એણે એમ પણ અનુમાન બાંધ્યું હોય કે નદીકાંઠાના ઝૂંપડામાં અમે આકંઠ ચહા પીધી હશે. અમે આગળ ચાલ્યા અને આખરે લગભગ ૧૧ વાગ્યે વાઇ શહેરમાં પેઠા. કૃષ્ણા નદીનું દર્શન થયું. કાંઠાના સુંદર અને વિશાળ મંદિરોનાં ગગનચુંબી શિખરોનું અવલોકન કર્યું અને ઊંચા નીચા રસ્તા પરથી આખરે પ્રાજ્ઞપાઠશાળા પહોંચી ગયા.

મધપૂડો (ઈ ૧૯૨૦) **દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર**

[આ જૂનો ને કાચો લેખ અધૂરો જ છે. છતાં આજે પણ પ્રાજ્ઞપાઠશાળા વિષે જાણવા જેવું છે જ. નારાયણશાસ્ત્રી હવે સંન્યાસ લઇ નિવૃત્ત થયા છે. એમનું નવું નામ કેવલાનન્દ સરસ્વતી છે. એમને ઠેકાણે શ્રી લક્ષ્મણ શાસ્ત્રી કામ કરે છે. આ સંસ્થાએ ધર્મકોષ કરીને એક કિંમતી ગ્રન્થ બહાર પાડ્યો છે. તેને વિષે કોકવાર. કા.]

બહેનનો

જેમાં બેન પરનું જન્માંતરનું મેણું ટાળવા ગ્રામ્ય ટેકનો



'ના, ના, મોટાભાઈ રે'વા દો; એ તો હું હમણાં ખાંડી નાખું છું.' ડાંગર ખાંડતી રાજીએ સાંબેલું ઝાલવા જતા વીરાને કહ્યું.

'અરે તું ક્યારે પાર મેલવાની છે? લે હેંડને હું બેચાર હાથ મારવા લાગું!' વીરાએ સાંબેલાનો ઉપલો છેડો ઝાલી ડાંગર પર ઘા મારતાં કહ્યું.

રાજીએ કચવાતે મોંએ કહ્યું: 'હમણાં ખંડાઇ જાત.' અને નીચેથી સાંબેલાના ઘા ખાંડણિયામાં નાખતાં, અને ડાંગર સંકોરતાં બોલી: 'પણ તમે માનો તો ને?'

'લે હેંડ હવે, મનાવવાવાળી; પૂરી સાંબેલા જેવડી તો છે નહિ.' કહી વીરો બહેન પર હાસ્ય વેરી રહ્યો.

'એ તો તમે અમથા એમ કહો છો. પેલી રતની, ને વાલી, ને એ બધાં મારા જેવડાં જ છે ને? ઘરમાં કરનાર છે તોય મારા કરતાં વધારે દળે ખાંડે છે. પણ તમે તો મને "તું થાકી જઇશ ને" . . .'

'હવે ખાંડવામાં જીવ રાખ. વાતોમાં ક્યાંક આંગળી આવી જશે.' વીરાએ વાત અટકાવવા કહ્યું.

વીરો અને રાજી, માજણ્યાં ભાઇબહેન હતાં. એના પિતા વીરાને ચાર વર્ષનો ને રાજીને એક વર્ષની મૂકી મરી ગયા હતા. પાછળ માતા પણ સાતેક વર્ષ પછી, નીંદણાં વારણાં કરી મોટાં કરેલાં છોકરાંના હાથનું લોટો પાણી પીવું કે રળેલો રોટલો ખાવો મૂકી, એક-મેકને, એકમેકની સોંપણ કરી વિદાય થઇ હતી.

માતાના મૃત્યુથી બંને ભાંડુ રડયાં કકળ્યાં, પણ આખરે એકમેકની હૂંફે, એ આંસુને સૂકવી નાખ્યાં. વીરો હળ હાંકતો, રાજી ઘરકામ સંભાળતી; અને બેઉ હળીમળી કોદરા બંટીનો રોટલો ખાઇ કલ્લોલ કરતાં.

વીરો રાજીને પાણી ભરવાનો લ્હાવો ભાગ્યે જ લેવા દેતો. 'ના, તું ક્યાંક કૂવામાં પડી જાય. તું બળદોને ખાણખૂંટણ મૂક એટલામાં હું ભરી કાઢું છું.' કહી, ધમકારાબંધ બેચાર ફેરામાં પાણી ભરી કાઢતો.

રાજી પણ ખેતરે ભાઇને ભાથું આપવા જતી ત્યારે, 'મોટાભાઇ તમે ખાઇ લો; એટલામાં હું બળદોને પાણી પાઇ આવું! કહી પાણી પાઇ, હળ જોડવાનો વખત થાય ત્યાં સુધી નદી કાંઠે જ ચરાવ્યા કરતી.

ભાઈ પૂછતો: 'કેમ આટલી બધી વાર કરી?' તે રાજીનો જવાબ ન સાંભળતાં પોતે જ બોલી પડતો, 'હું જાણું છું તને. એમ કરીને મને બળદ ચારવા નથી દેતી.'

'તે ખાઇને જરા થાક તો ગાળવો જ પડે ને?'

'ઘરમાં મને ખ વાળા ય, ખાઇને હુક્કો પીધો ન પીધો કરી, બળદ ચારવા જાય છે. પણ તું તો જાણે મોટાભાઇને દુઃખ . . .'

'બહુ સારૂ.' રાજી મોં ચડાવી બોલતી, અને પછી ઘેર જતાંજતાં કહેતી જતી: 'રાતે બળદ ચારવા ન રે'તા. હું ઘેર ચાર વાઢી લાવીશ.'

'એ . . . ના, રાજી, ચાર ન લાવતી. હું બળદોને ધરવીને જ આવીશ.' વીરો ઘાંટો પાડી કહેતો; પણ રાજી વળતો ઉત્તર આપે તો ને? મોડેથી ઘેર જઈ

અવસર

પણ નિર્વ્યાજ હેતનો પ્રેર્યો ભાઇ છેલ્લે પાટલે જઇ બેઠો



વીરો જોતો, તો બળદોના ખૂંટા આગળ ચારનો ગંજ ખડકેલો જ હોય.

ગામલોક તો આ ભાઇબહેનનાં વખાણ કરીકરી થાકતાં: 'છોકરાં કેવાં એકમેકથી હળી મળી ગયાં છે? એકમેકના હાથમાંથી કામ ઝૂંટવી લે છે.' અને પોતાનાં છોકરાં કોઇ વાર લડતાં ઝૂંપતાં તો તેમને કહેતાં, 'નખ્ખોદિયાં, શું કામ લડી મરો છો? પેલાં વીરા રાજીની પાસે જઇ શીખી આવો. ભાઇબુન તે એનું નામ. કોઇ જાણે ય છે કે ઘરમાં બે જણ રે'છે?'

દિવસો સાથે બેઉની ઉમર પણ વધતી હતી.

એક દિવસ વીરાએ ખાતાંખાતાં કહ્યું. 'રાજી, આવું હવાદળેધ શાક તો માય ન'તાં કરતાં. ને તું આવી નાની બાજુડીઓ શું કામ કરે છે? જાડા જાડા રોટલા જ થાપી નાખતી હોય તો?!'

'રોટલામાં ય એટલી વાર થાય, ને બાજુડીઓમાં ય એટલી થાય. કાંઈ બાજુડીઓ કરતાં હાથ થોડા થાકી જાય છે?' બહેનીએ હાથમાં રોટલો થાપતાં કહ્યું.

'પણ ઝટ પેટ ન ભરાય ને?' હસતાં વીરો બોલ્યો.

'તે પેટ ભરાય ત્યાં લગી ખાધા કરોને. એમ ખાધે થોડું જ ખૂટવાનું છે?' કહી રાજી હસવા લાગી.

વીરો ખડખડાટ હસી પડ્યો. માંડ હાસ્યને અટકાવતાં પૂછ્યું: 'તું દઇણું કાઢતી હઇશ ત્યારે કોઠી કંઇ જરાય ઊણી પડતી હશે?'

'એમ પડીપડીને કેટલીક ઊણી પડવાની હતી? પણ પેલા શેઠ લઇ ગયા એમ એકી ફેરામાં તો ખાલીખમ નથી થઇ જતી ને?' કહેતાં મોં સહેજ પડી ગયું.

'એ તો બાપનું દેવું હોય તો આપવું જ પડે ને?'

રાજી ચૂપ રહી. થોડીવાર પછી ભાઇના ભાણામાં એક રોટલો સરકાવતાં બોલી, 'તમે તો, મોટાભાઇ, સાવ ભોળા છો! પેલાં જમનકાકી કે'તાંતાં, કે વ્યાજનું વ્યાજ ચડાવીને મુવાએ દસ વીસું કર્યા છે. જૂનું દેવું હતું, તે અડધું પડધું આપી દઇને છુટકો કરાવી લીધો હોત તો કેવું? કે'છે, મુખી ય વાણીઆના સાધેલા છે. ને ઘરમાં રતના કાકાને કેવું લડતાતા'? કે'છે તમારાંથી ય કશું ન બોલાણું! બાપડા છોકરા પાસે અંગુઠો ચંપાવી, ગએલા રૂપીઆ નવા કરી આલાવ્યા! . . .'

વીરો વચ્ચે બોલ્યો, 'એ તો કે' ગમે એમ. પણ બાપનું દેવું ન આપીએ તો આવતે ભવ ક્યાં છૂટીએ?' અને પછી બહેનનું પડેલું મોં જોઇ ઉમેર્યું 'એમાં તું શાહને ફકર કરે છે? એના રૂપીઆ તો જોતજોતામાં વાળી દઇશ.' એટલામાં થાળીમાં ધ્યાન જતાં: 'હાં, એમ વાતે વળગાને રોટલો મૂકી દીધો! મેકું, આ થાળીમાંથી રોટલો ખૂટતો કેમ નથી?' કહી હસવા લાગ્યો.

નવરાત્રિના ગરબા ચાલુ થયા હતા. વીરાએ મોડેથી ઘરમાં પેસતાં રાજીને કહ્યું. 'જા તું ગાણાં ગાવાં. હું મારે હાથે લઇને ખાઇ લઇશ.'

'મારે તો નથી જવું.'

વીરાએ મોં ચડાવી કહ્યું: 'બેની તું આવું કરે એ ન ચાલે. તારા જેવડી છોકરીઓ તો, જોને, કેવું ગાય છે?' અને ગરમ પાણીનું મટાલું ઉપાડવા જતી બહેનીના હાથ રોકતાં કહ્યું, 'જા, હું ય ખાઇ કરીને આવું છું.'

'તમે ય આવજો હોં; નહિ તો હું પાછી આવતી રહીશ.' બહેનીએ પીઠ ફેરવતાં કહ્યું અને વળી ચોપાડ ઊતરતાં બોલી: 'ખાટલા તો આવીને ઢાળીશું.'

હસતાંહસતાં સ્વગત વીરો બોલ્યો, 'આ તો, ભાઇ, બહુ ડાહી!'

એક વખત સરખે સરખા જુવાનો બેઠા હતા, તેવામાં એક જણે ઘરધણીને કહ્યું, 'અલ્યા કાંઇ ઓળો બોળો તો લાવ; બેઠાબેઠા ફોલીએ.'

'હોવે, કોણે ના કહ્યું.' કહી ઘરધણી જુવાન ઊઠ્યો, અને સુંડલામાં બશેરએક ઓળો લાવી મૂકતાં બોલ્યો, 'ફોલો.'

'ઓળા સાથે તો જરા છાંટો પાણી હોત, તો મઝા રે'ત' વળી ત્રીજો બોલ્યો.

'તમારે જ્યાં બેઠા ત્યાં બસ એની એ વાત દારૂ મળ્યો, કે જાણે પરમેશ્વર મળ્યા. કોણ જાણે એમાં તે શું એટલું બધું છે?!' વીરાએ તિરસ્કાર દર્શાવ્યો.

'એ તો તું પીએ તો ખબર પડે. એના આગળ તો બત્રીશાં ભોજને ય રદ છે!' પહેલા જુવાને કહ્યું; અને વીરાનો ખભો હલાવતાં ઉમેર્યું, 'એક વાર સહેજ ચાખી જો; પછી કે'જે.'

'ના ભાઇ ના, મારે તો નથી પીવો.'

'ના, આજ જરાક તો ચાખવો પડશે.' બીજાએ કહ્યું, અને ઘરધણીને કહ્યું 'માધા, જા દોસ, ચાર શેર દાણા લઇ ઉપડ. તારો જીવ બળતો હશે તો મારે ઘેરથી હું તને પાછા આપી દઇશ. જા ઊઠ.'

'ના ભઇ, મારી બુન વાટ જોતી હશે. ખાવાનું મોડું થાય' કહી વીરો ઊઠવા ગયો ત્યાં તો એનાધોતિયાની ફડક ઝાલી લેતા એક જુવાને કહ્યું: 'ગયા ગયા હવે, બેસ છાનોમાનો. પેલો લેવા ગયો છે એની બધી રંગત બગાડવી છે?' અને વીરાને બળજબરીથી પાછો બેસાડ્યો.

થોડીવારમાં તો માધાએ વાડકીઓ સાથે સીસો વચ્ચે મૂક્યો. એક જુવાને દારૂની વાડકી વીરા સામે ધરી. વીરો કંપ્યોઃ દુનિયાની કે શાસ્ત્રની બીકે નહિ, પણ બેનની બીકે. તેની નજર આગળ ઠપકો દેતી રાજી ખડી થતાં તેણે કહ્યું: 'ના ભાઇ, મારાથી નહિ—

'હવે લેતો હોય તો લેને; નહિ તો બેએ મોઢામાં રેડીશું હા' એકે કહ્યું.

વીરાને ખાત્રી થઇ કે આ લોકો આજ માનવાના નથી. તેને મનમાં થયું કે 'મારા ક્યાં ભોગ લાગ્યા કે અહીં આવી બેઠો. એટલામાં 'લે છે કે નહિ?' એ અવાજ સાથે પેલા જુવાનને ઊંચો થતો જોઇ, તેણે કંપતે હાથે વાડકી લીધી, અને 'બહુ ચડી જશે તો છાનોમાનો ઘેર જઇ સૂઇ જઇશ; રાજી સાથે વાત કરીશ તો જાણુશેને?' વિચારી, 'જોઉં તો ખરો, કેવોક ચડે છે' એમ કરી વાડકી મોંએ માંડી, અને આંખો મીંચી ઉતારી ગયો. પછી તો, 'બાપ કાઢવાં તો પૂરાં કાઢવાં.' વિચારી પીધે રાખ્યો.

થોડીવાર પછી આંખમાં કશાકનાં જોમ આવતાં લાગ્યાં. દુનિયા જાણે તુચ્છ જણાઇ. એક જણે પૂછ્યું 'કેમ વીરા, કેવું લાગે છે?' વીરાએ જાણ્યા સમજ્યા વગર હાથ હલાવતાં કહ્યું 'હોવે, મઝા.' અને પેલા બધાને હસતા જોઇ બોલ્યો, 'હસો દોસ . . . હસો.'

એવામાં રાજી ખોળતી ખોળતી ત્યાં આવી લાગી. 'લો હેંડોને મોટાભાઇ; ખાવાનું ટાઢું થઇ જાય છે.'

વીરાનું ભાન જરા ઠેકાણે આવ્યું, 'તું હેંડ રાજી; હું આવ્યો.' કહી ઊઠવા લાગ્યો. રાજી તેના લથડતા પગ જોઇ સમજી ગઇ, તેના પેટમાં ફ્રાસ્કો પડ્યો, અને 'સંગત એવી અસર લાગ્યા વગર રે'જ નહિ ને' એમ બબડતી બબડતી ચાલી ગઇ.

વીરાએ ઊઠવા ઘણુંય ફાંફાં માર્યાં, પણ પગ પારકા હતા. આંખ પર આસ્તે આસ્તે કાળા પડદા છવાવા લાગ્યા. પેલા જુવાનોએ તેને ખાટલામાં જ સૂઇ રહેવા દીધો.

સવાર થતાં વીરાને ભાન આવ્યું. કાલનો પ્રસંગ યાદ આવતાં પાછી આંખ મીંચી દીધી અને રાજીને શી રીતે મોં બતાવવું એ વિચારે બળવા લાગ્યો. વળી રાતે આવી ગએલી રાજીનો આછોઆછો ખ્યાલ આવતાં તેણે તેને રાતભર રોતી કલ્પી લીધી. ઘેર જવાને વિચારે બેઠો થયો પણ પગ નહોતો ઊપડતો. એટલામાં તો રાજી આવી, અને કંઇ પણ બોલ્યા

ચાલ્યા વગર 'લો હેંડો મોટાભાઇ ઘેર' કહી ઘેર તેડી ગઇ. ઘરમાં પેસતાં રાજીની આંખ આંસુથી ચૂઇ પડી.

'રાજી! હવેથી હું કોઇ દન આવો ધંધો નહિ કરૂં! આટલો ગનો જતો કર!' વીરાના મોં પર લોહીનો છાંટો ય નહોતો.

'આવા તો તમે ન'તા મોટાભાઇ!' બહેનીએ ડૂસ્કો મૂકતાં કહ્યું અને ગળું ખુંખારતાં પછી બોલી, 'દારૂડિયો, એ તો લોહી ચાખેલા વાઘ જેવો; આજ ના કે' ને . . .'

'પણ જો હું હવે દારૂ પીઉં તો તારા સમ છે, બસ?' કહી વીરો બહેની સામે તાકી રહ્યો. અને જવાબ ન મળતાં વળી બોલ્યો: 'હજુ ય તને વે'મ છે, રાજી?'

બહેનીનાં આંસુ ઊડી ગયાં. તેણે હસતાં હસતાં કહ્યું 'જોજો હો પાછા? નહિ તો હું તમારી સાથે બોલીશ જ નહિ, હા.'

વીરા માટે આ શિક્ષા ભારે હતી. તેણે પણ હસતાંહસતાં કહ્યું. 'પણ હું પીશ તો ને?'

આટલામાં બેઠો બેઠો વીરો હુક્કો પી રહ્યો હતો એવામાં ગામના એક ડોસા આવ્યા અને વીરાનો આવકાર ઝીલી, હાથમાં હુક્કો લેતાંલેતાં બોલ્યા, 'વીરા, રાજીના સાસરા વાણીઆને ત્યાં મળ્યા'તા. પૂછતા'તા, કે ઉણુ આણું કરાવી આપશો? મેં તો કહ્યું કે હજુ પોર સોરૂ બનશે.'

'પછી એમણે શું કહ્યું?' વીરાએ પૂછ્યું.

'એ તો ગરગડ ગાવા મંડ્યા. કે'છ, જુઓને ભાઇસાબ, અમે તો બેય હવે અડધાં અંગે ક'વાઇએ. વે'લી મોકલો તો એનું ભેળાતું મટશે. ભેમો એકલો કેટલી જગાએ પોં'ચી વળે?!' પછી હું તો 'જોઇશું' કહી હેંડતો થયો.'

વીરો કંઈ જ ન બોલ્યો. થોડીવાર થયે ડોસા પણ 'એ તો કે; પણ અહીં આપણું ય જોવું જોઇએ ને? મોકલીશું પોર. ત્યાર ઓ'રાં તો તારી વહુનું ય આણું કરાવી લાવીશું' કહી ઊઠ્યા.

વીરો વિચારે ચડ્યો; મૂવું મારૂં ભેળાય તો; પણ રાજીનું ન બગડવું જોઇએ. આણું તો કરાવી જ આપવું.

પણ એ ખ્યાલ સાથે તેનો જીવ ઊંચો થયો. 'રાજી જશે જ કેમ?' બબડી, તેણે નિશ્વાસ નાખ્યો. વળી આવતી સાલ આણું કરાવવાનો વિચાર આવ્યો. 'પણ ઓણ નહિ ને પોરે ય જવાની તો ખરી જ ને? હું શું એને દલ્લો આપી દેવાનો છું? અને એનું, જેમ વહેલું સંભાળે એમ સારૂં.' આમ વિચારતાં આણું કરાવી આપવાનો મ ા સાથે નિર્ણય કર્યો, અને આંખને કલુખડે આવેલાં આંસુ ખેરવતાં બબડ્યો: 'ગમે એટલું તોય છેવટે તો એ પારકું જ ધન ને!'

મોડેથી તેણે હસતે મોંએ રાજીને કહ્યું, 'રાજબાઇ તો હવે સાસરે જવાનાં!' અને વચ્ચે આવતા રૂંધામણને રોકતાં પૂછ્યું, 'પછી મોટા ભાઇને કોઇ દન સંભારીશ ને રાજી?'

'આવું શું બોલતા હશો મોટાભાઇ? મારે તો કંઈ નથી જવું!' અને આટલું બોલતાં તો એ રડુંરડું થઇ ગઇ.

'એમ તે કંઇ ચાલે ગાંડી!' કહી વીરાએ ધામો નિ-શ્વાસ નાખ્યો. 'તું કાંઇ ઓછી છોકરો છે?' પછી તો વીરાને કંઇકંઇ વિચારો આવી ગયા! બેનને ઠેકાણે ભાઇ હોત તો કેવું? પાસે પૈસો હોત તો યે બેનને ગામમાં ઘર કરાવી આપી બનેવીને અહીં રાખત. વળી કોણ જાણે બાપડીને સાસરીમાં કેવું સુખ પડે છે! અને એ વિચાર સાથે આંખમાં તકતકતાં હઠીલાં આંસુને સંતાડવા તે બહાર ચાલ્યો ગયો.

બહેનીના ના પાડ્યા છતાં ય તેણે આણું કરી જવાનું રાજીને સાસરે કહેવડાવી દીધું. વાણિયાને ત્યાંથી બેન માટે જાતજાતનાં મોંઘાંમૂલાં કપડાં લેવાના કોડ સેવતો વીરો ઘેરથી નીકળ્યો. 'રાજી માટે ગવન તો બે લઇશ. મશરૂનો ઘાઘરો એક નહિ પણ બે જ જોઇશે. પછી ગજિયાણીનું ય કાંઇ એક કાપડું શોભે? એ ય બે જોઇશે. અને ત્રણેક જોડી સાદાં લૂગડાં તો જોઇએ જ.' આમ ગણત્રી ગણતો એ શેઠને ત્યાં આવી પહોંચ્યો.

'શું શું જોઇએ છે?' શેઠે પૂછ્યું, અને વીરાની ગણત્રી સાંભળતાં બોલી ઊઠ્યા, 'અરે કાંઈ ગાંડો તો નથી થયો? આવાં મોંઘાં લૂગડાં લેવાનું તે તારૂં ગજું છે? ભલભલાને એક જોડ સારાં લૂગડાં કરતાં વિચાર પડે છે. કાંઇ તારે એકલાને તો નવાઇની ખુન નથી ને? માથે ત્રણસો રૂપિયા દેવું છે એનો તો જરા . . .'

'પણ કાકા મારે તમારા રૂપિયા કાંઇ ઘાલી તો નથી જવા? એ તો આ બેત્રણ વરસ જરા કાઠાં આવ્યાં નહિ તો . . .'

'ના ભાઈ ના, તારે જોઈએ તો એ જોડ લૂગડાં સાદાં લઈ જા, નહિ તો રે'વા દે. આથી વધારે મારૂં ઘર નથી પોકતું!' કહી શેઠ બીજા ઘરાક તરફ ફર્યા.

'પણ કાકા! આવા અણીના વખતે તમે આમ કરો છો? મારી બુનનો આ પહેલો અવસર અને એમાં ય તમે . . .'

શેઠ વચ્ચે બોલ્યાઃ 'એ બધું ય હું જાણું છું: પણ મેં તને કહ્યું કે એથી વધારે મારાથી નહિ બને. અમથો શું કામ માથાફોડ કરે છે? એવું હોય તો બીજો શેઠ ખોળી કાઢ.'

વીરાની આંખ રતુંબડી થઈઃ 'શેઠ! લેવાની વેળાએ તો તમે આવો છો, ને આપવા વેળાએ બીજું ઘર ભળાવો છો એમ ને?'

'કાંઇ મફત આપે છે?' અને બીજા ઘરાક તરફ જોતાં ફફડ્યાઃ 'ઘરમાં ઠેકાણું તો છે નહિ ને બુનને હીરાગળે મઢવા નીકળ્યા છે!'

'મઢીશ, મઢીશ; તારે દીઠે દીઠે ન મઢું તો વળી શું કે'તો તો!' વીરાએ ઊભા થતાંથતાં આંખમાંથી અંગાર વેરતાં કહ્યું, અને બારણું ઓળંગતાં બોલ્યો, 'આવજો લેવા હવે'.

પાછળ શેઠનો અવાજ આવતો હતો, 'મોટા ઘરનાં પગથિયાં ભાળતામાં ઝટ આપીશ. તું શું ન'તો આપતો!'

વીરો 'રાજે ય હશે તો અપાવશે ને? મુવા વળી, અહીં રોટલા ખાતા એવા ત્યાં ખાઇશું' એમ બબડતો ઊભે બજારે આગળ વધ્યો. મનમાં પાંચ છ વર્ષ પર આવું નામું કરી આપવા બદલ પસ્તાતો હતો, એટલામાં એક દુકાનદારે બોલાવ્યો, 'અલ્યા શું લેવું છે? અહીં આવ અહીં.' વીરો ત્યાં ગયો અને ધારવાની આર્જવતા ન કરતાં પગમાંની સવાશેરિયા ચાંદીની બેડી બતાવતાં કહ્યું, 'શેઠ; આ બેડી મૂકીને લૂગડાં લેવાં છે, આપશો? થોડાઘણા બાકી રહેશે તે આ ઉનાળુ પાકતાં આપી જઇશ.'

શેઠે ગણત્રી ગણી. માગ્યાં કપડાં આપ્યાં. વીરો પોટલી બગલમાં ઘાલી પોતાના શેઠની નજરે પડાય એમ ખોંખારા કરતો નીકળ્યો.

'વીરા, વાત કહું વાત.' શેઠે ચટ બારણામાં ડોકું કાઢી ચાલ્યા જતા વીરાને બોલાવ્યો; અને કંઇ દાદ ન દેતો લાગતાં બોલ્યા, 'અરે ગાંડા, એમ તે વળી રીસ ચડાવતા હઇશું?'

'હવે તો મળશું મોટે ઘેર.' વીરાએ જતાં જતાં જ કહ્યું. પાછળ શેઠ બોલતા હતા, 'અરે ગાંડા, આપણાં તો ભેગા લટિયાં ગુંથાણાં. એમ તે ખોટું લગાડવાનું હોય?' પણ તો ય વીરો પાછો ન જ વળ્યો. એને તો બસ એ જ વિચાર આવતો હતો, 'આવી વેળાએ મને ના પાડી? એ તો ઠીક હતું કે મારી પાસે જોગ હતો, નહિ તો ઓરતા અધુરા જ રે'ત ને?

શેઠ એકલા એકલા બબડ્યા, 'ઠીક છે ત્યારે; એ ભાવ હશે તો એ ય પૂરા થશે.' વળી મનમાં થયું, જરા ટાઢકથી કામ લેવું જોઇતું હતું!

આણાના બે દિવસ રહ્યા. રાજીને ખાવું ય નહોતું ગમતું. હૈયાના મોંમાં ડૂચો ગારી ગમ્મત કરતા ભાઇ સાથે હસાતું પણ નહોતું. એક જ ફિકર હતીઃ ભાભી તો હજુ નાની છે, કંઇ નહિ કંઇ તો ય બે વર્ષ સોરી આવશે. ત્યાં લગી મોટાભાઇનું શું? કોણ રાંધી ખવડાવશે? એકલે હાથે શું કરશે?

'કેમ રાજી, તારૂં મોઢું કેમ પડી ગયું છે? કાલ તો તું જવાની. અત્યારથી બોલતી ચાલતી નથી તો પછી સાસરે ગયા કેડ તો . . .'

'તમને ભાઇ! મશ્કરી જ સૂઝે છે, મેં ના કહ્યું તો ય ન માન્યા. પછી એકલાએકલા કેટલુંક . . .'

વચ્ચે વીરો બોલી ઊઠ્યો, 'અરે ગાંડી, હું એકલો તો આખી પર્થમીને ભારે પડું એવો છું. મારી તો જરા યે ફકર ન કરવી.' અને પછી નિશ્વાસને હાસ્ય સાથે ઉડાવતાં કહ્યું, 'તું તારૂં સંભાળે એટલે નિરાંત.'

રાજી આજ સાસરે જતી હતી. ગામનાં ભેગાં થએલાં બૈરાંને કોટી કરતાંકરતાં રોતી હતી. આડોશીપાડોશી તથા સગાંસંબંધીઓને કહેતી હતીઃ 'કાકી, મારા મોટાભાઇને દુઃખ ન પડે, હો!' કોઇ બહેનપણીને વીનવતી હતી; 'બુન, મોટાભાઇને વેળા કવેળા ખાંડી દળી આલજો.' બધાં તેને સાંત્વન આપતાં હતાં: 'રાજી તું ફકર ન કર. અમે બધાં છીએ ને? તારા ભાઇને કાંઇ ઘેંટી ખાણીએ તો નહિ બેસવા દઇએ?'

વીરો રાજીના સાસરાને કહેતો હતોઃ 'વાઘાજી, મારી બુનને તમારે ખોળે સોંપું છું. એનાથી કાંઇ વાંક ગનો થાય તો મોટું મન રાખજો! મા વગર ઉછરી છે! બધુંય . . .' આગળ એનાથી ન બોલી

શકાયું. તેની આંખમાંથી વહેતા રુદનપ્રવાહે ડોસાની આંખમાં પણ પાણી છલકાવ્યાંઃ 'વીરાજી, તમે જરા ય ચંતા ન કરતા. રાજી મારી દીકરી બરાબર છે. ને મારો ભેમોય બીજા જેવો મારકુટ કરે એવો નથી. માટે એની ફકર છોડજો.'

ભાઇ બહેને છેલ્લી વેળાએ મળી લીધું બેઉના પોકેપોક મૂકી વહતા રુદને સૌની આંખ ભીની કરી. 'મોટાભાઇ! બેત્રણ મહિના ચાલે એટલું દળેલું છે; ને ચોખાની ય દળલી ભરી મૂકી છે! તમે રાંધવાની આળસે . . . ભૂખે . . . ન મરતા!' ગોઝારા રુદને આગળ ન બોલવા દીધું.

વીરાને ઘણી ય શીખામણ દેવી હતી, ઘણું ય કહેવું હતું; પણ 'ભુન . . . આવજે . . .' એથી જ પતવવું પડયું. બાળક પેઠે રડતા વીરાના રુદનને 'અરે ગાંડાભાઇ, મરદ થઇને રૂએ છે?' એ પુરુષોનું વાકય ન તો શરમાવી શકયું કે ન તો સ્ત્રીઓનાં 'રાજી ગઇ પણ અમે બધાં તો છીએ ને? ભરી વસ્તીમાં કાંઇ ભૂખી તો નહિ મરે!' એ સાંત્વન દેતાં વાકયો શાંત કરી શકયાં.

વીરો ગામનાં ખેતરો સુધી રડતોરડતો પાછળ ગયો. ત્યાં 'હવે પાછા વળો; વીરાજી!' કહી રાજીનાં સસરાએ થંભાવ્યો. એ ઊભો રહ્યો, જીવનમાંથી રસ રેલાઇ જતો જોતો હોય તેમ, ક્ષિતિજમાં નાની નાની થઇ અલોપ થતી બહેનને જોતો! અને પછી તાકાત વગરના પગ લૂલા પડતાં, ત્યાં જ બેસી પડ્યો અને રહ્યાંસહ્યાં આંસુ સીંચી હૈયું ખાલી કર્યું. મોડેથી ભાન આવતાં પચાસ વર્ષના ડોસાની ચાલે ઘેર આવતાં ઘર ઉજ્જડ લાગ્યું. મોલ વિનાનું ઉજડ ખેતર જાણે. અને અલકમલકનો થાક અંગમાં ભરાયો હોય તેમ ચોપાડમાં ખાટલામાં ઢળી પડ્યો.

અને ત્યાર પછી વીરો હાથે રાંધી પેટનો ખાડો પૂરતો. યાદ આવતાં ઢોરઢાંખરને ઘાસપૂળો કરતો. કદિક ખેતરમાં રખવાળી કરવા ય જતો, પણ લહેરાતા ઘઉં જોઇ નહોતો ભવિષ્યની ઇમારત ચણતો કે નહોતો કશું કહેતો. કોને કહે? રાજી હોત તો જરૂર કહેત; 'રાજી, આ વરસ તો કાંકરાની પેઠે ઘઉં ગરવાના છે!'

ત્યાર પછી હીમ પડ્યું, તોય એને એનો બહુ રંજ ન થયો. જોયું ફક્ત સંન્યાસીની દૃષ્ટિએ!

એવામાં હોળી આવી. ગામના બેચાર સરખાસરખી જુવાનોએ દારૂ પીવા તેડ્યો. વીરાએ બહેનને દીધેલું વચન યાદ આવતાં કહ્યું, 'ના ભાઇ, મારે તો નથી પીવો.' પણ પેલા જુવાનો એમ છાલ છોડે કે? આખરે 'રાજી તો ગઇ! હવે કયાં એ અબોલા લેવા આવવાની છે? લાવ જરા જઇ આવું આજે થાક લાગ્યો છે ચાર ભાઇબંધમાં જરા મન હેઠું બેસશે.' વિચારી ગયો. ગયો અને પીધો. થોડી વારમાં તો થાક ઊતરી ગએલો લાગ્યો. બબ્બે મહિનાથી ઊડી ગએલો આનંદ આજ પગલાં પાડતો જણાયો. ઘેર આવતાં 'ચાલ, જીવ રાજી એનું ઘર સંભાળતી થઇ ગઇ છે, હવે તારે શી ફકર છે.' વિચારી હૈયા પરનો ભાર હળવો કર્યો.

પછી તો દારૂ ઊતરતાં એ થાકી જતો, અને થાક ઉતારવા એકબે પ્યાલી વેળા કવેળા ચડાવી લેતો. મનમાં થતું: 'આમાં શું? થોડી કાંઇ ટેવ પડી જવાની છે?' વળી દારૂ ઊતરતાં વહેવાર વટની ફિકર પડતી: પણ જ્યાં પ્યાલી પેટમાં જતી કે બબડતો, 'જખ મારે છે દુનિયા.' અને આમ દારૂની પ્યાલીમાં એને જીવતરની મઝા મળવા માંડી.

ચારછ મહિના પછી રાજી મહીએર આવી. ભાઇના હાલહવાલ જાણતાં–જોતાં રંજ એને થયો. ભાઇને સમજાવ્યો: 'મોટાભાઇ! તમે તો દારૂડીયા થઇ બેઠા છો? આમ કયાંથી નભશે! મને વચન આપો, હવેથી . . .'

'અરે ગાંડી તું તારૂં સંભાળ ને. મારી તો તું જરા ય ફકર ન કરતી. કાંઇ મને થોડી જ ટેવ પડી ગઇ છે? એ તો ઠીક છે; જરા થાક ઉતારવા છાંટો લઉં એટલું જ.' અને રાજીનું પડી ગએલું મોં જોતાં બોલ્યો, 'સારૂં જા; હવેથી નહિ પીઉં.'

એક બાજુ રાજી બે માસ રહી પાછી સાસરે ગઇ. બીજી બાજુ વીરાએ એ જ મનના અને શરીરના થાકને નેવે મુકાવનાર કલાલની દુકાન સંભાળી.

એક દિવસે શેઠ આવ્યા. 'વીરા, લે બોલ હવે; શું આપે છે?' શેઠે ખાટલામાં બેસતાં કહ્યું.

'શું આપું?' વીરાએ હાથ પહોળા કરતાં કહ્યું.

'તેં તો ઉનાળામાં ય કાંઇ ન આપ્યું. અને આ દીવાળી ગઇ તો ય . . .'

'અરે પેલી બેંડી જ નથી છોડાવાતી ને? ત્યાં વળી તમને શું આપું?'

'આમ આબરૂદારનો દીકરો થઇ આવું . . .'

વીરો તરત વચ્ચે બોલ્યો: 'શેઠ, આબરૂ તો ગઇ, જ્યારથી તમે દુકાનેથી ઠાલો કાઢ્યો ત્યારથી. હવે તો તમે કચેરીનાં પગથિયાં જ ચડાવો.' વીરાની આંખોમાં આસ્તે આસ્તે ગેરૂઓ રંગ આવતો હતો. અને શેઠને બોલતાં અટકાવી ફરી વચ્ચે જ બોલ્યો, 'એની જ વાટ જોઇ રહ્યો છું હવે તો . . .'

વાણીઆ બુદ્ધિને વધારે બોલવું–બેસવું ઠીક ન લાગ્યું. આંગણામાં જતાંજતાં શેઠબોલ્યા, 'જોજે પછી, મારો વાંક ન કાઢતો.'

વીરાએ ટાઢે પેટે જવાબ આપ્યો: 'સારૂં, પધારો; પણ યાદ રાખજો આગળ વીરીઓ છે પાછો !'

શેઠને એ છેલ્લા વાક્યમાં તલવારની ધાર ગળે ફરતી લાગી. ઉતાવળે પગ ઉપાડતાં થયું: 'મારો સાળો દાંડ પાક્યો. ઠાકરડાની જાતનો શો ભરોસો ! જેને આબરૂની જ નથી પડી એને શું ? પછી ધબકતા કાળજાને ટાઢું પાડતા બબડ્યા: 'મુવા ત્યારે. આમે ય એનો બાપ મુઓ ત્યારના સમુળગા ય ગએલા હતા ને ?' અને પછા મોટાજોટા હિસાબ ગણી જોતાં મન મનાવ્યું, 'નહિ નહિ તો ય મુડી તો આવી ગઇ છે.'

'વીરા, રાજીને ભાણીઓ અવતર્યો છે.' એક દિવસ ગામના એક ડોસાએ આવી ખબર સંભળાવી.

'એમ ?' વીરાથી આનંદના અતિરેકમાં એટલું જ બોલાયું. અને થોડી વાર પછી વિગતવાર બધું ય પૂછી લીધું.

ડોસાએ વીરાનો પ્રફુલ્લ ચહેરો જોઈ, આજ ઠીક લાગ છે જાણી, શીખામણ દીધી: 'વીરા, હવે થોડા વખત પછી વહુ આવશે. આમ દારૂમાં ને દારૂમાં તો આપણી આબરૂ જાય છે. જરા . . .'

'એની તો, કાકા, તમે ફકર જ ન કરતા. મને કાંઇ ટેવ થોડી જ છે ! આ તો ઠીક છે જરા, કોક ફેરા.'

'પણ આવું કરીશ તો વહુને નહિ મોકલે . . .'

વીરો વચ્ચે બોલ્યો, 'મૂવું નહિ મોકલે તો, તમને કેમ આટલા બધા ઉચાટ છે ? ન આવે તો ધરી રે'ને.'

ડોસા નિસાસો નાખતાચાલતા થયા 'અરે રામ !

એક વખત વેઠ માટે સિપાઈ જોડે તકરાર થતાં વીરાએ તેને જરા પરસાદ ચખાડ્યો. મુખીને કાને વાત જતાં ઠપકો દેવા એઆવ્યા, 'અરે ભલા માણસ, સરકારી આદમી પર હાથ ઉગામાતો હશે ? એ તો ઠીક છે, કે મેં એને સમજાવીને કાઢ્યો, નહિ તો . . . વાત વધી જાત.'

'શું થાત ?' વીરાએ ટેઢી આંખે પૂછ્યું.

'અરે જેલ ભેગા થવું પડે. આ કાંઇ ગામમાં મારઝૂડ કરે છે એ લાંલા થોડા છે ?' મુખીએ ચીઢ ઠાલવી.

'તો ભલા માણસ છો ને? વધવા દેવી'તીને વાત ? તમે અમથા વચ્ચે પડ્યા.'

મુખી ઊઠતાં ઊઠતાં બોલ્યા: તને દાંડને શું ? પણ ભેગું અમારે ય તણાવું પડે ને ?'

'એ તો તણાવું તો પડે જ તો ? મુખીપણું કાંઈ અમથું થાય છે ?' કહી વીરો હસ્યો.

મુખીને થયું: 'આ તો છેલ્લે પાટલે જઇ બેઠો છે !'

અને પછી તો વીરાની વાતો ડાંડ નામથી જ થવા લાગી. રાજીને કાને પણ વાતો પહોંચતી 'વીરો આખો દા'ડો દારૂમાં ચકચૂર રે' છે. કોઈ શિખામણ દેવા જાય છે તો ઉલટો સામો વળગે છે. ગામમાં ય એક–બે જણ સાથે લડી પડ્યો ને મારામારી કરી બેઠો. આ વરસ તો વેરો યે નથી ભર્યો.'

રાજી બળી ઊઠતી. અંતે એકવાર જાતે ભાઇને સમજાવવા ગઇ. 'મોટાભાઇ, તમે આવા કેમ થઇ બેઠા ?'

વીરાએ હસીને પૂછ્યું 'કેવો ?'

રાજી આંસુ ટપકાવતાં બોલી: 'જુઓને તમારા ઢંગ ! જોતાં જ બીક લાગે એવા થઇ ગયા છો ! જેનીતેની સાથે લડો છો. બરોબર ખેતી ય નથી કરતા ! આમ કેમ નભશે ?'

વીરાએ કહ્યું 'રાજી, તું રો નહિ ! મારી તારે જરા ય ફકર ન કરવી ! તું તારૂં સંભાળ.' અને પછી ભાણીઆને લઇ ઉછાળતો ઉછાળતો આખા ગામમાં ફરી આવ્યો.

થોડાક દિવસ રહી રાજી સાસરે જવા નીકળી. જતાંજતાં ખેતરો સુધી વળાવવા આવેલા વીરાને કહ્યું: 'મોટાભાઇ બુનને આંગણે કોક દન પગ તો મૂકો ! આ ભાણીઆનું ઉણુ ઊનાળામાં લગન લેવાનું છે; આવશોને ? ઉણુ તો ભાભીનું ય આણું કરાવી આપશે. મેં એક ફેરા તમારાં સાસુ મળ્યાં'તાં તે સમજાવ્યાં છે.'

વીરાનું ધ્યાન વાતમાં નહોતું. તેણે પડેલે મોંએ કહ્યું: 'બેની આ ફેરા તો તને સાલ્લો ય ન લેવાણો ! પણ થોડા દન કેડ ફરી આવી જજે. મારો જીવ . . .'

'લો હેંડો હવે; તમે તો ઘણું ય આપ્યું છે. ને વળી પાછો ક્યાં અવસર નથી આવતો?' બહેની બોલતાં તો બોલી ગઇ, પણ પસ્તાણી. ભાઇને કોઈ ધારે તેવી આબરૂ રહી નથી. ખેતીમાં પણ ઓણ કાંઇ પાક્યું નથી ક્યાંથી લાવશે? વિચારી પાછી બોલી: 'મારે મન તો ભાઇ છે એ મોટી વાત છે. આલ્યુંમેલ્યું કોનું પહોંચે છે? તમે તો એકો ફેરામાં ભવનું સાટું વાળ્યું છે.' કહી આંસુ વહાવવા માંડી.

'બેની, તું રો નહિ; મારાથી બધું ય વેઠાય છે, પણ તારાં આંસુ નથી દીઠાં જતાં. તું આમ ઘડીઘડી રૂએ છે શું કામ?' વીરાના અવાજમાં ચોકખું રુદન હતું. આંખમાં હઠીલાં આંસુ હતાં.

'મોટાભાઇ એક વચન માગું? આપશો?'

'માગ.' વીરાએ ખુલ્લા દિલથી કહ્યું.

'આ ભાણીઆને ગળે હાથ મૂકો: કોઇ દન વાર તહેવાર વગર દારૂ નહિ પીઓ.' રાજી કરગરી અને ગરીબડું મોં કરી તાકી રહી.

'જા બેની, આ ભાણાના સોગન છે જો કોઇ અડીઅપટી વગર દારૂ પીઉં તો. બસ?' ભાણાના ગળે હાથ મૂકતાં વીરાએ કહ્યું.

'જોજો પાછા હો? પેલા ફેરા પેઠે . . .'

'અરે કાંઇ ગાંડી થઇ?' વીરાએ હસતાંહસતાં કહ્યું.

પછીથી વીરો દારૂ નહોતો પીતો. છતાંય તેની આંખ, તેનું હલનચલન લોકોને દારૂડીઆ જેવું દેખાતું.

એક દિવસ તેને કંકોતરી મળી: 'ચૈતરની અજવાળી પાંચમે ભાણાનું લગન છે. ભાઇને માલમ થાય કે મારે તો મામેરામાં કાંઇ જોઈતું નથી. ખાલી હાથેય પણ મારો ભાઇ મારે આંગણે આવે.'

વીરો ફિકરમાં પડ્યો: 'બુનને આંગણે ખાલી હાથે જઉં? ધીક પડ્યો મારા અવતાર પર!' આમ મનમાં બબડી વિચારે ચડ્યો. ગમે એમ થાય, પણ મામેરૂં તો કરવું જ. બુનનું પેલું પેટ પરણે, ને ખાલી હાથે જઉં તો, મને મુવું લોક નીંદે તો, પણ રાજીને માથે જનમની ટાકોર રે'.

અને વીરાને કાને રાજીને મહેણાટતા લોકોના ભણકારા અથડાવા લાગ્યા: 'જોઇ જોઇ હવે. તારો ભાઈ મામેરૂં લાવવું તો સૂઇ ગયું, પણ ચાર ટકનો ખાડો પાડી ગયો એ ભૂલી ગઇ? શું જોઇને ઊંચી પાનીએ ફરે છે?' બીજી બાજુ, રોતી ને જન્માંતર નીચું મોઢું રાખી ફરતી બહેન દેખાઇ.

ન ભૂતમાં કાંઈ ભરી પ્રસન્નતા,
સંતૃપ્તિ ના 'આજ' મહીં ય છે જરી,
તો 'આવતી કાલ' તણા અગમ્યમાં
પ્રકાશનું કાઇક બિન્દુ પેખતાં
—તમિસ્રને ગર્ભ ભલે છુપાયું હો
તથાપિ—કાં માનવીએ ન રાચવું?
'ભાનુ'

આ પછી તે દિવસ ગણવા લાગ્યો. વળી ગામલોકોની વાતો પણ સંભળાતી: 'અમે ના કહેતા'તા, તો ય બુનને ઠાકોર જેવો સાસરવાસો કર્યો. હવે ક્યાંથી લાવે છે, ભાળીએ છીએ. પહેલેથી જ ઘોડે ન ચડ્યા હોત તો?' વીરાએ એનો જવાબ હોઠ કરડી મનમાં જ આપ્યો 'ભાળશો, ભાળશો.'

અંધાર સમુદ્રમાં ઊંઘની સોડ તાણી દુનિયા પડી હતી. વીરો ખાટલામાં આળોટતો હતો. તે નિશ્વાસ નાખતાં બબડ્યો: 'કાલ તો મામેરે જવાનું! હૈયા પર તેનું સ્વમાન હથોડા મારતું હતું: 'ખાલી હાથે—આ વીરીઓ ખાલી હાથે જવાનો? અને તે ય રાજીને આંગણે? અને એ ય એના પેલા અવસરે?' પ્રશ્નો સાથે કોઇ કેફ ભરાતી હતી. હાથપગમાં કોઈ જોમ આપતું હતું.

'ધૂળ પડી તારા જીવતર પર!' કહી ઊઠ્યો અને ઘરમાં ગયો.

થોડી વાર પછી ફાળીઆના છેડાની બુકાનીનો બુરખો બનાવી, બગલમાં કંઇક સંતાડી, ઉપર પછેડી ઓઢી અંધારામાં માર્ગ કરતો ગામ બહાર નીકળ્યો. પગમાં ધરતીના તાગ ખોળવાની મક્કમતા હતી. બુકાનીમાંથી તકતકતી ઘૂવડ જેવી આંખોમાંથી ભયંકરતા નીતરતી

હતી. મનમાં ગોઠવાતા વિચારોના ટુકડા થોડીથોડી વારે શબ્દો દ્વારા બહાર પડતા હતા: 'ઘણા ય ઘરાક દૂઝે છે' . . . 'વીરીઓ એમ પકડાઇ જાય, તો તો થઇ જ રહ્યું ને ?'

જે વખત વીરાએ મામેરૂં ઓઢાડવા માંડ્યું તે વખત લોકોની આંખો ઉઘડી ગઇ. માંહોમાંહે વાતો કરવા લાગ્યાં:'આ તો જાણે સાસરવાસો કરવા નીકળ્યો!'

રાજીનો હર્ષ માતો નહોતો. તેણે ભાઇને ગળગળે અવાજે કહ્યું પણ ખરૂં: 'મોટાભાઇ આવડું ભારે મામેરૂં તે હોય ?' વીરાએ હાસ્યમાં જ જવાબ આપ્યો.

મામેરૂં ઓઢાડી માંડ વીરો બેસવા જાય છે ત્યાં તો લોકોનો ગણગણાટ સાંભળ્યો:' ફોજદાર સા'બ!' રાજી મામેરાનાં કપડાં ગોઠવી ઘરમાં જવાને બદલે, મોં ફાડી રહી.

પોલિસ જોઇ વીરાને ભાગવાની ઇચ્છા થઇ; પણ હવે તે મોડું હતું. હવે તો હિંમત રાખ્યે જ છૂટકો, વિચારી તે ઊભો જ રહ્યો. એટલામાં ફોજદાર આવી લાગ્યા. સિપાહીઓએ રાજીની પાસેથી કપડાં હવાલે લીધાં. ને વીરાને અટકમાં લીધો.

'કેમ અલ્યા! મથુરચંદને ત્યાં ગઇ રાતે તેં જ ખાતર પાડ્યું છેને ? ફોજદારે પૂછ્યું.

વીરાને ના પાડવું યોગ્ય ન લાગ્યું, બધું ય દીવા જેવું હતું. પણ તેને એક સવાલ ઊઠ્યા કરતો હતો: આ બધું એટલામાં ઉઘાડું શી રીતે પડી ગયું ?! અને તેણે કહ્યું: 'ના. ખોટી વાત!'

'સાલા, તારો મુદ્દો–પુરાવો અમારી પાસે મોજુદ છે. જો આ કંકોતરી.' કહી ફોજદારે કાગળ ધર્યો.

'સાલ્લા જૂઠ બોલના . . .'

'એ મિયાં ! હાથ ના ઉગામતા. મેં ચોરી કરી છે. જે કરવું હોય તે કરો; પણ મારવા બારવાની વાત જવા દેજો.' વીરાના જુસ્સાવાળા શબ્દો કરતાં આંખોમાંથી વેરાતી આગ અજબ હતી. કંકોતરી જોતાં વીરો સમજી ગયો કે રાતે પડી ગએલી.

'પહેના દો હાથકડી.' ફોજદારનો હુકમ છૂટ્યો.

રાજી ચીસ પાડી ઊઠી: 'ભાઇ તેં આ શું કર્યું!' તે દોડીને ફોજદારનો પેગડામાં ઘાલેલો પગ પકડી લેતાં વિનવવા લાગી, 'સા'બ તમારો માલ લઇ જાઓ, જોઇએ તો એનો દંડ કરો, પણ સાબ ! મારા ભાઇને હાથકડી ન પેરાવો !'

'ચલ ! મેં છોડું તો ભી કાનુન નહિ છોડ સકતા.' ફોજદારે પગથી જ ધક્કો મારતાં કહ્યું.

'રાજી શું કામ લાતો ખાય છે?' વીરાએ ફોજદાર પરથી ફાટતી આંખો ખસેડતાં કહ્યું.

'ચલ તું કોટડીમેં, ચલ તેરા ઝેર ઉતારતા હું.' બબડતાં ફોજદારે ઘોડો ફેરવ્યો.

સિપાઇઓએ વીરાને હાથકડી પહેરાવી.


રાજીએ ચીસ નાખી: 'ભાઇ! ભૂંડા! છેવટે તારે બહેનને આંગણે હાથકડીઓ પે'રવા વખત આવી!' અને ચાલ્યા જતા ભાઇને જોવા ફાંફાં માર્યાં. પણ આંખો આડા આંસુના ડુંગર હતા. તેણે ફરી એક ચીસ નાખી: 'ભાઇ તારૂં શું થશે? આ હત્યારા તને મારી નાખશે! લોક કે'શે બેને ભાઇને જેલમાં . . . વળાવ્યો.'

'રાજી, તું કળાપાત ન કરતી! હું તો આવ્યો ગણ્યા દનોમાં.' વીરાએ કહ્યું, ને પાછળ એક નજર નાખી ઉમેર્યું, 'એમ જાણજે, મોસાળ ગયો છે.'

કોણ જાણે રાજીને હૈયે એ અવાજ ગયો કે ન ગયો. લોકો બૂમાબૂમ કરતા હતા: 'અલ્યા, પાણી લાવો પાણી! આના માથા પર રેડો!'

પન્નાલાલ પટેલ

(ટૂંક સમયમાં બહાર પડનારા સંગ્રહમાંથી)





તાડના ઝુંડમાંથી તાજ . . . . ફોટો–મણિલાલ મિસ્ત્રી

(ગયા ફાગણ માસની ફોટોગ્રાફી હરીફાઈમાં પહેલુ ઈનામ પામેલું ચિત્ર)



સરસ્વતી · દક્ષિણ ભારતનું શિલ્પ · (સ્વ. રામસ્વામી મુદલિયારના સંગ્રહમાંથી)

હાથી સરજનહારની સૃષ્ટિમાં બળ અને બુદ્ધિમાં શ્રેષ્ઠ તથા લાખો વર્ષોની સળંગ વંશાવલિ ધરાવતા પૃથ્વીના પ્રાચીનમાં પ્રાચીન પ્રાણીનો આનુવંશિક ઇતિહાસ

એક કાળ પર લાખો વર્ષોનો પડદો પડી ગયો છે. ત્યારે પૃથ્વી પર વનસ્પતિ પુષ્કળ પ્રમાણમાં હતી અને હવા પણ ગરમ છતાં ભેજભરી હતી. પૃથ્વીની અવસ્થાના એ ગાળાને ભૂસ્તરવિજ્ઞાનમાં 'ઇઓસીન યુગ'ના નામે ઓળખવામાં આવે છે: એ વેળા પૃથ્વી પર રાક્ષસી જીવોની વસ્તી હોવાને કારણે.

એમ તો પૃથ્વીના વિકાસક્રમના દરેક ગાળામાં તેના પર રાક્ષસી જીવો હસ્તી ધરાવતા હતા. અને હાલના ગાળામાં પણ ધરાવે જ છે. પણ તે ગત ગાળાઓ જેટલા વિપુલ પ્રમાણમાં નહિ. છતાં આજના હાથી, જીરાફ અને વ્હેલ માછલીઓ તો આ યુગના રાક્ષસોમાં જ આપણે ગણી શકીએ. એમાંનાં જીરાફ અને વ્હેલ હજુ આપણને પરદેશીઓ જેવાં જ છે, એટલે હમણાં આપણે હાથીથી જ શરૂઆત કરીએ.

પૃથ્વીના પટ પર હાથી જ એક એવું પ્રાણી છે જેની આખી વિકાસાપન્ન વંશાવળી આપણે સળંગ મેળવી શકીએ છીએ. પક્ષીઓનો ઉગમ કેમ થયો તેનું જ્ઞાન હજી અનિશ્ચિત છે. તેવી જ રીતે કરોડવાળાં બીજાં પ્રાણીઓનો યે ઉગમ અનિશ્ચિત છે. પણ હાથીનું તેમ નથી.

ઉપર આપણે જણાવી ગયા એ ઇઓસીન યુગમાં હાથીનો આદિ વડવો ઉત્તર આફ્રિકામાં હસ્તીમાં આવ્યો. એને મીરીથેરિયમના નામથી ઓળખવામાં આવે છે. મૂળે એને પગે ખરી હતી. ગધેડાના બચ્ચા જેવડું એનું કદ હતું ને વનસ્પતિ ચરી ખાતું. અત્યારે તાપીરને છે તેવું લાંબું નાક તેને હતું. પણ ઘાસચારી વ્યવસાયને લીધે તેનો ઉપલો હોઠ ને નાક વધતાં ગયાં જેણે ધીરે ધીરે વિકસિત થઇને આજની સૂંઢનું પૂર્વસ્વરૂપ પકડ્યું. એમના એ પ્રકારના અવશેષો દાક્ષિણ ઇજીપ્તમાં ફાયુમ મુકામેથી મળી આવ્યાં છે.

એ યુગને દસ લાખ વર્ષ વીતી ગયાં અને ઓલીગોસીન યુગ બેઠો ત્યારે મીરીથેરિયમ હાથીમાં અનેકગણો આનુવંશિક વિકાસ થઇ ચૂકયો હતો. એ ઓલીગોસીન યુગના હાથીના અવશેષ પણ આફ્રિકામાં જ મળ્યા છે. એને મૅસ્ટોડોન નામથી ઓળખવામાં આવે છે. તેનું નાક મીરીથેરિયમ કરતાં વધુ લાંબું હતું ને બે દંતુશળો પણ આગળ તરી આવ્યા હતા. આ મીરીથેરિયમ ને મૅસ્ટોડોન વચ્ચે ડીનોથેરિયમનો જે અંકોડો ખૂટતો હતો તે માયોસીન અને પ્લીઓસીન યુગના અવશેષોમાંથી મળી આવ્યો છે.

આ મૅસ્ટોડોન સુધીની હાથીની જાત આફ્રિકામાં જ બંધીઆર રહી હતી. પણ પછી જ્યારે વધુ વિકસિત થઇ, જડબાંને આધારે આખી સૂંઢ ટેકવતી તેમની ટેટ્રાબેલોડોન જાતિ હસ્તીમાં આવી ત્યારે એણે એ બંધીઆરપણા સામે બળવો કર્યો ને આખી પૃથ્વી પર વેર વિખેર રખડવા નીકળી પડી. પૅસિફિક અને ઍટલાંટિક ત્યારે જુદા મહાસાગરો ન હતા એટલે એમને એ રીતે રખડવાની સગવડ મળી.

ત્યાર પછી આવ્યા આપણા હાલના હાથીના વડવા—મૅમથ અને વામન હાથીઓ (Pony elephants). એમની હસ્તી કંઇ બહુ જૂની નથી. ફક્ત ત્રીસ હજાર વરસ જ એને વીત્યાં છે. મૅમથનાં તો આખાં શબો સાઇબીરિયાનાં બરફોમાંથી હજુ મળી આવે છે, ને વામન હાથીઓના માલ્ટામાંથી. ભેંસનાં શીંગડાંની પેઠે અંદરની બાજુએ વળેલાં જબરાં દંતુશળો ને ડીલે વાળવાળા આ હાથીઓમાંથી જે નિષ્પન્ન થઇ તે સીધાં દંતૂશળોવાળી, હાલના આપણા હાથીઓની સીધી પૂર્વજ જાતિ—Elephas antiqus.

હાલની વિકસિત વંશાવલિમાં યે પાછી બે જાત છે: આફ્રિકન અને હિંદી. બંને જાતો વચ્ચે બાહ્ય સામ્ય ઘણું છે, છતાં તફાવત પણ ઓછો નથી. આફ્રિકાના હાથીનું માથું હિંદી હાથીથી નાનું હોય છે. હિંદી હાથીના કરતાં તેના કાન બહુ મોટા હોય છે—આશરે પાંચ ફૂટ લાંબા અને ત્રણ ફૂટ પહોળા. વળી તેની સૂંઢને છેડે આંગળાં જેવા બે ફાંટા હોય છે. તેનાં દંતૂશળો પણ હિંદી હાથીથી મોટાં અને વજનદાર હોય છે. આટલા ફેર છતાં બંનેનો પૂર્વજ તો આપણે ઉપર ગણાવી ગયા એ જ હતો, જે અત્યારની



હિંદુસ્તાનનાં અને આફ્રિકાના હાથીઓનાં માથાં, કાન અને સૂંઢ વચ્ચે તફાવત બતાવતાં ચિત્રો. આફ્રિકન હાથીનું માથું હિંદી હાથીથી નાનું હોય છે, પણ તેના કાન બહુ મોટા હોય છે —આશરે પાંચ ફૂટ લાંબા ને ત્રણ ફૂટ પહોળા. વળી તેની સૂંઢને છેડે આંગળા જેવા બે ફાંટા હોય છે, જ્યારે હિંદી હાથીને એક જ હોય છે.

આફ્રિકન જાતથી સહેજ મોટો હતો. એક વખત અમેરિકામાં યે એ જાત ફેલાએલી હતી. સંભવ છે કે ત્યાં માણુસની હસ્તી પહેલાં જ તેનો નાશ થઇ ગયો હોય.

માલ્ટામાં જેના અવશેષો મળેલા એ વામન હાથીઓની એક જાત હજુ આફ્રિકામાં જીવી રહી છે. પુખ્ત વયે પણ એ ભાગ્યે જ ચારથી પાંચ ફૂટ ઊંચા થાય છે. તેમનું રહેઠાણ પશ્ચિમ આફ્રિકામાં કૉંગોનો ઉત્તર પ્રદેશ મનાય છે. હજુ સુધી એવો એક જ હાથી માણુસને હાથે ચડ્યો છે ને તે ન્યૂયૉર્કના સંગ્રહસ્થાનમાં સંઘરવામાં આવ્યો છે. દંતૂશળોથી જમીન ખોદી કાઢી કંદમૂળ પર જ એ ગુજારો કરતું હશે એમ મનાય છે.

આ તો આપણે હાથીની વંશાવલિ તારવી. હવે એનાં જાતિલક્ષણો અને વિશિષ્ટતાઓ પર આવીએ.

જગતમાં પહેલી સંસ્કૃતિ ઘડનાર આપણા જ પૂર્વજો હતા ને એમને મન તો હાથીઓનું મહત્ત્વ આજે આપણુને કલ્પનામાં યે ન આવે એટલું બધું હતું. ભગદત્ત અને ભૂરિશ્રવાથી લઇને તે પૃથ્વીરાજ ચૌહાણુના કાળ સુધી હિંદી દળોમાં હાથીઓનું જ પ્રાધાન્ય હતું. પણ એ જમાનો વીતી ગયો ને આજની સંસ્કૃતિના આરામાં એ ફરી સ્થાન પામે એવી સંભાવના પણ નથી.

હાથીની હાલની ઓલાદને 'Elephantidae' વર્ગના 'Proboscidea' નામના પેટાવર્ગમાં મૂકવામાં આવે છે. તેના જાતિવિશેષ વર્ગો માત્ર બે જ છેઃ હિંદી અને આફ્રિકન. હિંદી હાથી હિંદ ઉપરાંત બ્રહ્મદેશ, સિયામ, કોચીન ચીન, સુમાત્રા અને ઠેઠ બોર્નિયો સુધીના પટમાં મળી આવે છે. હિંદમાં તે હિમાલય, વિન્ધ્યાચળ, આસામ, બ્રહ્મદેશ અને સીલોનમાં થાય છે. હિમાલય ઉપર ચડતા ઘણીવાર તેઓ દેખાયા છે. ને દક્ષિણ હિંદનાં જંગલોમાં પણ ઘણી વખત ચારચાર કે પાંચપાંચ હજાર ફૂટ ઊંચા પહાડો પર તે ઘૂમતા જણાયા છે. પર્વતો ચડવાની આ કળા આફ્રિકન હાથીઓમાં યે છે ને ઘણીવાર તેઓ કેન્યા પર્વત પર દેખા દે છે.

જંગલી અવસ્થામાં પણ હાથીની શિસ્ત અને સમાજવ્યવસ્થા તો હરકોઇને આશ્ચર્ય ઊપજાવે એવી છે ને એ બાબતમાં તેનાં ગુણગાન પણ ઓછાં નથી થયાં. હિંદી હાથી બનતાં સુધી ત્રીસથી પચાસના ટોળામાં જ રહે છે. ઘણુંખરૂં તો આખું ટોળું એક કુટુંબનું જ બનેલું હોય છે. ફક્ત માદા કોઇવાર બીજા ટોળામાં ભળે છે. દરેક ટોળું સહજવૃત્તિ અનુસાર પોતપોતાની મર્યાદાને ચીવટપણે વળગી રહે છે.

સિયામ અને બ્રહ્મદેશમાં વળી સફેદ હાથીની એક જાત થાય છે. એમાં યે પેગૂ તરફના હાથીઓ સુંદર ગણાય છે. બંને દેશોમાં તેમની પૂજા કરવામાં આવે છે. બ્રહ્મદેશમાં જ્યારે બ્રહ્માી રાજાઓનું રાજ્ય હતું ત્યારે એવો એકે રાજા નહોતો જેનું હાથીથાન સફેદ હાથીઓથી વંચિત હોય.

આફ્રિકન હાથી તો બારથી ચૌદ ફૂટ સુધીની ઊંચાઇના હોય છે, પણ હિંદી હાથીની સરેરાશ ઊંચાઈ નવ ફૂટ ગણાય છે. જો કે દસ ફૂટ ઊંચાઇના પણ ક્યારેક મળી આવે છે. માદાની સરેરાશ ઊંચાઇ સાડા આઠ ફૂટ હોય છે.

એમના ખોરાકમાં ઘાસ, પાંદડાં ને કેટલાંક ઝાડોની છાલોનો પણ સમાવેશ થાય છે. પણ ખાસ કરીને વાંસની કૂંપળો, કેળનાં ફળ અને પાંદડાં, તથા અંજીરની કૂંણી ડાળખીઓ એમને ખૂબ ભાવે છે. તડકો એમને બહુ નથી ગમતો. તેમની ચામડીનો ઘેરો કાળો રંગ ગરમીનું જલદી શોષણ કરતો હોવાનું પણ કદાચ એમાં મુખ્ય કારણ હશે.


પાણી પીતી વખતે એ સૂંઢનો છેડો પાણીમાં બોળી એક ચૂસ ભેગું પંદરથી અઢાર ચોરસ ઇંચ પાણી ચૂસી લે છે. પછી સૂંઢ વાળી બધું પાણી

મોંમાં ઠાલવી દે છે. એક સામટું દસ ગૅલન પાણી તે પેટમાં સમાવી શકે છે ને પાછું તે મરજીમાં પડે ત્યારે સૂંઢ મારફત શરીર પર છંટકારવા બહાર કાઢી શકે છે. દિવસ આથમ્યા પછી કે ઊગ્યા પહેલાં એને તરસ બહુ લાગે છે.

તડકા કરતાં છાંયડો એને વધુ પસંદ હોય છે. અને પાણી કે કાદવમાં નહાવું ને આળોટવું એ તો એની પ્રિય રમત છે. જંગલમાં હોય ત્યારે ગરમીના દિવસોમાં પોતાની પીઠ એ હમેશાં ભીની ને ભીની રાખે છે. એનું કારણ, એની ચામડી ખૂબ પાતળી હોય છે ને તેથી જીવડાંનો ડંખ તેને વધુ લાગે છે. એ ગજબનો તરવૈયો હોય છે. નિષ્ણાતોનું તો કહેવું છે કે જમીન પરના કોઈ પણ પ્રાણી કરતાં એ વધુ ઝડપે તરી શકે છે. પાણીમાં એ બહુ ઊંડો તરે છે ને એની સાધારણ ઝડપ પણ કલાકે એક માઈલની હોય છે. એ કૂદી શકતો નથી, પણ એની દોડ એટલી ઝડપી હોય છે કે કલાકના પંદર માઇલ તો એ રમતવાતમાં કાપી નાખે છે.

સાઠ વર્ષ એ હાથીની પુખ્ત વય ગણાય છે. હિંદીમાં એને માટે કહેવત છે, કે 'સઠ્ઠા તબ પઠ્ઠા.' હાથણીનું દૂધ મધુર, શીતલ અને પૌષ્ટિક હોય છે. એ ઘણું ખરું દોઢ પોણા બે વર્ષે એક બચ્ચાને જન્મ આપે છે. દૂધ ઉપરાંત આફ્રિકાના લોકો એનું માંસ પણ ખાવામાં વાપરે છે.

નીમકહલાલીમાં હાથી કૂતરા કે ઘોડાથી યે ચડી જાય છે. એની નીમકહલાલી અનેક વાર્તાઓની પ્રેરણારૂપ બની છે. નીમકહલાલી જેટલી જ તીવ્ર એની માનાપમાનની લાગણી અને સમજશક્તિ હોય છે. ઉપકારના બદલામાં એ બેશક કૃતજ્ઞતા દાખવે છે; પણ અપમાન અથવા તિરસ્કારનો બદલો તો એ ખૂનથી જ લે છે. એનો ક્રોધ મહાકાળ જેવો હોય છે. જંગલમાં યે જ્યારે એ આવેશમાં આવે છે ત્યારે કશું તેને અંતરાયરૂપ નથી રહેતું. ઝાડોનાં ઝાડો તે તોડી પાડે છે. વાઘ ને સિંહ જેવા જોડે આખડી પડતાં તે અચકાતો નથી અને એના વજ્રાઘાતી દંતૂશળો



હાથીનો વિકાસક્રમ બતાવતાં ત્રણ ચિત્રો

ઉપર: લાખો વરસ પર ઇઓસીન યુગમાં થઇ ગએલો હાથીનો આદિ વડવો મોરીથૅરિયમ. ૩ ફૂટ ઊંચું, ગધેડાના બચ્ચા જેવડું એ પ્રાણી પોતાના તાપીર જેવા લાંબા નાક વડે ઘાસચારો ચરી ખાતું. એ ક્રિયામાં ઉપયોગી એવું લાંબું નાક તથા ઉપલો હોઠ કાળક્રમે વધતાં ગયાં અને દસ લાખ વરસ પછી તે વિકસીને સૂંઢનું રૂપ જેમાં ધારણ કરતાં ગયાં એ ઑલીગોસીન યુગનો હાથી મૅસ્ટોડોન વચલા ચિત્રમાં બતાવ્યો છે. એને બે દંતૂશળો દેખાવાની પણ શરૂઆત થઇ ગઇ હતી. તે પછી એ વિકસીને, જડબાંને આધારે આખી સૂંઢ ટેકવની ટેટ્રાબેલોડોન નામની જાત હસ્તીમાં આવી તે ત્રીજા ચિત્રમાં બતાવી છે. ત્યાર સુધી માત્ર આફ્રિકામાં જ બંધીબાર રહેલી હાથીની ઓલાદમાં આ જાતે બળવો કર્યો અને તે આખી પૃથ્વી પર રખડવા નીકળી પડી. ત્યારથી હાથી બીજા દેશોમાં વસવાટ કરતો થયો.

પર્વતોની શિલાઓ સુદ્ધાંના ભુક્કા ઊડાડી દે છે. વળી ક્યારેક તો જાતે ભય પેદા કરી તેમાંથી છૂટવાની મજા માણવાની મોજ પણ તેને થઇ આવે છે. સરકસના કેટલાક અનુભવીઓના કહેવા પ્રમાણે ઘોડા અને કૂતરા તરફ તેને ચીડ હોય છે.

પાળેલા હાથીઓનું આયુષ્ય દોઢસો વર્ષનું લેખવામાં આવે છે. જંગલી હાથીઓ કેટલું જીવતા હશે તે તો કોણ જાણે, કારણ કે આફ્રિકાની પેઠે હિંદમાં પણ કુદરતી રીતે મરેલા કોઇ જંગલી હાથીનું મુડદું હજી સુધી હાથ નથી આવ્યું. જી. પી. સૅન્ડર્સન જેવો એ માટે આખા હિંદનાં જંગલો ખૂંદી વળેલો, પણ પરિણામે તો નિરાશા જ મળી.

હાથીનું કદ રાક્ષસી છે, એટલે જ એના પગ ટૂંકા છતાં તેમાં હાડકાંની ગોઠવણી એવી તો સુમેળ હોય છે કે આખા શરીરનું વજન તે સહેલાઇથી ઝીલી શકે છે; એટલું જ નહિ પણ ઘૂંટણ નીચેનો ભાગ તે મરજી મુજબ આગળ પાછળ વાળી શકે છે એ તો સરકસના ઘણા યે રસિયાઓનો અનુભવ હશે. પગે એને માણસની જેમ જ પાંચ આંગળાં હોય છે, પણ ઉપરથી તે જાડી ચામડી વડે અને નીચે ઓશીકા જેવી ચામડીની ગાદીથી ઢંકાએલાં હોય છે.

એના કદ ઉપરથી એનું મગજ પણ આપણે વિશાળ કલ્પી લઇએ, પણ તેમ નથી. આંખના ઘરાથી માંડીને સૂંઢ સાથે જોડાતા કરોડના હાડકા વચ્ચેના નાના ભાગમાં જ તેનું મગજ સમાઇ જાય છે. માણસ જેમ હાથીને પણ દૂધીઆ દાંત આવે છે, જે પાછા કુમળી વયમાં જ પડી જાય છે ને પછી નવા દાંત આવે છે. તેના ઉપલા અને નીચલા બંને જડબાંને દરેક છેડે છ છ દાંત હોય છે, જેમાં એકે રાક્ષસી નથી હોતી.

ખાનપાનનું તેનું સાધન માત્ર તેની લાંબી સૂંઢ જ છે. વહેવારૂ ઉપયોગિતા સાથે એ સૂંઢમાં જ હાથીની ઘ્રાણ અને સ્પર્શશક્તિ રહી છે. ઉપરાંત, એ ખૂબ નાજુક પણ હોય છે. એટલા માટે જ ભયમાં આવતાં હાથી પોતાની સૂંઢની સૌ પહેલી દરકાર કરે છે. તેની ઘ્રાણશક્તિ બહુ જબરી હોય છે. હજારો વાર દૂરથી એ દુશ્મનની ગંધ પામી જાય છે. વળી એની સૂંઢ એવી મુલાયમ હોય છે કે તે વડે નાજુકમાં નાજુક વસ્તુઓ પણ તે ઊંચકી શકે છે. એનું કારણ, તેની એ એકલી સૂંઢમાં જ ચાળીસ હજાર સ્નાયુઓ રહેલા છે.

એના દાંતનો તો જબરો વેપાર ચાલે છે. હિંદમાં દર વર્ષે પાંચ હજાર મણ હાથીદાંત આફ્રિકાથી આવે છે. આફ્રિકાથી આવતા એ હાથીદાંતનો આખો ઇતિહાસ લોહીખરડ્યો છે. શાહમૃગનાં પીછાંની જેમ જ દંતૂશળો હાથી માટે શાપ સમાન નીવડ્યા છે. એ માટે માણસે છેક પાષાણ યુગથી જ એની કત્લ આદરી શરૂ કરી હતી, પણ સુધરેલા માણસે વેપારના બહાના નીચે તો એ કત્લ અનેકગણી વધારી મૂકી છે. હાથી કે શાહમૃગ સિવાય પણ જીવસૃષ્ટિના એવા કેટલા જીવો છે જેની ઉપયોગિતા માણસને મન એમના જીવનનાશ પૂરતી જ છે? અને એ રીતે તો ખલકમાં માણસ હિંસ્ર પ્રાણીઓથી યે વધુ ભયંકર પુરવાર થાય છે.

અશોક હર્ષ

એંધાણી

વંકી ધરા, પગ લથડે, ખૂટતાં શ્વાસ ટકે કેમ કાય?
જોજનફાળે ધપતું જોબન અધવચે પછડાય,
ત્યાં અપંગનું શું થાય?

લંગડા કેરી ટેકણલાકડી આંધળાની આંખ થાજે,
ડગૂમગૂ ડગલાં ભરનારનો હાથ દોરી તું ધાજે,
વીરા એટલું કરતો જાજે!

કોઇ નહિ, વ્હાલાં લાકડાં વનનાં ભેગાં આવી સૂવે,
એવું કહેનાર અનેક તારામાં કૈંક વિસામો જુએ
એનાં આખરી આંસુ લુવે!

પર્વત કેરી પાંખ ધસાય, જ્યાં શોષાય સાગરવારિ,
વંટોળમાં વનવૃક્ષ ખડે ત્યાં મૂકતી રાંક એંધાણી;
સેર જીવનની છલકાણી!

કાળકિનારે રેતમાં આટલી આછી પાતળી રેખા
સંભારણાની આંકજે: મૂંગી ઝાલર ઠેક બજેયા
'ધન્ય અન્ય કાજે જીવ્યો ભૈયા!'

પ્રેમશંકર હ. ભટ્ટ

દેહરાદૂન . . . . . ભાગીરથી અને કાલિન્દીના અભિસારનો પ્રદેશ

પૂર્વે ભાગીરથી અને પશ્ચિમે કાલિંદીને રાખી, દક્ષિણે પ્લક્ષપ્રસ્ત્રવણ (શિવાલિક) પર્વત સુધી વિસ્તરેલી એક રમણીય હરિયાળી ખીણ નગાધિરાજ હિમાલયની ગોદમાં સમાએલી છે. એ પ્રદેશ તે આપણા સ્કંદપુરાણનો કેદારખંડ. આજે તેને દેહરાદૂનના નામે ઓળખવામાં આવે છે.

'દૂન' એટલે તો ખીણ; પણ તેની આગળ 'દેહરા' ક્યાંથી આવ્યું ? એ શબ્દ ત્યાં લગાડવાનાં ઘણાં કારણો બતાવાય છે. ઇ.સ. ૧૬૯૯માં શીખોના ગુરુ રામરાયે એ દૂનમાં 'ડેરા' (પડાવ) નાખેલા તે પરથી એ પ્રદેશ 'ડેરાદૂન'ના નામે ઓળખાયો. કોઇ કહે છે કે એ જ ગુરુ રામરાયનો દેહોત્સર્ગ એ ખીણમાં થયો એટલે તેને 'દેહ+હરા' = દે'હરા + દૂન કહેવામાં આવી. વળી એવી પણ એક માન્યતા છે કે આચાર્ય દ્રોણની તપોભૂમિ એ પ્રદેશ; એટલે તે ખીણ દ્રોણદૂનના નામે પ્રસિદ્ધ થઇ, અને દ્રોણનું અપભ્રંશ દેહરા થયું.

આ પ્રદેશનું કુલ ક્ષેત્રફળ ૧૧૮૯ ચોરસ માઇલ છે. જેની ઉપરથી ખીણમાં નજર નાખતાં ચક્કર આવે એવાં, સૌંદર્યધામો મસૂરી, માલકોટ, ચકરાતા, વાવર, ગઢૂલ, ઇતિહાસપ્રસિદ્ધ નાગસિદ્ધ વગેરે અગ્ર હિમાલયના પહાડોના કેટલાક ભાગનો સમાવેશ આ પ્રાંતમાં થાય છે. તેમની ટૂકો તો આઠ હજાર ફીટથી પણ વધુ ઊંચી હશે, અને એમાંની કેટલીક વરસમાં આઠેક મહિના સુધી હિમાચ્છાદિત રહે છે.

આ પ્રદેશની નજીકમાં જ દક્ષિણે આવેલા બુઝર્ગ ગિરિવર શિવાલિક પાસે આજનો આ શૈલેન્દ્ર હિમાદ્રિ તો હજી ગઇ કાલનું બચ્ચું ગણાય. દેહરાખીણની ઊંચાઈ પણ અઢી હજાર ફીટ કે તેથી વધુ છે. એની જમીનને ફળદ્રૂપ બનાવતી ગંગા–જમના ગંગોત્રી અને જમનોત્રીમાંથી નીકળી તેમની અનેક શાખાઓ સાથે આ પ્રદેશમાંથી જ વહે છે. અહીંનું વાતાવરણ મનોરંજક છે. માત્ર શિયાળાની ઠંડી ગરીબોને કષ્ટદાયક બને છે. વર્ષાઋતુમાં તો અહીંની નિસર્ગશ્રી પૂર બહારમાં ખીલી નીકળે છે. પ્રતિવર્ષ આશરે ૮૪ ઇંચ વર્ષાદ અહીં પડે છે. વસ્તીનો મોટો ભાગ ખેતી પર નભનારો છે અને કુલ જનસંખ્યા ૨,૩૦,૦૦૦ લેખાય છે. મૂળ નિવાસીઓ ગઢવાલી રાજપૂત કે બ્રાહ્મણો છે. ઉપરાંત બીજા ઘણા ધંધાર્થે આવી વસેલા છે.

દેહરાદૂન તેની ચાર 'ચ'કારની પેદાશ (ચોબ, ચૂનો, ચાવલ અને ચા) માટે પ્રસિદ્ધ છે. ચોબ એટલે ત્યાંનાં મેદાનો અને પહાડો પરનાં ગીચ સુનિર્વત્રિત જંગલોમાં થતાં સાલ, સૈન, સીસમ, ચીડ, દેવદાર વગેરે વૃક્ષોનું ઇમારતી લાકડું. ચૂનાના પત્થરો તો અહીંના વહેળા અને નદીઓમાં પુષ્કળ તણાઇ આવે છે. તેમને ભઠ્ઠીઓમાં પકાવી ઉત્તમ ચૂનો ઠેરઠેર તૈયાર કરવામાં આવે છે. ચાનું વાવેતર અહીં સને ૧૮૧૬માં થએલા અંગ્રેજ સરકારના આગમન પછી શરૂ થયું અને આજે ૫૫૦૦ એકર જમીનમાં ચા દેહરાદૂનમાં વવાય છે, જેમાંથી દરવર્ષે ૨૦ લાખ પૌંડ ચા તૈયાર થાય છે. અને પોતાના બાસમતી ચોખા માટે તો દેહરા હિંદભરમાં પ્રસિદ્ધ છે. પણ હવે દિવસાનુદિવસ સંજોગાનુસાર ચોખાના વાવેતરનું સ્થાન શેરડીનું વાવેતર લેતું થાય છે. દેહરાદૂનની લીચી (એક સ્વાદિષ્ટ અને સરસ ફળ) પણ વિશિષ્ટ ખરી. હાથમાં લઈ ફરવાની લાકડીઓ અને ગુરખાઓના પ્રિય હથિયાર ખુખરીની બનાવટ પણ અહીંની ખાસ વખણાયછે.

નૈસર્ગિક સૌંદર્ય અને હિમગિરિ સિવાય બીજી પણ જોવા જેવી ઘણી જગ્યાઓ અહીં છે. દેહરાદૂનના નામે જાણીતું સ્વચ્છ અને સુંદર દેહરાનગર એ મુખ્ય શહેર છે. તેની વસ્તી ૪૦,૪૦૦ની છે, જેમાં નિવૃત્તિ લઇ વસેલા અંગ્રેજો અને ઍંગ્લો–ઇન્ડિયનોનો પણ સમાવેશ થાય છે. બાગબગીચાઓથી ઘેરાએલાં અહીંનાં ઘરોની રચના મનોહર લાગે. અહીંની 'ફૉરેસ્ટ રીસર્ચ ઇન્સ્ટીટ્યૂટ' (જંગલ ખાતાનું સંશોધનમંદિર) અને 'સર્વે ઑફ ઇંડિયા'ની જીઓડેટીક બ્રાંચની મુખ્ય ઑફિસ જોવાનો જો મોકો મળે તો કદિ ન ગુમાવવો. કેટલા યે અજાણ યાત્રીઓ એ સંસ્થાઓ જોવાની અવગણના કરે છે, પણ તેમને એ સંસ્થાઓની

નિસર્ગની રમ્ય ક્રીડાભૂમિ . . . વનવિદ્યા અને સૈનિક શિક્ષણની કૉલેજોનું ધામ



સહસ્રધારા જતાં રસ્તામાં—દેહરાદૂનના ખીણપ્રદેશનું દૃશ્ય (સ્કેચ: ર. મ. રાવળ)

સાધનસંપન્નતા અને ઉપયોગીપણાનો ખ્યાલ નથી હોતો. પ્રજાકીય અને સરકારી શિક્ષણસંસ્થાઓ પણ



દેહરાદૂનમાં એક ધોધ (ર. મ. રાવળની સ્કેચ-બુકમાંથી)

અહીં ઘણી છે. તેમાંની કેટલીક તો બિલકુલ અંગ્રેજી ઢબ પ્રમાણે કેળવણી આપે છે. કાંગડી ગુરુકુળ વિશ્વવિદ્યાલય જોડે સંબંધ ધરાવતું અહીંનું કન્યા ગુરુકુલ કન્યાઓના શિક્ષણ માટે એક મહત્ત્વનું સ્થાન ધરાવતી સ્વતંત્ર સંસ્થા છે.વનવિદ્યાનું શિક્ષણ આપતી ઇમ્પીરીઅલ ફૉરેસ્ટ કૉલેજ અને સૈનિક શિક્ષણ આપતી ઇન્ડિયન મિલિટરી ઍકેડેમી તથા રૉયલ ઇન્ડિયન મિલિટરી કૉલેજ પણ બીજી શિક્ષણસંસ્થાઓ સાથે ખાસ જોવા જેવી ખરી.

રાજપુરથી પૂર્વે ત્રણ માઇલ પર એક પહાડી કંદરા આવેલી છે. અહીં પાણીનો એક સુંદર ધોધ સહસ્રધારાઓથી નીચે પડે છે. એ સહસ્રધારાની પાસે ગંધકના પાણીનું એક ઝરણ છે, જેના પ્રયોગો આરોગ્યવર્ધક મનાય છે. દેહરાદૂન કૅન્ટોન્મેન્ટની ઇશાનમાં થોડે દૂર સુદૃઢ ભેખડો વચ્ચેથી પાણીની એક ધારા વહે છે. એ 'ગચ્ચુપાની'નું દૃશ્ય પણ મનોહર છે.

જમનાને કિનારે લાખામંડલ નામે પાંડવોનું એક મંદિર છે તેમાં પાંડવોની સેંકડો મૂર્તિઓ છે. કહે છે કે પાંડવોએ ત્યાં એક મોટો યજ્ઞ કરેલો. રાજા વિરાટની રાજધાની વિરાટગઢનાં નિશાનો પણ હજી દેહરાખીણમાં મળે છે: કાલિંદીને તીરે કાલસી પાસે ચિત્રશિલા નામે સ્થળ છે. અહીં મહારાજા અશોકની મહાનતા અને ઉચ્ચ વિચારો દર્શાવતો એક શિલાલેખ છે. સમ્રાટ અશોકના બધા મળી ચૌદ શિલાલેખો પ્રસિદ્ધ છે પણ તેમાંથી માત્ર ચાર જ આજ પૂર્ણ સ્વરૂપે મળે છે. આ કાલસીની અશોકશિલા તે માંહેની એક છે. હૃષિકેશ, ચંદ્રની, ગુરુદ્વારા રામરાય વગેરે તીર્થસ્થાનો પણ જાણીતાં છે. દેહરાદૂનમાં ગુરુદ્વારા રામરાય પર પ્રતિ વર્ષ ચૈત્ર વદ પાંચમે ભરાતા મોટા ઝંડા મેળામાં દૂરદૂરથી હજારો માણસો આવતા હોઇ વેપાર વગેરે માટે લોકસમૂહની નજરે

એ અગસ્તનો છે. જંગલોમાં પણ સિદ્ધ મહાત્માઓની ઘણી સમાધિઓ છે. દેહરાદૂનથી બહુ દૂર નહિ તેવાં પહાડી નિવાસસ્થાનો ચમરાતા અને મસૂરી તો દેશભરમાં જાણીતાં છે. મસૂરી તો હવા ખાવાના ગિરિનિવાસોમાં રાણી સમું ગણાય છે.

આ પુરાણપ્રસિદ્ધ દેહરાદૂને પણ કેટકેટલી રાજસત્તાઓ જોઇ હશે? અશોકના પ્રતાપી રાજ્યની આબાદી તેણે અનુભવી તેમ તૈમુરની લૂટનો પણ ભોગ તે બન્યું. ગઢવાલી, મુગલાઇ અને ગુરખા સત્તાઓનું શાસન ઘણાં વર્ષો સુધી દેહરાદૂનમાં રહ્યું. શીખ અને મરાઠા પણ અહીં પહોંચેલા. છેવટે ઇ. ૧૮૧૬માં કલિંગાના કિલ્લામાં ગુરખાઓનો પરાજય કરી બ્રિટિશ સરકારે દૂનમાં પોતાની હકૂમત જમાવી.

દૂનમાંથી હિમાચ્છાદિત નગાધિરાજનાં અનેકાનેક સ્વરૂપ નીરખીએ કે કલકલ નિનાદ ગજવતાં વહેતાં જતાં રમ્ય ઝરણોનું ગીત સાંભળીએ યા તો વનસ્પતિથી ભરપૂર ઊંડી ખીણો અને ઉચ્ચ શિખરો કે ત્યાંનાં ગામડાંઓનું રૂપદર્શન કરીએ; એ બધું ત્યાંની ભવ્યતા અને ખૂબી આપણી પાસે રજૂ કરે છે. ત્યાંનાં ગામડિયાંનું રસિક જીવન જાણીએ કે ઘેટાં ચારતા સાલસ ભરવાડ અને મોહક ચાલે ચાલી આવતી મસ્ત ગોવાલણને જોઇએ તો અનેરો આનંદ આવે. પણ વાંસ કે લાકડાંના ભારા માથે મૂકી કે મોટા વજનદાર ટોપલા ઊંચકી પર્વત ચડતા અહીંના મજૂર કે કંગાલ ખેડૂતના જીવનની ભીતરમાં નજર નાખતાં તો જરૂર દુઃખ જ થાય, અને મનને કલેશ થાય કે દૂરદૂરથી આવી જીવનતીર્થ હરિદ્વારના પ્રવેશમાર્ગે દાખલ થતા પ્રવાસીને જે દૂનની નિસર્ગશ્રી બહલાવે છે અને જ્યાં પ્રાકૃતિક સમૃદ્ધિની છોળો ઊડે છે તેના જ પુત્રોના એવા બેહાલ શે?

'રખાલી'



હોલૅંડમાં રહેતા બાર્નેવેલ્ટ નામના કોઇ શખ્સને સ્પેનને મદદ આપવાના આરોપસર ત્યાંના ન્યાયાધીશે ફાંસીની સજા કરી. બે મહિના બાદ તેના એક વકીલ મિત્રને ખબર પડી કે ન્યાયાધીશે બે હજાર ફ્લોરીનની લાંચ લઈ આ સજા કરેલી.

એક વખત લાગ જોઇ પેલા વકીલમિત્રે ન્યાયાધીશને કોર્ટ વચ્ચે સંબોધ્યા: 'સાહેબ, તમારા વિષે બે વાતો બોલાય છે, પણ હું તે સાચી નથી માનતો. એક તો એ કે તમારામાં અક્કલ થોડી છે, ને બીજું, તમે લોભી છો. તમારામાં અક્કલ તો થોડી ન જ કહેવાય કારણ બીજી કોઇપણ કોર્ટને ન જણાયો એવો બાર્નેવેલ્ટનો ગુનો તમને ભયંકર જણાયો ને તમે તેને ફાંસી આપી. અને તમને લોભી પણ ન કહી શકાય, કારણ, મારા જેવાને આખી દુનિયાની દોલત મળે તો પણ એવા માણસને સજા ન કરે તે તમોએ ફક્ત બે હજાર ફ્લોરીનથી જ સંતોષ માની લઇને કરી.'

ઈસ્ટ ઇંડિયા કંપનીના બૅરિસ્ટર રૅન્ડેલ જૅકસનને ખૂબ લાંબુંલચ ભાષણ કરવાની ટેવ. એક વખત ચીફ જસ્ટીસ લૉર્ડ એલનબરો આગળ ભાષણ કરવા ઊભા થતાં તેણે શરૂઆત કરી: કુદરતની કિતાબમાં એમ લખાએલું છે કે—'

'મહેરબાની કરી જણાવશો કે કેટલામે પાને?' એલનબરોએ તેને વચ્ચે જ અટકાવ્યો. ત્યારથી એલનબરો પાસે એવું ભાષણ કરવાની ટેવ તેણે છોડી દીધી.

એ જ જસ્ટીસ એલનબરોની આ બીજી વાત છે. કોઇ નવો જ બૅરિસ્ટર લડવા ઊભો થએલો. જીભ પરનો કાબૂ ઓછો એટલે એકને એક વાત ચાલ્યા કરે. તે બોલ્યો, 'મીલૉર્ડ, મારો કમનસીબ કુલ કે જે કમનસીબ કુલ મારી બાજુએ ઊભો છે તે કુલ મારા લૉર્ડ, મારો કમનસીબ કુલ—'

'આગળ ચલાવો સાહેબ, એટલે સુધી તો કોર્ટ તમારા મતને મળતી છે!' એલનબરોએ જવાબ આપ્યો.

શિક્ષક: હવે વિનુ, એકાશી હજાર ચારસો ને બારમાં છોતેર હજાર નવસો ને ત્રેવીસ ઉમેરીએ તો શું આવે?

વિનુ: ખોટો જવાબ, સાહેબ!

એક સ્કૉટ્સમૅનને એક કૂતરો વેચવાનો હતો. એક અંગ્રેજે તેને ચાર પૌંડની ઑફર કરી જ્યારે એક અમેરિકને પાંચ પૌંડની. પણ તેણે કૂતરો તો ચાર પૌંડમાં અંગ્રેજને જ આપ્યો.

અમેરિકનને આથી બહુ આશ્ચર્ય થયું ને પેલા અંગ્રેજના ગયા બાદ તેણે આનું કારણ પૂછ્યું.

'કારણ, લંડનથી એ તરત પાછો નાસી આવી શકે, પણ આખો આટલાંટિક તરીને તો એ કદી પાછો ન આવી શકે.' સ્કૉટસમૅને જવાબ આપ્યો.

આ મહિનો (જુલાઈ) . . . અને એની પ્રતિભા

તા. ૧ '૫૭ના સ્વાતંત્ર્યયુદ્ધમાં શામિલ થઇ ઇંદોરના હોલકરના લશ્કરે રેસીડેન્સી પર હલ્લો કર્યો (ઇ. ૧૮૫૭) * * કુડાલોર મુકામે ફ્રેંચોએ અંગ્રેજો સાથે તેમની વિરુદ્ધ ટીપુ સુલતાનને સહાય ન કરવાની સંધિ કરી (ઈ. ૧૭૮૩)

તા. ૭ મિત્રરાજ્યોના સૈન્યે પારીસમાં પ્રવેશ કર્યો (ઇ. ૧૯૧૫)

તા. ૮ સામ જેબ્રાઈલ, સામ રાફાએલ અને સામ માઇગેલ એ ત્રણ વહાણો અને ૧૭૦ માણસો સાથે વાસ્કો ડા ગામાનો કાફલો તાગુસથી હિંદની શોધે ઉપડ્યો (ઇ. ૧૪૯૭)

તા. ૯ '૫૭ના વિપ્લવવાદીઓએ દિલ્હીમાં કંપની સરકારના લશ્કરને હરાવ્યું; આ હારથી અંગ્રેજો એટલા બધા ચીડાયા કે તેમણે છાવણીમાંના બેગુનાહ હિંદી નોકરો તથા ભિસ્તીઓને કત્લ કર્યા (ઇ. ૧૮૫૭)

તા. ૧૦ જનરલ હૅવલોક કાનપુર આવી પહોંચ્યો; તેની સામેની લડાઈમાં હાર થતાં નાના સાહેબ બિઠૂર ચાલ્યા ગયા (ઇ. ૧૮૫૭)

તા. ૧૧ સ્કૉટલૅન્ડના વીર રાજા રૉબર્ટ બ્રૂસનો જન્મ (ઇ. ૧૨૭૪) * * બ્રિટિશોએ ઍલેક્ઝાન્ડ્રિયા પર બૉમ્બમારો ચલાવ્યો (ઇ. ૧૮૮૨) * * ગુજરાતના પ્રખ્યાત પારસી સાક્ષર બહેરામજી મલબારીનું અવસાન (ઇ.૧૯૧૨)

તા. ૧૨ ઉત્ક્રાન્તિવાદનો પહેલો ઉદ્ઘોષ કરનાર ઇરૅસ્મસનું બાલ (Basle) મુકામે અવસાન (ઇ. ૧૫૩૬)

તા. ૧૫ મહાન ડચ ચિત્રકાર રેમ્બ્રાંનો લીદાં મુકામે જન્મ. (ઇ. ૧૬૦૭)

તા. ૧૬ આંગ્લ ચિત્રકાર સર જોશુઆ રેનૉલ્ડ્ઝનો જન્મ (ઇ. ૧૭૨૩)

તા. ૨૧ કૅનૅડાની પહેલી રેલવે ખુલ્લી મુકાઇ (ઇ. ૧૮૩૬)

તા. ૨૭ અફઘાનિસ્તાનના શાહ યાકુબખાનના ભાઇ અયુબખાને મૈવાંદ મુકામે અંગ્રેજ સૈન્યનો પરાભવ કર્યો, જેમાં ૯૬૪ મરાયા ને ૧૬૭ ઘાયલ થયા (ઇ. ૧૮૮૦) * * મહાન અંગ્રેજ શિલ્પી સર ફિલિપ ચૅન્ટ્રીના મૃત્યુ બાદ સો વર્ષે તેણે મૂકી ગએલા ફંડમાં ઍંસી હજાર પૌંડ ઉમેરી સર હેન્રી ટેટ ઇંગ્લંડની નૅશનલ ગૅલેરી (જે આજે ટેટ ગૅલેરીના નામથી ઓળખાય છે તે) ખુલ્લી મૂકી (ઇ. ૧૮૯૭)



આ માસની વિભૂતિ
બહેરામજી મલબારી

ઇ. ૧૮૫૩ વડોદરા મુકામે જન્મ. ત્યાં કુટુંબમાં ખટરાગ થવાને કારણે તેમની બે જ વર્ષની ઉંમરે તેમનાં માતા સુરતમાં આવી વસ્યાં. અહીં આવી બહેરામજી ખૂબ કુસંગમાં પડી ગયા. બાર વર્ષની વયે માતાનું મૃત્યુ થતાં એકાએક તેમની આંખો ઉઘડી ને તેમણે સઘળાં દુર્વ્યસનોનો ત્યાગ કર્યો.

હવે તેમને જ્ઞાન મેળવવાની ઝંખના થઇ ને સુરતની મિશન શાળામાં તે દાખલ થયા. ત્યાંના અધ્યાપક રેવ. વિલિયમ ડિક્સનની સહાયથી મૅટ્રિક સુધીનો અભ્યાસ કર્યો. પણ ગણિતમાં નાપાસ થવાથી આગળ અભ્યાસ મુલતવી રાખવો પડ્યો.

બહેરામજીનું વલણ પહેલેથી જ સાહિત્ય તરફ પુષ્કળ હતું. શેક્સપિયર, મિલ્ટન, વર્ડ્ઝવર્થ, સ્પેન્સર આદિનો એમણે ખૂબ અભ્યાસ કર્યો. એ પોતે કવિ હતા, ને અંગ્રેજી સાહિત્યના પારાયણ બાદ અંગ્રેજી ગુજરાતી બન્ને ભાષામાં કાવ્યો રચવા માંડ્યાં. તેમની કીર્તિ ફેલાતી ફેલાતી ખ્રિસ્તી ધર્મોપદેશક રેવ. ડૉ. વિલ્સનના કાને પહોંચી. તેણે સર કાવસજી જહાંગીર સાથે તેમનું ઓળખાણ કરાવ્યું ને એમણે ટાઇમ્સ ઑવ ઇંડિયાના ત્યારના સુપ્રસિદ્ધ તંત્રી મિ. માર્ટિન વુડના હાથ નીચે રખાવી દીધા. ધીમે ધીમે સામાજિક અને રાજકીય સુધારણા પરના તેમના લેખોએ શિક્ષિત વર્ગમાં પ્રતિષ્ઠા જમાવવા માંડી.

ઇ. ૧૮૭૫ એકાદ બે મિત્રોની સહાયથી 'ઇંડિયન સ્પેક્ટેટર'નામનું અંગ્રેજી સાપ્તાહિક શરૂ કર્યું.

ઈ. ૧૮૭૮ મિ. માર્ટિન વૂડ ટાઇમ્સ ઑવ ઇંડિયામાંથી છૂટા થતાં તેમની મદદથી 'ગુજરાત અને ગુજરાતી' નામનું બીજું પત્ર શરૂ કર્યું.

ઇ. ૧૮૮૩ સર વિલિયમ વેડરબર્નની સૂચનાથી દાદાભાઇ નવરોજજીના આશ્રય નીચે 'વૉઈસ ઑવ ઇન્ડિયા' પત્ર શરૂ થયું, તેના પહેલેથી જ મલબારી મુખ્ય લેખક બન્યા. એમના જુદાજુદા વિષયો પરના બધા લેખોનો સંગ્રહ થાય તો મોટાં વૉલ્યુમો થવા જાય. સંકોચવૃત્તિને કારણે એ ઝાઝું બહાર આવતા નહિ, પણ સ્ત્રીશિક્ષણ અને વિધવાવિવાહનો પ્રચાર, સેવાસદનની સ્થાપના, એ બધું શ્રેય એમને જ ઘટે છે.

તેઓ ત્રણ વખત વિલાયત જઇ આવેલા. ઇંગ્લંડની લોકસ્થિતિ પર એમણે લખેલા 'ધી ઇંડિયન આઇ ઓન ઇંગ્લિશ લાઇફ' પુસ્તકથી તો ત્યાંના સૅટર્ડે રિવ્યૂ જેવા પત્રે તેમને રડિયાર્ડ કિપ્લિંગની કોટીમાં મૂકેલા.

છેલ્લે તેમણે 'ઇસ્ટ ઍન્ડ વેસ્ટ' નામનું પ્રખ્યાત માસિક શરૂ કરેલું, પણ એની કારકીર્દિ એ લાંબી જુએ તે પહેલાં ૧૯૧૨ના જુલાઇની ૧૧ મીએ તેઓ સીમલા મુકામે એકાએક અવસાન પામ્યા.

મીઠાનો ગાંગડો . . . . . . દુનિયાનો રાજા

આપણામાં કહેવત છે કે 'સૂંઠને ગાંગડે ગાંધી ન થવાય.' એ વાક્યની પૂર્તિરૂપ આ વિજ્ઞાનયુગમાં શક્ય બનેલા એવા જ વાક્યને એની જોડે સાંકળી દઇ એ કહેવત આપણે આ પ્રમાણે લખીશું તો તેમાં કૈં પણ અજુગતું નહિ થાય કે 'સૂંઠને ગાંગડે ગાંધી ન થવાય, પણ મીઠાને ગાંગડે તો દુનિયાના રાજા થવાય.'

દેખીતી રીતે આ વાક્યમાં અસંભવિતતા લાગે છે. રસાયણવિજ્ઞાનના બીનઅભ્યાસીને તો જરૂર એ વાત અશક્ય લાગશે, પરંતુ રસાયણવિજ્ઞાનની પ્રગતિ સાથે પ્રસ્થાન કરવાનું જેણે ચાલુ રાખ્યું છે તેને તો એની શક્યતા અને સત્યતા સંબંધે રજ માત્ર શંકા નથી.

એ વાતને આજે પૂરાં ત્રીસ વર્ષ પણ થયાં નથી. અમેરિકામાં આવેલા નાયાગરાના ધોધ આગળનો પ્રદેશ તે વખતે ટાઇફૉઇડ તાવનું કેન્દ્રસ્થાન બની રહ્યું હતું. નાયાગરા નદીના કાંઠે વસેલાં શહેરોનો ગંદવાડ ત્યાં એકઠો થતો અને તેમાંથી ટાઇફૉઇડ તાવના જંતુઓ ઉત્પન્ન થતા. આજે 'ક્લોરિન' * ના ઉપયોગ પછી ત્યાં એ તાવનું નમાનિશાન પણ રહ્યું નથી. એ 'ક્લોરીન' તે મીઠાના ગાંગડામાં રહેલાં બે તત્ત્વોમાંનું એક.

અલબત્ત, ટાઇફૉઇડ તાવના જંતુઓનો નાશ કરવા માટે વપરાતા 'ક્લોરિન'નો ભાગ અત્યંત સૂક્ષ્મ છે. પાણીથી ભરેલા એક આખા કૂવામાં 'ક્લોરિન'નાં ચારપાંચ ટીપાં તેમાં રહેલા ટાઇફૉઇડ તાવના જંતુઓનો નાશ કરવા માટે પૂરતાં છે.

અને આ ક્લોરિન જેવી ઉપયોગી વસ્તુ મીઠાના ગાંગડામાંથી જ બનાવાય છે! પોલાદી પતરાંઓના બનેલા એક નાના ટાંકાની અંદર મીઠાનું દ્રાવણ ભરવામાં આવે છે. એ દ્રાવણની અંદર મીઠાને અડે નહિ તેવી રીતે કાર્બન (એકૂસન ગ્રેફાઇટ)ની લાંબી પાટો એક બીજાને સમાંતર મૂકેલી હોય છે. આ પાટો ધન વિદ્યુન્મય (anode) હોય છે, જ્યારે ટાંકાના પોલાદી પતરાં ઋણ વિદ્યુન્મય (cathode) હોય છે. પછી આવાં અનેક ટાંકાં સાથે સાથે ગોઠવી એક ક્રમ (series)માં તેમનું જોડાણ કરવામાં આવે છે. એટલે, કે એક ટાંકાનો 'ઍનોડ' બીજા ટાંકાના 'કૅથોડ' સાથે, બીજા ટાંકાનો 'ઍનોડ' ત્રીજા ટાંકાના 'કૅથોડ' સાથે એમ એ બધાં ટાંકાંઓને જોડવામાં આવે છે. ત્યાર પછી જ્યારે એ ટાંકાંઓની અંદર વિદ્યુતનો પ્રવાહ પસાર કરવામાં આવે છે ત્યારે જે બે તત્ત્વો—સોડિયમ (Sodium) અને ક્લોરીન (Chlorine)—મીઠાની અંદર રહેલાં છે તે છૂટાં પડે છે. 'કાર્બન'ની પાટો આગળથી ટાંકાંઓની વચ્ચે થઇને ક્લોરિન ગૅસ નીકળે છે તેને ભૂંગળા વડે બહાર લઇ જવામાં આવે છે. સોડિયમ છૂટું પડી પાણી સાથે મળી 'કૉસ્ટિક સોડા' અને 'હાઇડ્રોજન' પેદા કરે છે. આ સાદી પ્રક્રિયાને નીચે પ્રમાણે લખી શકાયઃ—

મીઠું + પાણી = મીઠાનું દ્રાવણ → ક્લોરિન + કૉસ્ટિક સોડા + હાઇડ્રોજન.

અને આ ત્રણ પુત્રરત્નો—ક્લોરિન, કૉસ્ટિક સોડા અને હાઇડ્રોજન—ની માતા તરીકે જ રસાયણશાસ્ત્રીઓ મીઠાના ગાંગડાને જગ જીતવાનું સાધન માની રહ્યા છે.

યુરોપ–અમેરિકામાં તો ક્લોરીન, કૉસ્ટિક સોડા અને હાઇડ્રોજન ઉત્પન્ન કરવા માટે લોકોએ કરોડો રૂપિયા ખરચી કારખાનાંઓ બંધાવ્યાં છે. નાયાગરાના ધોધમાંથી પેદા થએલ વિદ્યુત્ શક્તિની મદદથી તે પ્રદેશના સાન્નિધ્યમાં ક્લોરિન, કૉસ્ટિક સોડા અને હાઇડ્રોજન બનાવવા માટે જંગી કારખાનાંઓ ઊભાં થયાં છે.

પાણીની શુદ્ધિમાં ક્લોરિનનો વપરાશ તો નહિ જેવો છે. કેટલાંક રસાયણો બનાવવામાં પણ તેનો થોડો ઉપયોગ થાય છે. ઘણુંખરું ક્લોરિન 'બ્લીચિંગ પાઉડર (Bleaching Powder) બનાવવામાં વપરાય છે. ભીના ચૂનાની અંદર જ્યારે ક્લોરિન ગૅસ પસાર કરવામાં આવે છે ત્યારે 'બ્લીચિંગ પાઉડર' બને છે. કેટલુંક ક્લોરિન પ્રવાહી બનાવવામાં આવે છે અને તેનો ઉપયોગ કાગળ, લાકડાંનો વહેર, રૂ, વગેરેને શુદ્ધ કરી શ્વેત કરવામાં થાય છે. ક્લોરિનનો બીજો અગત્યનો ઉપયોગ રંગો અને દવાઓ બનાવવામાં થાય છેઃ જેવાં કે, સલ્ફર બ્લૅક, બનાવટી ગળી, એન્થ્રેકિવનોન, બેન્ઝોઇક ઍસિડ, બેન્ઝાલ્ડેહાઇડ, સોડા–બેન્ઝોએટ, ક્લૉરોફૉર્મ, કાર્બન ટેટ્રાક્લોરાઇડ,

---

*Chlorine

સલ્ફર ક્લોરાઇડ વગેરે. ઘાસલેટમાંથી પેટ્રોલનું ઉત્પાદન કરવા માટે, તેલોને ગંધક રહિત કરવામાં, ઇમારની લાકડાને સાચવવા માટે વપરાતા 'ઝિંક ક્લોરાઇડ'ની બનાવટમાં, ધાતુઓનું શોધન અને શુદ્ધિ કરવામાં, અતિશય શુદ્ધ હાઇડ્રોક્લોરિક ઍસિડ બનાવવામાં અને જંતુનાશક દવાઓની બનાવટમાં વપરાતું ક્લોરિન, જાણેઅજાણ્યે, આપણા રોજના જીવનમાં અનેક રસ્તે પ્રવેશ કરે છે.

પણ ક્લોરિનની રૌદ્રતાનો આપણે વિચાર કર્યો નથી. એના માર્ગમાં જે જે વસ્તુઓ આવે છે તેનો એ નાશ કરે છે. માણસના શ્વાસમાં જઇ તે માણસને યમસદન પહોંચાડે છે. યુરોપના ગયા મહાયુદ્ધમાં ક્લોરિને કેટલા યે નિર્દોષ મનુષ્યોનું સત્યાનાશ કાઢ્યું હતું. સુવર્ણ અને પ્લૅટિનમ જેવી બીજાં રસાયણોથી ન ઓગળતી ધાતુઓ પણ ક્લોરિનને વશ છે. માત્ર એકલા સુક્કા લોખંડ ઉપર ક્લોરિનની કશી અસર થતી નથી; અને તેથી જ એને લોખંડનાં વાસણોમાં ભરી રાખવામાં આવે છે. ક્લોરિન પ્રસન્ન થાય ત્યારે ન્યાલ કરી દે છે; વિફરે છે ત્યારે નાશ કરી નાંખે છે. માણસ આવી પ્રચંડ વસ્તુને તેની ધારણા મુજબ વાપરી શકે છેઃ જગત્‌ના પરમાર્થે અથવા પોતાને સર્વોપરિ કરવાના હલકટ સ્વાર્થી રસ્તે.

મીઠાના પાણીમાંથી ઉત્પન્ન થએલો બીજો અગત્યનો પદાર્થ તે હાઇડ્રોજન વાયુ. એ ક્લોરિન સાથે મળી હાઇડ્રોક્લોરિક ઍસિડ ગૅસ બનાવે છે. આ ગૅસ રસાયણવિજ્ઞાનમાં બહુ જ અગત્યનો છે. હાઇડ્રોજનનો બીજો ઉપયોગ વેજીટેબલ ઘી બનાવવામાં થાય છે. ચરબી, કોપરેલ, અથવા ગગફળીના તેલની અંદર નિકલ (Nickel)ની * ભૂકી નાખી હાઇડ્રોજન પસાર કરવામાં આવે છે ત્યારે તેલ ઠરી જાય છે અને તેનું વેજીટેબલ ઘી બને છે. હવામાંના ઑક્સિજન સાથે હાઇડ્રોજનનો સંયોગ થઇ પાણી બને છે. આવી રીતે જો હવામાંથી ઑક્સિજનને કાઢી લેવામાં આવે તો બાકી નાઇટ્રોજન ગૅસ રહે. અતિશય દબાણ અને અતિ ઉષ્ણ સ્થિતિમાં કેટલાક સહાયકારી પદાર્થોની મદદથી નાઇટ્રોજન હાઇડ્રોજન સાથે મળી ઍમોનિયા અથવા અપાન વાયુ બનાવે છે. આ ઍમોનિયા ગૅસને ઠંડો પાડી પ્રવાહી બનાવી લોખંડની નળીઓમાં ભરવામાં આવે છે અને તેનો ઉપયોગ પાણીનો બરફ બનાવવામાં અથવા તો ગરમ દિવસમાં તેનો પ્રવાહ લઇ ઠંડી ઉત્પન્ન કરવામાં થાય છે.

ઍમોનિયાનો બીજો એથી પણ વધારે અગત્યનો ઉપયોગ બનાવટી ખાતરો બનાવવામાં થાય છે. સલ્ફ્યુરિક ઍસિડ સાથે ઍમોનિયા મળી ઍમોનિયમ સલ્ફેટ બને છે. એ ખાતર તરીકે ઘણું ઉપયોગી છે. ફૉસ્ફરસ (સ્ફુરક)સાથે ઍમોનિયાનો સંયોગ 'ઍમોનિયમ ફૉસ્ફેટ' નામનું અતિ ઉપયોગી ખાતર ઉત્પન્ન કરે છે.

આવાં બનાવટી ખાતરોની મદદથી કપાસ બહુ સુંદર ઊગી શકે છે. પરંતુ કપાસનો નાશ કરનારા જંતુઓ પણ હોય છે. આ જંતુઓ કપાસ ઊગી રહે તે પહેલાં જ તેનો નાશ કરી નુકસાન પહોંચાડે છે. પણ આ વખતે ક્લોરિન કપાસની મદદે આવે છે. ક્લોરિનમાંથી બનાવેલો બ્લીચિંગ પાઉડર સોમલ સાથે એકઠો મળી એક રસાયણ બનાવે છે અને આ રસાયણ કપાસના દુશ્મન જંતુઓનો નાશ કરે છે.

કપાસમાંથી રૂને છૂટું પાડી મીલમાં મોકલવામાં આવે છે. ત્યાં તેના દોરા બને છે. આ દોરાઓને પછી સોડિયમ હાઇપોક્લોરાઇટ (Sodium Hypochlorite) નામના પદાર્થથી ધોવામાં આવે છે. આ પદાર્થ કૉસ્ટિક સોડા સાથે ક્લોરિન મેળવવાથી બને છે. છેવટે દોરાઓને રેશમ જેવો ચળકાટ આપવા માટે કૉસ્ટિક સોડાના દ્રાવણમાં નાખવામાં આવે છે. હવે દોરાઓ સંપૂર્ણ શ્વેત અને રેશમ જેવા મુલાયમ બની રહે છે.

ઇમીટેશન—નકલી—રેશમ બનાવવામાં પણ ક્લોરિન અને કૉસ્ટિક સોડાનો ફાળો ઓછો નથી. રૂના તાંતણાઓને એકઠા કરી તેમને કૉસ્ટિક સોડાના દ્રાવણ સાથે ઉકાળવામાં આવે છે. પછી બ્લીચિંગ પાઉડરથી તેને શુદ્ધ કરી તેમાંથી સફેદ બ્લૉટિંગ પેપર બનાવવામાં આવે છે. રેશમની બનાવટમાં આ મૂળ વસ્તુ છે. બીજી વસ્તુ વીજળીની ભઠ્ઠીમાં ગંધક અને કોલસાને બાળવાથી થાય છે. એ 'કાર્બન ડાયસલ્ફાઇડ' નામનો ખૂબ ગંધાતો ભારે પ્રવાહી પદાર્થ છે. તેની અંદર

* સાધારણ સંજોગોમાં ન ચાલતી કેટલીક પ્રક્રિયાઓ અમુક પદાર્થોની સહાયથી ચાલુ કરી શકાય છે. આવા પદાર્થો એ પ્રક્રિયાની અંદર ભાગ લીધા વગર તેને ચાલુ કરી શકે છે. નિકલની ભૂકી એવો જ એક પદાર્થ છે.

કૉસ્ટિક સોડા નાખવાથી સોડા-ઝૅન્થેટ (Soda Xanthate) નામનો પદાર્થ ઉત્પન્ન થાય છે. પછી પેલો 'બ્લૉટિંગ પેપર' આ પદાર્થની અંદર ઓગાળવામાં આવે છે અને તેમાંથી ચાસણી જેવો ચીકણો પદાર્થ ઉત્પન્ન થાય છે. આ પદાર્થને અતિશય બારીક કાણાંમાંથી ખેંચી તેમાંથી ઝીણા તાર બનાવવામાં આવે છે. આ જ આપણું ઇમીટેશન રેશમ છે. અને કપાસિયાંનું તેલ કૉસ્ટિક સોડા સાથે મળી સાબુ બનાવે છે!

આમ મીઠાને ગાંગડે દુનિયાના સર્વોપરિ થવાની કોઇ હામ ભીડે તો તેમાં જરા યે આશ્ચર્ય નથી. ખરેખર, મીઠું તેમાંથી ઉત્પન્ન થતા પદાર્થો સાથે વૈજ્ઞાનિકો પાસે એક મહત્ત્વનું રસાયણ છે. **પદ્મકાન્ત ર. શાહ**

જીવલો

ઘુવડની કારમી ચીસ જેવી દિલ કંપાવતી ઠંડીમાં રાતના અગીઆરના ટકોરે ચાની દુકાનની પાણીની કુંડી આગળ બેસી આઠ વરસનો જીવલો કપ-રકાબી સાફ કરતો હતો. ઊંઘ અને ભૂખના અવિરત યુદ્ધમાં ઊંઘ તેને દરરોજ પોતાના મસ્તીભર્યા બદનમાં લલચાવી લેતી ને જીવો કોઇ વખત ચાના ખાલી ખોખા ઉપર તો કોઇ વખત પતરાની ખુરશીના પગને પકડી થોડું સૂઇ લેતો. આજ પણ એનો એ જ મહાસંગ્રામ મંડાઇ ગયો હતો.

'બે સ્પેશિયલ આવે બત્તી આગળ' ખોખરો અવાજ સંભળાયો.

થોડી વાર કોઇ બોલ્યું નહિ.

'એ જીવલા, ક્યાં મરી ગયો? બત્તી આગળ બે સ્પેશિયલ.' ખોખરા અવાજની ભયંકરતા જાણે જીવતી જાગતી ઊઠતી હોય તેમ દુકાનનો શેઠ ઊઠયો. પાણીની કુંડી આગળ જઇ તેણે જોરથી અર્ધ નિદ્રા લેતા જીવલાની પીઠ પર લાત મારી. જાગી, પોતાનું શરીર સાચવે ન સાચવે ત્યાં તો જીવલો કુંડીમાં જઇ પડયો.

'હું તો કોપરકાબી . . . ' રડતો રડતો જીવલો ઊભો થયો.

'સુવ્વર, સાંભળતો નથી? પેલા કાનજી માસ્તરને બે સ્પેશિયલ આપી આવ. ઊંઘવું છે મોટા લખેશરીના દીકરાને!' કહી શેઠે બે ત્રણ ધોલો ચોડી દીધી.

કુંડીથી થોડે દૂર ચાના કૂચાના સ્વાદનું વ્યસની ગધેડું સ્થિતપ્રજ્ઞ ઊભુ હતું.

જીવલાએ બત્તી પાસે બેઠેલા ગામના પ્રતિષ્ઠિત કાનજી માસ્તર અને સાહિત્યકાર શરદેન્દુકુમારના ટેબલ ઉપર જીવલાએ બે કપ મૂકયા. તેનું મુખ જોતાં શરદેન્દુકુમારે પૂછયું, 'તારે માબાપ છે?'

'મા તો કયારની યે મરી ગઇ બાપુ છે.'

'તને દાડી શું મળે છે?'

'અગ્યાર પૈસા; પણ આજ તો નવ જ મળશે.'

'કેમ?'

'ગઈ કાલે એક કોપ ઢોળી નાખ્યો હતો.'

'લે હવે, બે પાન લઇ આવ. એક તેજ ને એકમાં એકલા ધાણા.' કાનજી માસ્તરે એક પૈસો આપી જીવલાને વિદાય કર્યો.

'It is inhuman—inhuman' શરદેન્દુકુમારનો આત્મા કકળી ઊઠયો.

રાતના બાર વાગે જીવલો ઘેર ગયો.

'લાવ કેટલા પૈસા લાવ્યો?' જીવલાના ભાઇએ ગઇ કાલની દાડી માગી.

'લે આ નવ પૈસા. બે પૈસાનું ખાધું'તું.' જીવલાના મોઢા પર માત્ર શૂન્યતા હતી.

'હવે ખાઇ લે' કહી તેનો ભાઇ સૂઇ ગયો.

રોટલો ને પાડોશીએ આપેલું શાક ખાતાં ખાતાં તેને ઝોકું આવી ગયું. હાથમાં રાખેલું રોટલાનું બટકું શાકની તાંસળીમાં એમ ને એમ પડી રહ્યું. દીવાના ઝાંખા પ્રકાશમાં પડખું ફરતા ભાઇએ આ જોયું.

'જીવલા, સૂઇ ગયો? જલદી ખાઇ ઊંઘી જા.'

ઝબકી ગએલો જીવો જવાબમાં માત્ર હસ્યો. હાડ, ચામ વિનાના દિલના દુઃખી માણસો ઘણી વખત હસે છે એવું! ફરી પાછું એણે ખાવાનું શરૂ કર્યું. એનું આખું અંગ મારથી ને હિમ જેવા પાણીથી કળતું હતું. 'હેં ભાઇ! બાપુ ક્યારે આવશે?' એણે પૂછયું, પણ ભાઇ ઊંઘતો હતો.


માત્ર અંધારી રાત કર્તવ્યભ્રષ્ટ આદર્શવાદી મિત્રના વિશ્વાસઘાત જેવી આખા ગામને ડંખતી પડી હતી.

કાગળની કોતરણી

કરનાર · મગનલાલ પટેલ

આ ચિત્રો આટલા નાના ગાપમાં કાતરથી કોતરવામાં ગગનભાઇ પટેલે આકારોના સમુદાય અને રેખાઓના પદબંધ ઠીક સંચવ્યા છે. તવડી જેવા ગામડાને ખૂણે બેઠાંબેઠાં, પોતાની ખેતી અને ગૃહસ્થાશ્રમનો ભાર ખેડતાં ખેડતાં આવો કલાપ્રેમ જાળવી રાખનારા સંસ્કારી યુવાનો થોડા હશે. તે સાથે એમાં એક પ્રકારની જે સંસ્કારિતા અને સફાઇ દેખાય છે તે પ્રશંસાપાત્ર છે. તેમને વધુ તાલીમ અને જ્ઞાનપરિચય મળે તો ઘણાં મૌલિક સર્જનોવાળી જાળીઓ છાપો, મુદ્રાઓ તેઓ ઉપજાવી શકે. કાતરકામની એક મુશ્કેલી અને પ્રતિબંધ એ છે કે દરેક રેખા કે આકૃતિ કોઇ ને કોઈ બાજુથી ઝીલાઇ રહેવી જોઇએ; એટલે એવી આધારરૂપ રેખાઓનો ઉપયોગ કરતાં શોભાને આઘાત થવા ન ઘટે. ભાઇ ગગનભાઇને કુદરતના વળાંકો વધુ ચોકસાઈથી ઉતારવા ભલામણ છે. ર. મ. રા.











જીવનનું પરોઢ

ભાગ બીજો

પ્રકરણ દસમું • ખેતરાઉ નિશાળ

મને ભય છે કે હું જે લખવા માગું છું એ નહિ લખી શકું. એ અનુભવ, એ ચેતન અને ઉલ્લાસનો વણથંભ્યો પ્રવાહ અને તારા-ખરીની પેઠે પળે પળે ઝરતો બાપુજીનો ઝગારો, આ લૂખા કોરા કાગળ પર કેવી રીતે દેખાડી શકાય?

બે કલાકની અમારી એ શાળા વિદ્યારાશિથી છવાએલા કોઇ વિદ્યાલય કરતાં લગીરે ઓછી ગંભીર ન હતી. વિદ્યાવિહાર—કલ્પનાનાં ઉડ્ડયનો કે તર્કના ડૂબકી દાવ—એમાં ભલે ન હતાં, પરંતુ શિક્ષક અને વિદ્યાર્થીની એકાગ્રતા, ભણવા–ભણાવવાનો રસ લેવા–આપવાની આવડત ને પૂરો પરિશ્રમ ત્યાં હતાં.

ગયા પ્રકરણમાં એ વાત આવી ગઇ કે પરોઢિયે ૬ થી ૮ સુધ ખેતી ચાલ્યા પછી શીરામણ કરી મોટાઓ પાછા ખેતરે પહોંચતા અને અમે છોકરાઓ નિશાળના ઝુંપડામાં. ત્યાં નવથી અગિયાર સુધી નક્કર કામ ચાલતું. અરધા પોણા કલાકે ટકોરા થતાં વારા પ્રમાણે ભણાવનારા શિક્ષક અમારી સામે હાજર થતા. શિક્ષક આવતાં ઊભા થવાનું કે હાથ જોડવાનું કે એમને આવવાનો રસ્તો મોકળો કરી આપવાનું અમે ન જાણતા. એક જણ ભણાવીને જાય કે અમે તુરત બીજું કામ હાથમાં લેતા, એકબીજાને પૂછવાનું શરૂ કરી દેતા; અને શિક્ષક આવે તે અમારી સાથે એક મોટો પૂછનારો ને બતાવનારો બની બેસી જતો. ઘણી વાર શિક્ષકજીના પગે ખેતરનો ગારો ચોંટી રહેતો. એમના પહેરણની બાંય કોણી સુધી ચડેલીની ચડેલી રહેતી અને વચ્ચે આવી પડેલું કામ પતાવી ઝટ પાછા ખેતરે પહોંચી જવાની ઉતાવળ અમારા શિક્ષકના ચહેરા પર દેખાઇ આવતી.

ગણિત, ગુજરાતી, ગીતા અને વ્યાકરણ એ અમારા મુખ્ય વિષયો હતા. અંગ્રેજી પણ બધા શીખતા; પરંતુ તેને સારૂ સવારનો મોંઘા મૂલનો સમય ન ખર્ચતા. તામિલ અને હિંદી બાળકોને ગુજરાતીને બદલે તે તે શીખવાની સગવડ મળતી.

ગણિતના શિક્ષક મારા પિતાશ્રી, ગુજરાતીના મગનલાલ કાકા અને જેકી બેન, ગીતાના મગનભાઈ માસ્તર અને બાપુજી. મોટે ભાગે વિષયો અને વિદ્યાર્થીઓ એક રહેતા, પણ શિક્ષકો બદલાતા રહેતા. મુખ્ય અધ્યાપક બાપુજી પોતે રહેતા. એવી નિશાળ ભાગ્યે જ કોઇએ જોઈ હશે, જ્યાં ચાલુ નિશાળે મુખ્યાધ્યાપક પાસે પહોંચો તો તેમના હાથમાં વેલણ કે કડછી દીપી રહ્યાં હોય. નિશાળના બે કલાકનો મોટો ભાગ બાપુજી મોટા રસોડામાં મુખ્ય રસોઇઆનું કામ કરવામાં આપતા. પોતાનાં પચ્ચીસ ત્રીસ બાળકોમાં કોઇને કાચી કે બળેલી રોટલી ન પહોંચે એની તેમને ફિકર રહેતી. જમણનો ઘંટ વાગી જાય છતાં રસોઇ અરધી જ થઇ હોય એવો પ્રસંગ ન આવવા દેવા જાતે રસોઇ કરતા. આમ મુખ્ય રસોઈઆની અને મુખ્યાધ્યાપકની બેવડી જવાબદારી ઉપરાંત ડરબન આદિ સ્થળેથી આવનારા પરોણાઓને મુલાકાત આપવાનું પણ આ સમયે ચાલતું એ જુદું.

કોને શું ભણાવવું, કોના કોના વર્ગ સાથે ચલાવવા, એક શિક્ષક સંસ્થાના મહત્ત્વના કામમાં રોકાઇ જતાં કોણે તેની જગ્યા પૂરવી એનો રોજે રોજનો નિર્ણય બાપુજી આપતા. કોના કેટલા દાખલા ખરા પડ્યા ને કોના કેટલા ખોટા પડ્યા એનો હિસાબ વર્ગ પૂરો થતાંની સાથે બાપુજી પાસે પહોંચતો. અને બપોરે જમવાનું પીરસતી વખતે દાખલામાં પાર ન ઊતરનારની મીઠી ટકોર પણ કોઇકોઇ વાર તેઓ કરી લેતા. રોજના શ્રુતલેખન પર સારી લખાવટના દોકડા આપવાનું કામ બાપુજી જ કરતા; અને અમારા જેવાં અબોધને ગીતાનો ગંભીર બોધ રસભરી રીતે આપવાનું પણ એ જ કરતા. મગનભાઇ માસ્તર અમને સંસ્કૃત શ્લોકોના ઉચ્ચારો શીખવતા અને મુખપાઠ કરાવતા; બાપુજી શ્રી ગટુલાલજીની ગીતાના સમશ્લોકી ગુજરાતી પદ્યના અર્થ કરાવતા. ગીતાનાં એ પ્રવચનો આજે યાદ નથી, છતાં એ સાંભળતાં મારા મનમાં શું ચાલતું

એ યાદ છે. પણ એ વાતને એક આખું જુદું પ્રકરણ જોઇશે. અહીં વર્ગોની જ વાત કરું.

દર અઠવાડિયે—ઘણે ભાગે દર શનિવારે અમારી પરીક્ષા લેવામાં આવતી. એક અઠવાડિયે ગણિતની, બીજે અઠવાડિયે ગુજરાતીની, ત્રીજે ગીતાની, ચોથે અંગ્રેજીની એમ દર મહીને એક એક વિષયની પરીક્ષા થતી. પરીક્ષાના જવાબો બાપુજી તપાસતા અને તે જ દિવસની સાંજની પ્રાર્થનામાં એનાં પરિણામો સંભળાવી જતા; ભૂલચૂક સુધારતા. શનિવારની અમે આતુરતાથી રાહ જોતા. બાપુજી કે મગનભાઇ માસ્તર અમને પ્રશ્નપત્રો આપી પોતાને કામે ચાલ્યા જતા. અમારા ઉપર ચોકી કરતું કોઇ ઊભું રહેતું એવું કાંઇ મને યાદ નથી આવતું. અમને કોઇને એક બીજામાંથી છાનો છાનો ઉતારો કરી લઈ પોતે હોય તે કરતાં વધુ હોશિયાર દેખાવાની ઇચ્છા જ ન થતી. દરેક જણ પોતાના ભેજા પ્રમાણે, ધીરજપૂર્વક, સૂઝે એટલું, લખાય તેટલી સફાઇથી લખતું; અને ન આવડે—ન સૂઝે તો ગભરાટ પેદા ન થતો. મનમાં ટાઢક રહેતી કે રહેલી કચાશ બાપુજી દૂર કરશે. આજે તો ન ફાવ્યા પણ આવતે મહિને વધુ તૈયારી કરી વધુ સારૂં પરિણામ બતાવવાની ઉમેદ બાંધતા. અને ઝટ વચ્ચેના ત્રણ શનિવાર વીતી જઇ કાચા ઠરેલા વિષયની ફરી પરીક્ષા આપવાની વહેલી તક મળે એની મનમાં ઉતાવળ રહેતી.


પરીક્ષાના દોકડા આપવાની બાબતમાં બાપુજીની રીત મને એ વેળા અનેક રીતે અન્યાયભરી લાગતી. એક જ જાતના સવાલ હોય, એક જ વર્ગના વિદ્યાર્થી હોય, છતાં બે જણમાં જે વધુ સાચા જવાબ આપે તેને ઓછા દોકડા અને જે દેખીતી રીતે ઓછા સાચા જવાબ આપે તેને તેઓ વધુ દોકડા આપતા. અક્ષરોની લખાવટમાં તો અચૂકરીતે બાપુજી પક્ષપાત કરતા. 'સારા અક્ષરના યે ઓછા દોકડા કેમ' એ અમે પૂછી બેસતા તો બાપુજી આકળા બની જઈ જવાબ આપતા: 'અમુક છોકરા કરતાં અમુક હોશિયાર છે, એવો આંક મારે નથી મૂકવો. મારે તો એ જોવું છે કે દરેક જણ પોતે છે તેના કરતાં કેટલો વધુ સુધર્યો છે. હોશિયાર છોકરો ઠોઠ છોકરાની સાથે પોતાને સરખાવ્યા કરે અને ગુમાન કરતો ફરે તો એની બુદ્ધિ બુઠ્ઠી થઇ જાય. તે ભણવામાં ઓછી મહેનત કરે, અને જે આગળ ન વધે તે છેવટે પાછો જ પડે. જે વધુ મહેનતથી અને પૂરી ચીવટથી કામ કરશે તેને જ હું વધુ દોકડા આપવાનો.'

બાપુજીનો આ ઉપદેશ મારા બીજા સંગાથીને કેવો લાગતો તેની મને ખબર નથી. પણ મને તો ચોકખી એ બાપુજીની જોહુકમી જ જણાતી. એ પોતાની સાથે પોતાને સરખાવવો અને પોતે આગળ વધ્યો કે પાછળ હઠ્યો તે જોવા કરતાં 'બીજા કરતાં પોતે સારો દેખાય છે, અને બીજા કરતાં પોતે હોશિયાર છે' એ કબૂલ કરાવવાની વાસના જ મારામાં જોર કરતી. બાપુજીનો જે ભારે અન્યાય લાગતો તે સામે બોલવાની તો મને હિંમત ન થતી, એટલે છેવટે મન વાળી લેતો કે 'હશે, બાપુજીએ દોકડા ઓછા આપ્યા પણ તો યે મારા જવાબો અમુક જણ કરતાં તો સારા હતા જ ને? એટલે ખરી રીતે મારા દોકડા પેલાના કરતાં વધારે જ છે.' અને એમ મનમાં ખાંડ ખાઇ ફુલાતો ફરતો. પણ આનું પરિણામ એ આવતું કે મારી પ્રગતિ વધુ ઓછી થતી અને બાપુજીની પાસેથી વધુ ઓછા દોકડા મને મળતા. આમ સાપ્તાહિક પરીક્ષા દ્વારા બાપુજીએ અમારી એવી નાડ ઝાલી હતી કે કુદકે ને ભુસકે અમે ગજા પ્રમાણે આગળ વધતા. જે કાંઇ વાંચતા શીખતા તે પાકું થતું જતું અને જે અમારા મનમાં પેસતું જ નહિ તે અમારા મગજમાં ઉતારવા માટે વધુ સચોટ ઉપાયો બાપુજી શોધી કાઢતા.

અમારી આ શાળા પૂરી રીતે માંડ એક વરસ ચાલી હશે. પણ એટલા સમયમાં હું એટલો આગળ વધ્યો કે જેટલો પાછલાં ત્રણ વર્ષમાં આખો દિવસ ઘરમાં ભણ ભણ કરીને નહોતો વધ્યો. ગણિતમાં પિતાશ્રી પાસે રૂપિયા, આના, પાઇ, અને પાઉન્ડ, શિલિંગ, પેન્સના દાખલા મહા પરાણે કરતો. થોડાઘણા અપૂર્ણાંક પણ શીખેલો. ગુજરાતી શ્રુતલેખન બહુ ખરાબ હતું. ગીતામાં ફક્ત પહેલા અધ્યાયના પંદરવીસેક શ્લોકો યાદ થએલા. તેની જગ્યાએ ટૉલ્સ્ટૉયવાડી—ફીનિક્સમાં આવ્યા પછી એક જ વર્ષની અંદર દદભાજક, અપૂર્ણાંક, દશાંશ અને ત્રિરાશી પંચરાશીના દાખલા છૂટથી અને વેગથી કરતો થઇ ગયો. ગુજરાતી લેખન સારી પેઠે સુધર્યું અને વાચનમાં ચોથી ને પાંચમી ચોપડી પાઠની ચર્ચા સાથે આવડી. ગીતા

ના ચોથા અધ્યાય સુધી મોઢે થઇ ગઇ. આમ મારી ઉમરને ૧૧મે વરસે મારું જે રીતનું ભણતર થયું એ રીતે બાપુજીના મુખ્યાધ્યાપકપણા નીચે દસેક વરસ ચાલ્યું હોત તો મને સાચી વિદ્વત્તા સાંપડી હોત એમાં શંકા નથી. પણ બાપુજીની શાળાનો આદર્શ વિદ્વાનો પેદા કરવાનો ન હતો, સત્યાગ્રહી પેદા કરવાનો હતો; એટલે એ રૂડું, શાંત અને ઓજસ્વી વિદ્યાસત્ર ખંડિત થયા પછી ફરી પાછું ચલાવવાની બાપુજીને તક નામની જ મળી. એ નિશાળનું સ્મરણ જ મારા જેવા સારૂ આખા જીવનની નિશાળ થઇ રહી.

પ્રભુદાસ છગનલાલ ગાંધી



'ચીતરવાનું સહેલ' બનાવતી જાપાની ચિત્રપોથીઓનાં પાનાં . . . .[૨]
ઝડપથી અને સરળતાથી ગુંચળાં મારતી લીંટીઓ દોરવાનો મહાવરો કરવાને સહેલી આકૃતિઓ જાપાનના અને બીજા દેશોના ચિત્રશિક્ષકોએ ઊપજાવી છે; તેમાંના કેટલાક નમૂના જે ગયા અંકથી ક્રમશઃ 'કુમાર'માં શરૂ થયા છે તેનો બીજો હપતો.

ગ્રીસ દેશની પ્રાચીન દંતકથામાં વર્ણવાએલી એક પરાક્રમી



ટ્રૉયનો વિનાશ

કેટલાંયે વરસ પૂર્વે હાલના એશિયા માઇનોરની પાસે ટ્રૉજન પ્રદેશમાં ટ્રૉય નામનું એક ધનાઢ્ય અને સમૃદ્ધિવાન શહેર આવેલું હતું. ટ્રૉયના રાજા પ્રિયામની બહાદુરી અને કુનેહને લીધે ગ્રીસનાં એ વખતનાં સઘળાં રાજ્યોમાં ટ્રૉજનનું રાજ્ય સૌથી બળવાન ગણાતું. વળી તેની પાસે એવડું મોટું અને બળવાન સૈન્ય હતું કે ગ્રીસનો કોઇપણ રાજા પ્રિયામની સામે માથું ઊંચકવા શક્તિમાન નહોતો.

રાજા પ્રિયામને ઘણા પુત્રો હતા. તેમાંના એક પુત્રને જન્મ આપતી વખતે રાણી હેકુબાને એક ભયંકર સ્વપ્ન આવ્યું: જાણે કે પુત્રને બદલે પોતાના પેટે એક સળગતી મશાલ જન્મી; અને એ મશાલથી આખું ટ્રૉય ભસ્મીભૂત થઇ જમીનદોસ્ત થઈ ગયું!

આ ઉપરથી વહેમાઇને રાણીએ તુરત જ એ બાળકને ગાઢ જંગલમાં મોકલાવી આપ્યું. દૈવયોગે થોડી જ વારમાં એક ભરવાડ ત્યાં આવી પહોંચ્યો અને એ ખૂબસૂરત બાળકને પોતાને ત્યાં લઇ જઇ પુત્રની પેઠે ઉછેરવા લાગ્યો. એનું નામ પૅરીસ પડ્યું.

વખત જતાં બાળક પૅરીસ યુવાવસ્થાએ પહોંચ્યો. ધીમે ધીમે તેણે પોતાના પાલક ભરવાડની સાથે દરરોજ જંગલમાં ઢોર ચારવાનું શરૂ કર્યું. પૅરીસની અત્યંત બહાદુરી અને ખૂબસૂરતીથી મોહી, ઇનોન નામની એક અપ્સરા દરરોજ તેની પાસે આવવા લાગી. એના સહવાસથી પૅરીસને બહુ આનંદ થવા લાગ્યો. ટૂંક મુદતમાં તો એ બંને વચ્ચેની મિત્રતા એટલી વધી ગઇ કે પૅરીસે ઇનોન સાથે લગ્ન કરવાનું વચન પણ આપી દીધું!

એવામાં એક વખત એવું બન્યું કે ઑલિમ્પસ પર્વત ઉપર રહેનારી હીરા, ઍફ્રોડાઇટ અને પૅલાસ ઍથેની નામની ગ્રીસની ત્રણ મહાન સ્ત્રીઓ વચ્ચે, સૌથી વધુ ખૂબસૂરત કોણ છે તે બાબત તકરાર પડી અને તેનો ન્યાય કરાવવા તેઓ બધા દેવો પાસે ફરી વળી; પણ સત્તા અને સૌન્દર્યમાં ત્રણે દેવીઓ સમાન હોવાથી, એમાંની એકને સૌથી સ્વરૂપવાન ગણી, બાકીની બેનો રોષ વિનાકારણે વહોરી લેવા કોઇ પણ દેવ તૈયાર ન થયો. છેવટે પૅરીસમાં આ બાબતનો નિર્ણય કરવાની અલૌકિક શક્તિ જોઇ ત્રણે દેવીઓ પૅરીસ પાસે આવી પહોંચી અને તેને સર્વ વાતથી વાકેફ કરી, એક સુવર્ણફળ તેના હાથમાં આપીને કહ્યું, 'પૅરીસ! તું સૌંદર્યની ખરી કિંમત આંકી જાણે છે એવી અમોને સંપૂર્ણ ખાત્રી છે. માટે તારી દષ્ટિએ અમારામાં જે સૌથી સૌન્દર્યવાન લાગે તેને આ સુવર્ણફળ સુપ્રત કરજે!' એટલું કહી એક પછી એક એમ ત્રણે દેવીઓએ સુવર્ણફળ પોતાને આપવાને લાલચ આપવી શરૂ કરી.

પ્રથમ સ્વર્ગના રાજા જ્યુપીટર (બૃહસ્પતિ)ની મહારાણી દેવી હીરા બોલ્યાં, 'પૅરીસ, સાંભળ. જો તું મને સર્વથી સૌંદર્યવાન ગણી સુવર્ણફળ સુપ્રત કરશે તો હું તને કાયમને માટે કીર્તિ અને સત્તા મળે તેવું વરદાન આપવાનું વચન આપું છું!'

એ સાંભળી વીનસ(શુક્રાચાર્ય)ની મહારાણી અને ક્યુપિડ(કામદેવ)ની માતા દેવી ઍફ્રોડાઇટ કે જેનો જન્મ સમુદ્રમાંથી થયો હતો તેણે કહ્યું, 'વત્સ પૅરીસ! જીવનમાં વિશુદ્ધ સ્નેહને જો તું મહત્ત્વનું સ્થાન આપતો હોય તો ખૂબસૂરત દેવી તરીકે મને પસંદ કરજે. હું તને જગતમાં સૌથી સુંદર અને લાવણ્યવતી સ્ત્રી મેળવી આપવાનું વચન આપું છું!'

પછી સત્તા અને ડહાપણની અધિષ્ઠાત્રી દેવી ઍથેની બોલ્યાં, 'પૅરીસ! જો તને સદાને માટે રણક્ષેત્રમાં વિજય મેળવવાની મહત્ત્વાકાંક્ષા હોય તો એ સુવર્ણફળ મને જ આપજે; હું તને રાજાઓમાં સૌથી બહાદુર, બળવાન અને બુદ્ધિકુશળ બનાવીશ!'

રાજકુમારની વાર્તા—જે માતાને પેટ બળતી મશાલ રૂપે જન્મેલો નિર્માયો

આ સર્વ હકીકત સાંભળી પૅરીસ વિચારમાં પડ્યો. ઉપરનાં વરદાનોમાંથી કયું સર્વશ્રેષ્ઠ છે તેનો તોડ કાઢવાનું ખરેખર ઘણું કઠિન હતું. છેવટે સ્નેહ, સુખ અને સુંદરતાના પ્રદેશ પર વિહાર કરતું એનું યુવાન અંતઃકરણ દેવી ઍફ્રોડાઈટ ઉપર ઢળ્યું અને તેને દેવી-ઓમાં સૌથી સ્વરુપવાન ગણી સુવર્ણફળ સુપ્રત કર્યું!

આ જોઇ દેવી ઍફ્રોડાઇટે પ્રસન્ન થઇ વચન આપ્યું કે 'જગતમાં જેને તું સૌથી સુંદર સ્ત્રી માને અને જેના પ્રત્યે તારો સ્નેહ બંધાય, તેની સાથે લગ્ન કરવામાં વિઘ્ન નડે તે વખતે તું મને યાદ કરજે. તરત જ તારી ઇચ્છા ફળીભૂત થશે ' પરંતુ બાકીની બંને દેવીઓ પૅરીસ ઉપર ગુસ્સે થઇ અને વખત આવ્યે તેના ઉપર પૂરેપૂરૂં વેર લેવાનો નિશ્ચય કરી અદૃશ્ય થઇ!

થોડો વખત વીતી ગયા બાદ ટ્રૉય શહેરના રાજા પ્રિયામે પવિત્ર યજ્ઞ કરવો શરૂ કર્યો. આ યજ્ઞમાં એક માતેલા સાંઢની જરૂર પડવાથી રાજાના માણસો જંગલ-માં શોધવા નીકળ્યા, અને પૅરીસના જ એક ખૂંટને હાંકી ચાલતા થયા. શૂરવીર પૅરીસને આ વાતની ખબર પડતાં જ તે તેમની પાછળ પડ્યો અને છેક રાજ્ય-મહેલમાં જ્યાં રાજા અને રાણી બેઠાં હતાં ત્યાં આવી પહોંચ્યો. પૅરીસની ભવ્ય અને તેજસ્વી મુખમુદ્રા જોઇ રાજા તેના ઉપર પ્રસન્ન થયો. પરંતુ એટલામાં તો રાણી હેક્યુબાની દૃષ્ટિ પૅરીસના હાથ ઉપરની વીંટી તરફ પડી. આ વીંટી બાળક પૅરીસને જંગલમાં મૂકતી વખતે તેના ગળામાં પહેરાવેલી હોવાથી પૅરીસ પોતાનો પુત્ર છે એમ તેની ખાતરી થઇ. તરત જ દોડીને તે પૅરીસને ભેટી પડી અને બનેલી સર્વ હકીકત રાજા અને પૅરીસને કહી સંભળાવી. પૅરીસ જેવા પુત્રને જોઇ રાજા ખુશી થયો અને એ જ વખતે રાજ્યના પાટવી કુમાર તરીકે તેને જાહેર કર્યો.

એ વખતે ગ્રીસમાં ટીન્ડેરસ નામનો રાજા રાજ્ય કરતો હતો. સારાયે ગ્રીસમાં જેના સૌંદર્યની બરો-બરી કોઇ ન કરી શકે તેવી તેને હેલન નામની એક અતિ સ્વરૂપવાન કન્યા હતી. પોતાને લાયક બહાદુર અને તેજસ્વી રાજકુમાર મેળવવા માટે સ્વયંવર રચવાનું ઠરાવ્યું અને તેમાં હાજર રહેવા દેશદેશના રાજકુંવરોને આમંત્રણ મોકલાવ્યાં.

નક્કી કરેલા દિવસે ગ્રીસના સઘળા રાજકુંવરો સ્વયંવરમાં આવી પહોંચ્યા. ટીન્ડેરસની શરત મુજબ જેને રાજકુંવરી હેલન પોતાના પતિ તરીકે સ્વીકારે તેને સંકટના સમયે બીજા રાજાઓએ મદદ કરવી એવા સૌએ સોગન લીધા. હેલને મીનેલસ નામના ગ્રીસના એક બહાદુર રાજકુમારને વરમાળા પહેરાવી. લગ્ન થયા બાદ મીનેલસ રાણી હેલનને લઇ પોતાના પાટ-નગરમાં આવ્યો અને આનંદથી દિવસ ગુજારવા લાગ્યો.

હેલનના સ્વયંવરમાં જવા માટે પૅરીસ પણ ટ્રૉયથી નીકળ્યો હતો. પરંતુ તેનું વહાણ સખત વાવાઝોડામાં સપડાવાથી તે ઠરાવેલા દિવસ કરતાં ઘણો જ મોડો પહોંચ્યો. છતાં હેલનને એક વખત નજરે તો જરૂર નિહાળવી એવો નિશ્ચય કરી તે પાછો ફર્યો અને થોડી મુદતમાં રાજા મીનેલસને ત્યાં આવી તેના મહેમાન તરીકે ઊતર્યો!

અચાનક જાણે વાદળાંઓને ચીરીને ખૂબસૂરત અપ્સરા પૃથ્વી ઉપર ઊતરી ન હોય તેમ હેલન રાજ્ય-મહેલમાંથી બહાર નીકળી. એનું અપ્રતિમ સૌંદર્ય જોઇ પૅરીસ ઘડીભર દિઙ્મૂઢ જેવો બની ગયો. બસ, ગમે તે ભોગે હેલનને મેળવવી એવો દૃઢ નિશ્ચય કરી તેણે દેવી ઍફ્રોડાઇટની પ્રાર્થના કરી. તરત જ પૅરીસ ઉપર પહેલી જ દૃષ્ટિ પડતાંની સાથે હેલનના અંતઃકરણમાં તેના માટે સ્નેહ ઉદ્ભવ્યો. થોડા દિવસોમાં તો એ



ગ્રીકો અને ટ્રૉજનો વચ્ચેનું યુદ્ધ
(જૉન ફ્લૅક્સમૅનના ચિત્ર પરથી)

સ્નેહ એટલો ગાઢ થઇ ગયો કે છેવટે મીનેલસની ગેરહાજરીમાં હેલન પૅરીસ સાથે નાસી નીકળી! ટ્રૉય આવ્યા પછી હેલનના લાવણ્યથી પૅરીસ એટલો તો મોહવશ થઇ ગયો કે જંગલમાં ઇનોનને પરણવા માટે આપેલું વચન તે તદ્દન વિસરી જ ગયો!

હેલનને પૅરીસ ઉઠાવી ગયો છે એવી ખબર મળતાં ગ્રીસના તમામ રાજાઓએ એકઠા થઇ ટ્રૉજન ઉપર ચડાઇ કરી. પૅરીસ અને તેના પિતા પાસે બળવાન સૈન્ય હોવાથી તેઓ સામા થયા. પરિણામે નવ વર્ષ સુધી ખુનખાર લડાઇ ચાલી અને બંને તરફનાં સંખ્યાબંધ માણસોનાં લોહી રેડાયાં. છતાં ટ્રૉય અણનમ રહ્યું.

અંતે ગ્રીસના રાજાઓએ એક યુક્તિ રચી. એક મોટા લાકડાનો ઘોડો તૈયાર કરાવી અંદર સૌથી બળવાન સૈનિકો હથિયાર તથા આયુધો લઇને ચડી બેઠા અને બાકીનું સૈન્ય જાણે ઘેરો ઉઠાવીને ચાલી ગયું હોય તેમ કૂચ કરી જઇ થોડે દૂર જંગલમાં જઇને સંતાયું!

દેવી હીરા અને ઍથેનીની પૅરીસ ઉપર થએલા વક્ર દૃષ્ટિથી તેમજ પૅરીસના વચનભંગથી અફસોસ કરતી ઇનોનના અંતઃકરણની આહથી, ટ્રૉયના શહેરીઓ ભાન ભૂલી બહાર નીકળ્યા અને રમૂજ ખાતર લાકડાના એ મોટા ઘોડાને ખેંચી શહેરમાં લઇ ગયા. નવ વર્ષને અંતે આજે વિજય મેળવ્યાના ઉત્સાહથી આખું શહેર મિજબાની જમી દારૂના નશામાં ચકચૂર બન્યું અને રાત્રે શાંતિથી ઘોરવા લાગ્યું. તરત જ લાગ જોઇને ઘોડાની અંદર છુપાઇ રહેલા લડવૈયાઓ બહાર નીકળ્યા અને એક ઊંચા ટેકરા ઉપર તાપણું સળગાવી ગ્રીસના તમામ લશ્કરને ટ્રૉયની અંદર ધસી આવવાને સૂચવ્યું.

તરત જ ગ્રીસનું લશ્કર ટ્રૉયના કિલ્લામાં પ્રવેશ્યું અને ઠેકાણે ઠેકાણે કત્લ ચલાવી આગ લગાડવી શરૂ કરી. પરિણામે આખું ટ્રૉય આગના ભડકામાં તારાજ થઇ ભસ્મીભૂત થઇ ગયું. અને એ રીતે, પૅરીસ પુત્ર નહિ પણ ટ્રૉયના વિનાશ માટે ખરેખર બળતી મશાલ રૂપે જ જન્મ્યો હોવાનું રાણી હેકુબાનું સ્વપ્ન સત્ય નીવડ્યું!

(અંગ્રેજીના આધારે) **દેવજી ગ. ઝાંઝરૂકિયા**

એક વધુ ઇનામ: હરીફાઇ માટે મોકલેલા ફોટોગ્રાફ ઉપર, પાડનાર પોતે જ, કુમારના કૉલમની દસ-પંદર લીટીઓ જેટલું વર્ણન કે પરિચય લખી મોકલશે તેમાં જેનું સરસ હશે તેને ઇનામ આપવામાં આવશે તથા તે પ્રકટ પણ કરવામાં આવશે. ટીકા કે સૂચના અથવા સુધારણા ખાતર બીજાં લખાણો પણ લેવાશે.

ફોટોગ્રાફી

ફિક્સિંગ બાથ

અગાઉ આપણે ડેવેલપર વિષે જાણી ગયા. ડેવલપમેન્ટમાં, ડેવેલપર પછી બીજી મહત્ત્વની દવા તે ફિક્સિંગ સૉલ્યુશન છે. તેમાં મુખ્યત્વે સોડીઅમ થાયોસલ્ફેટ અગર હાઇપો સલ્ફાઇટ નામની દવા વપરાય છે. તેનું પ્રચલિત નામ હાઇપો છે. ૨૦ ઔંસ પાણીમાં ૩ થી ૬ ઔંસ હાઇપો ઓગાળવાથી સાદો હાઇપો બાથ બને છે. પરંતુ ફિલ્મ પર થતી ડેવેલપરની ચાલુ અસર જો તાત્કાલિક અટકાવવા ઇચ્છતા હોઇએ તો ઍસિડ ફિક્સિંગ બાથ વાપરવો સલાહભરેલો છે. વળી હિંદુસ્તાનનું સામાન્ય ઉષ્ણપ્રમાણ અને ઘડીઘડી થતા ઋતુના ફેરફાર ધ્યાનમાં લેતાં પણ ઍસિડ ફિક્સિંગ–હાર્ડનિંગ બાથ અવશ્યનો છે.

આ ફિક્સિંગ સૉલ્યુશનમાં વપરાતી દવાઓ સસ્તી છે. તેમાં કંજુસાઈ કરવી લાંબે ગાળે હાનિકારક નીવડે છે એક વાર બનાવેલો બાથ ઘણા સમય સુધી બગડતો નથી અને વપરાએલો બાથ વારંવાર ઉપયોગમાં પણ લઇ શકાય છે.

ઍસિડ ફિક્સિંગ બાથ

નીચે પ્રમાણે બનાવેલો બાથ છેવટ સુધી પીળો પડતો નથી. પ્લેટ કે ફિલ્મને તેમાં મૂકતાં ડેવેલપમેન્ટ આગળ વધતું તરત જ બંધ થાય છે.

હાઇપો	૪ ઔંસ
પોટાશિયમ મેટાબાઈસલ્ફાઇટ	૦॥ ,,
પાણી	૨૦ ,,

ઉનાળામાં તેમાં પોટાશ ઍલમ કે ક્રોમ ઍલમ (ફટકડી) ઉમેરવાથી ફિલ્મની (નેગેટિવ પરનું પડ ઢીલું થઇને ઊતરી જવાની) દહેશત રહેતી નથી.

ફિક્સિંગ–હાર્ડનિંગ બાથ

'કુમાર'ના ૧૬૨મા અંકમાં ફિક્સિંગ–હાર્ડનિંગ બાથ બનાવવાની એક રીત વર્ણવેલી છે. એ માથાકૂટમાં નહિ ઊતરવા ઈચ્છનાર બજારમાં વેચાતું લિક્વિડ હાર્ડનર ખરીદી હાઇપો બાથમાં વાપરી શકે.

સ્ટૉક હાર્ડનર

સોડીઅમ સલ્ફાઇટ (ભૂકી)	૨	ઔંસ
ગ્લેશિયલ ઍસેટિક ઍસિડ	૧॥	,,
પોટાશ ઍલમ (સફેદ ફટકડી)	૨	,,
પાણી	૧૫	,,

ઉપરનું હાર્ડનર સૉલ્યુશન બનાવવા માટે પહેલાં પાંચ ઔંસ પાણીમાં સોડીઅમ સલ્ફાઇટ ઓગાળો અને પછી તેમાં અસેટિક ઍસિડ ભેળવો. બીજી બાજુ ૧૦ ઔંસ ગરમ પાણીમાં ઍલમ પીગાળો. તે ઠંડું થાય એટલે બને સૉલ્યુશન ભેગાં કરી દો.

ફિક્સિંગ–હાર્ડનિંગ બાથ

હાઇપો	૪	ઔંસ
પાણી	૧૬	,,
સ્ટૉક હાર્ડનર (ઉપર પ્રમાણે બનાવેલું)	૨	,,

આવતે મહિને આપણે કૅન્ટ્રોલ્ડ ડેવેલપમેન્ટ કે ડિશ ડેવેલપમેન્ટની તમામ ક્રિયાઓ વિગતવાર સમજીશું.

હરીફાઇનું પરિણામ

આ મહિને પહેલા ઇનામને પાત્ર કશું ન જણાયાથી તે મુલતવી રાખવું પડ્યું છે. બીજું ઇનામ: 'મોચી' માટે ભાઇ વિ. પ્રા. ભટ્ટ (મુંબાઇ)ને અને ત્રીજું ઇનામ: 'ઘર ભણી' માટે ભાઈ નવનીતલાલ શાહ (નડિયાદ)ને મળે છે.

નોંધપાત્ર: ભાઇ રામભાઇ પટેલ (ડાકોર)—જેમને ડાકોરના મંદિર માટે ગયે મહિને ઇનામ મળેલું છે. (૨) ભાઈ રાવજી પટેલ (અમદાવાદ); (૩) ભાઇ ચતુર્ભુજ વલ્લભદાસ (ઘાટકોપર); (૪) ભાઈ એચ. બી. વૈદ્ય (નડિયાદ); (૫) ભાઇ તેજપાલ લોડાયા (સેલ્લુ).

શહેરની શેરીને છેડે કે ગામડાને પાદરે ઝાડ આગળ બેસીને તમારાં પગરખાં સાંધનાર ચમાર સમાજનું એક ઉપયોગી પાત્ર છે. અસ્પૃશ્ય ગણાએલા જગતના એ પાત્રને આ છબીમાં જુદી જ ભાત મળે છે. નવા દૃષ્ટિકોણથી તેને કામ કરતો જ કૅમેરાની ઝડપમાં લેતાં ભાઈ ભટ્ટે ખરસૂસ આકર્ષણ ઉતાર્યું છે. જોકે ફોટોગ્રાફરે ડાબી તરફ જરા વધારે જવાની જરૂર હતી. તેમ કરવાથી તેના હાથની ક્રિયા વધુ સ્પષ્ટ બનત અને એ બે ઉદ્યમી હાથને ચિત્રનું મુખ્ય લક્ષ્ય બનાવી શકાત. ઉપરાંત, ચિત્રને ડાબી–જમણી તરફથી અનુક્રમે દોઢ અને એક ઇંચ કાપવાની પણ જરૂર છે. તેમ કરવાથી પાડનારનો ઝડના થડ પર આવતો પડછાયો દૂર કરી શકાશે અને ચિત્રમાં વસ્તુની ગોઠવણ પણ સુધરશે.

ભાઇ નવનીતલાલના છાયાચિત્રનો વિષય તો સારો ગણાય, પણ મળેલી તકનો બરોબર ઉપયોગ થયો જણાતો નથી. છાયા–રચના 'સિલ્હાઉટ'ને અનુરૂપ નથી. વળી ચિત્રવિસ્તારમાં ગાડું અને તેનો હાંકનારો વધુ મોટા પ્રમાણમાં આવેલાં હોઇ ચિત્રમાં સંકડામણ જણાય છે અને કુદરતમાં અનુભવાતી મોકળાશનો અભાવ ખૂંચે છે. પણ ફોટોગ્રાફી સારી કહેવાય.

નોંધપાત્રમાં ભાઇ રામભાઇ પટેલે કણઝીના ફૂલનો ફોટોગ્રાફ પાડવામાં નવી દિશા પકડી છે. ગામડામાં નજરે ચડતી અને વગડામાં ઊગતી અનેકવિધ વનસ્પતિના ફોટોગ્રાફોનો ખંતથી જો સંગ્રહ કરવામાં આવે તો એ અમૂલ્ય બને. આવી રીતે અભ્યાસના અખતરા કરવા ઘણા જરૂરી છે. ચિત્રમાં એકાદ ડાળી, ફૂલ કે પાંદડાનો સમાવેશ કરવો જોઇએ. ઘણાં ફળ, ફૂલ કે પાંદડાના જથ્થાને ગોઠવવાથી વનસ્પતિની ખાસીયતો બરાબર રજૂ થતી નથી અને કલાતત્ત્વો પણ ઓછાં થાય છે.

રાવજીભાઇ પટેલનો વિષય સારો છે, પણ પ્રિન્ટ નબળો છે; અને નામ પણ બરાબર નથી. ભાઇ ચતુર્ભુજના પક્ષી-ફોટોગ્રાફીના નમૂનામાં ચાર પક્ષીની ભેગી ફોટોગ્રાફીથી ગૂંચવણ પેદા થઇ છે. જમણી તરફનાં બે કાપી નાખવાથી બાકીનાં બે સારૂં ચિત્ર બનાવે છે. તેમ કરી જુઓ. ભાઈ વૈદ્યની ખિસકોલીઓ આઉટ ફોકસ છે. ભાઇ લોડાયાના ફોટોચિત્રમાં આખી વસ્તુનો સમાવેશ થતો નથી. નામ 'ચૂનાની ચક્કી' આપવાની જરૂર હતી 'ઘાણી' મોટે ભાગે તેલની જ કહેવાય.

બલવન્ત ભટ્ટ

મેંદીનાં પાન

પોતાને કયે બંદરે પહોંચવાનું છે તે ન જાણનાર ખલાસીને કોઇ પવન માફક નથી આવતો.

જેના દિલમાં દયા નથી હોતી તેના દિલમાં ઇમાન પણ નથી હોતો.

માણસ માણસને જો કોઇ સર્વોત્તમ ભેટ આપી શકે તો તે એક જ: વફાદારી.

જેમાં તારૂં સ્વમાન ઘવાય, જેમાં વચનભંગ થાય, જે બીજાઓ પ્રત્યે ઘૃણા કે શંકા જન્માવે કે તને જે આપખુદ બનાવે, એવા ગમે તેવા મહાન લાભને દૂર ફેંકજે.



માધુકરી

પછી નહિ ગુલામ કો, નહિ જ માલિકો કો હશે,
પરંતુ સમતા તણો વિરલ યોગ કો ખીલશે:
ફરી સુરખી ગાલમાં નયન દામિની નાચશે,
અને કદમમાં જનો જીવન જેમ ઝુલાવશે;
વસંત નવસૃષ્ટિમાં, શરદ દૃષ્ટિમાં ડોલશે,
(શરદ) અને પ્રકૃતિ-ઉરથી અમૃત કેરી વૃષ્ટિ થશે. કરસનદાસ માણેક

મુન્શી અજમેરીજી

થોડા સમય પર અવસાન પામેલા શ્રીયુત મુન્શી અજમેરીજી એમની સંકોચશીલતાને પરિણામે હિંદી સાહિત્યરસિકોને પણ અપરિચિત જેવા છે, ત્યાં ગુજરાતી સાહિત્યરસિકોનો મોટો ભાગ તો એમનું નામ સુદ્ધાં ન જાણતો હોય એ બનવાજોગ છે. 'કુમાર'ના જૂના વાચકોને 'હેંગલા ભૂત'થી એમની કંઈક પિછાન તો થએલી જ છે

એ કવિ અને કહાણીનવેશ તો હતા જ; પણ એ ઉપરાંત બીજી પણ અનેક કળાઓમાં એ નિપુણ હતા. તેઓ અચ્છા ગવૈયા, કીર્તનકાર અને વિનોદી પુરુષ હતા. અનુકરણકલામાં તો એ અત્યંત નિપુણ હતા. મોટામોટા ગવૈયાઓનાં ગીતની ગ્રામોફોનની રેકોર્ડો અને જુદાંજુદાં વાદ્યોના ધ્વનિની એવી તો હૂબહૂ નકલ તે કરતા કે પરદા પાછળ બેસાડી એમને સાંભળ્યા હોય તો અસલ કે નકલ તમે પારખી જ ન શકો.

સંસ્કૃત, વ્રજ ભાષા અને બંગાળીનું એમનું જ્ઞાન પણ ઊંડું હતું. કવીન્દ્ર રવીન્દ્રનાથનાં બંગાળી ગીતો એ પોતાના મધુર કંઠે શરૂ કરતા ત્યારે જાણે ખુદ કવિ ગાતા હોય એવો ભાસ થતો.

મુન્શીજી જાતે મુસલમાન હતા, પરંતુ એમના આચાર, વ્યવહાર, વેષભૂષા, ભાષા અને ભાવોને જોઇને તો કોઇપણ વ્યક્તિને તેઓ આ જન્મમાં તો શું પણ આગલા જન્મમાં પણ મુસલમાન હોય એમ ન લાગે–ચુસ્ત વૈષ્ણવ જેવા જ એ જણાતા.

હિન્દી ભાષાના એ બહુ સારા કવિ હતા. એમની રચનાઓમાં વર્ણનનો પ્રવાહ અને પ્રસાદ પર્યાપ્ત માત્રામાં રહેતો ને ભાષા પણ તદ્દન સાદી સીધી હતી. એમની કથાત્મક કૃતિઓ તો બહુ ઉચ્ચ પ્રકારની હતી. એમાંથી 'પન્નોંકા કંઠા', 'શાહી કુંજડા' અને 'હેંગલા-સત્તા' પ્રકાશિત થઇ ગઇ છે.

મહાત્માજી આગ્રા ગએલા ત્યારે અજમેરીજી પણ ફરતા ફરતા ત્યાં જઇ પહોંચ્યા હતા. એમનાં ભજનકીર્તનોથી મહાત્માજી બહુ પ્રસન્ન થતા. સાયંકાળની પ્રાર્થના સમાપ્ત થતાં જ મહાત્માજી બૂમ મારતા, 'અજમેરીજી! આ જાઇએ.' અજમેરીજી સંભળાવતા અને મહાત્માજી સાંભળતા. જતી વખતે અમદાવાદના આશ્રમમાં આવવાનું આમંત્રણ પણ તેમને આપતા ગયા. સંયુક્ત પ્રાંતના ભૂતપૂર્વ ગવર્નર સર હારકોર્ટ બટલર પણ એમના સાહિત્ય અને સંગીત પર મુગ્ધ રહેતા. ઉર્દુ શાયરી પાછળ આશક બનેલા ઘણાઓએ મુન્શીજીને સાંભળ્યા પછી ઉદ્ગાર કાઢેલા, 'હિંદી ભાષામાં આટલું માધુર્ય છે એ તો આજે જાણ્યું.'

મુન્શીજીના પૂર્વજો મુગલ બાદશાહોના અમલમાં મુસલ-



મુન્શી અજમેરીજી

ગાન ભાટ યા 'ઢાઢી' કહેવાતા. મારવાડના જેસલમેર રાજ્યના નિવાસી અને પાલીવાલ બ્રાહ્મણોના એ ભાટ હતા. મુન્શીજી-ના પિતાનું નામ ભીકાજી. એમને ત્યાં સંવત ૧૯૩૮ના આસો વદ બીજના રોજ અજમેરીજીનો જન્મ થએલો. ૧૭ વર્ષની વયે જ પિતાનું અવસાન થતાં પ્રસિદ્ધ હિંદી કવિ શ્રી મૈથિલી-શરણજીના પિતા શેઠ રામચરણજી કનકે અજમેરીજીને અપનાવી લીધા હતા અને પુત્રની જેમ જ એમના પર સ્નેહ રાખ્યો હતો. શ્રી મૈથિલીશરણ સાથે મુન્શીજીનો આજીવન અભિન્ન સંબંધ રહ્યો હતો. અંતમાં એમના સ્વમુખનો જ પોતાનો પરિચય આપી આ ટૂંકો પરિચય આટોપીએ:

'સંસ્કૃત સુનાઉં, છન્દ ભાષામેં બનાઉં,
ઔર પિંગલકો ડિંગલ સમેત અપનાઉં મૈં;
મુખતેં બજાઉં, ત્યોં સિતાર ઓ સરોદ વાદ્ય,
દેસ પરદેસકે બિસેસ ગીત ગાઉં મૈં.
કથા તથા કીર્તન કહાની–ઇતિહાસ કહું,
નાના રંગરાગ સોં રહસ કો રિઝાઉં મૈં;
મૂલ મારવાડ, જન્મભૂમિ હૈ બુન્દેલખંડ,
નાંવ અજમેરી ચિરગાંવ કો કહાઉં મૈં.

(વિશાલ ભારત) —એક જાણકાર

તમાકુ

આજે દુનિયાભરમાં વધુમાં વધુ સામાન્ય કોઇ વ્યસન હોય તો તમાકુનું છે ઠેઠ પ્રાગૈતિહાસિક કાળનાં ખોદકામોમાંથી પણ તમાકુ પીવાનાં સાધનો હાથ લાગ્યાં છે તે પરથી માલૂમ પડે છે કે એ કેટલું પુરાણું વ્યસન છે.

તમાકુનો પિતૃદેશ સામાન્ય રીતે અમેરિકા ગણાય છે, પણ એ ખોટું છે. માત્ર યુરોપમાં તેની આયાત ત્યાંથી થઇ એ સાચું. બાકી એશિયામાં તો એનો ઉપયોગ પરાપૂર્વથી થતો આવે છે. હિંદમાં ઠેઠ શક રાજાઓના વખતમાં તેનો ઉપયોગ પ્રસિદ્ધ ગ્રીક ઇતિહાસકાર હીરોડોટસે નોંધ્યો છે. હુક્કાનો ઉપયોગ ઇ. ૧૬૦૦ પહેલાં કોઇએ નોંધ્યો નથી. ૧૬૧૪માં ફ્રેરિસે તેનો ઉલ્લેખ કર્યો છે, એટલે એમ માનવા કારણ મળે છે કે મુગલોના વિજય બાદ હિંદમાં હોકો પીવાની કદાચ શરૂઆત થઇ હોય.

યુરોપમાં તમાકુની પહેલી આયાત સ્પેનના રાજા બીજા ફિલિપના એક સરદાર ફ્રાન્સિસ્કો ફર્નાન્ડિઝે ઇ. ૧૫૫૮માં કરી. હાઇટી, ત્રિનિદાદ, વેનેઝવેલા, બ્રાઝિલ ને વેસ્ટ ઇંડી-ઝમાં પણ સ્પૅનિયર્ડોએ જ તે ફેલાવી.

સોળમી સદીના અપરાર્ધમાં તમાકુનો ઉપયોગ આખા યુરોપમાં ફેલી ગયો. તે ફેલાવવાનું માન પોર્ટુગલમાંના ફ્રેન્ચ એલચી જીન નિકૉટને જાય છે. એણે એનાં બી કૅથે-રાઇન ડી મેડિસીને ભેટ આપ્યાં ને તેના ગુણોની એટલી માહિતી એણે બહાર આણી કે તમાકુની સમગ્ર જાતિને તેના નામ પરથી Genus Nicotiana તરીકે ઓળખવામાં આવી ને પછી તેમાં માલૂમ પડેલું સૌથી અગ્રગણ્ય તત્ત્વ પણ નિકૉટીન તરીકે ઓળખાયું.

યુરોપને તમાકુમાં એટલી તો દિલ્લગી જણાઇ કે તેના છોડને 'હર્બા સાન્તા' 'સાંતા સાન્તા' જેવાં દૈવી નામ અપાયાં. અંગ્રેજો તો એના પર સૌથી વધુ ફિદા થએલા. એક અંગ્રેજ કવિ સ્પેન્સરે તો તેનો 'દૈવી તમાકુ' તરીકે ઉલ્લેખ કર્યો છે, જ્યારે બીજા એક વિલિયમ લિલીએ તેને 'આપણો પવિત્ર છોડ નિકૉશિયન' કહ્યો છે.

અને આટલી ફિદાગીરીને લીધે, ચાવવાને બદલે તમાકુ પીવાનો પહેલો પ્રચાર પણ યુરોપમાં અંગ્રેજોએ જ કર્યો. રાલ્ફ લેન અને સર ફ્રાન્સિસ ડ્રેક અમેરિકાના ઇંડીઅનો પાસેથી તે પીવાની ભૂંગળીઓ લાવ્યા. સર વૉલ્ટર રૅલેને પણ તેમણે એ વ્યસન પાડ્યું ને એ રીતે તે પ્રચલિત થયું, તે એટલે સુધી કે વધસ્તંભે ચડવા પહેલાં સર વૉલ્ટર રૅલેએ એક વખત દિલ ભરીને ચૂંગી પીને સંતોષ માન્યો હતો!

તમાકુનું વાવેતર આજ દુનિયાભરમાં પસર્યું છે. એના છોડને કોઇ પણ હવામાનનો અંતરાય નડતો નથી. એનાં બી ભૂખરા રંગનાં અને એટલાં તો ઝીણાં આવે છે કે એક છોડમાંથી લગભગ દસ લાખ જેટલાં ઊતરે છે ને એવા અરધા જ ઔંસ બીમાંથી લગભગ ચાળીસ હજાર જેટલા છોડ ઊગી નીકળે છે!

વનસ્પતિશાસ્ત્રમાં તમાકુના છોડને ટમાટા, બટાટા વગે-રેના Solanaceae વર્ગમાં મૂકેલ છે, જ્યારે એની જાતિને Genus Nicotianમાં એની લગભગ પચાસેક જાતો થાય છે, જેમાંથી N. Tabacum જાત સર્વોત્તમ ગણાય છે. ક્યુબા, અમેરિકા, ફિલિપ્પાઇન, કૅનૅડા, ન્યાસાલૅન્ડ, ર્‌હોડેશિયા અને તુર્કી તથા હિંદના કેટલાક ભાગોમાં એ થાય છે. ઇરાનની પ્રખ્યાત શિરાઝ તમાકુનો N. Persica નામે જુદો જ વિભાગ પાડવામાં આવ્યો છે.

તમાકુનો છોડ લગભગ છ ફૂટ જેટલો ઊંચો થાય છે. છોડનાં નીચેનાં પાનની નસો મોટી હોય છે, જ્યારે ઉપરનાંની નાની. નીચેનાં પાનની લંબાઇ પણ વધુ હોય છે. પાનને આંગળી વચ્ચે દબાવતાં બટકી પડે ત્યારે તે પાકી ગએલાં ગણાય છે ને તેમને છોડ પરથી ઉતારી લેવામાં આવે છે. બધાં પાન એકીસાથે નથી પાકી જતાં.

પાન ઉતાર્યા પછી આપણા પૂર્વમાં એમને તડકે નાખ-વામાં આવે છે, જ્યારે પશ્ચિમના દેશોમાં હવાનાં પ્રવાહ કે કૃત્રિમ તાપથી તેમનો ઉપચાર કરવામાં આવે છે. ત્યાર બાદ તેના પડા બાંધી લેવામાં આવે છે ને જુદા જુદા ઉપયોગ માટે તેમના પર જુદી જુદી ક્રિયા કરવામાં આવે છે.

તમાકુનું વ્યસન લાગવાનું કારણ તેમાં રહેલું નિકૉટિન નામનું તત્ત્વ છે. એમાં અફીણ કે બીજી વસ્તુઓ વાપરવામાં આવે

છે એ માન્યતા ભૂલભરેલી છે. માત્ર હલકી કે ઊંચી જાતોની ભેળસેળ કરવામાં આવે છે કે વજન વધારવા વધુ પડતું પાણી છાંટવામાં આવે છે. પરંતુ હાલ તો તમાકુમાં કેટલા ટકા ભીનાશ હોવી જોઇએ તેના પણ કેટલાક દેશોએ કાયદા કરેલા છે.

કેટલાક બીડીને કે ચૂંગીને છેડે જામતો ચીકણો રસ એ જ નિકોટીન હોવાનું માને છે. એ પણ ભ્રમ જ છે. નિકોટિન તો ધુમાડામાં જ નીકળી જાય છે, અને એનું પ્રમાણ પણ નહિ જેવું જ હોય છે, છતાં તે મગજના તંત્ર પર ખૂબ અસર કરે છે ને હૃદયની ગતિ ધીમી કરે છે. બાકી એ એટલું તો ઝેરી હોય છે કે તેનું એક જ ટીપું એક કૂતરાને મારી નાખે. વળી નિકોટીન સાથે તમાકુની વાસને પણ જરા યે સંબંધ નથી હોતો.

તમાકુમાં નિકોટિન સિવાય જલદી ઊડી જાય એવા ક્ષારો, સાકર ને સ્ટાર્ચ ઉપરાંત એસેટિક, સાઇટ્રિક, મૅલિક ને ઑક્ઝેલિક ઍસિડો પણ રહેલાં છે. બીજા કોઈ પણ છોડ કરતાં પાણીમાં તેના દ્રાવણનું પ્રમાણ વધુમાં વધુ (લગભગ ૫૦ ટકા) છે. —'કુમાર'

પોર્ટુગીઝોને અંગોચ (ઈસ્ટ આફ્રિકા)નો કબજો કેમ મળ્યો

ઈ. સ. ૧૯૧૪ સુધી અંગોચ આખું પોર્ટુગીઝોને તાબે નહોતું કાળા લોકો સાથેનાં યુદ્ધો હજુ જારી જ રહેલાં. થોડાઘણા જે હિંદીઓ એ વખતે ત્યાં વેપાર અર્થે વસી ગએલા, તેમાં મુખ્ય હતા પોરબંદરના એક શ્રીમંત ખોજા વેપારી મનજી માવજી. અંગોચ મુકામે એમની પેઢી હતી ને કોઈ પણ ત્રાહિત સત્તાના અંતરાય વિના, કાળા લોકો જોડે રબ્બર, ટોપરાં વગેરેનો વેપાર તેઓ કરતા. કાળા લોકો જોડે વેપાર કરવાની પણ એક ખાસ તરકીબ હોય છે. એ લોકો ટોળાબંધ રહે છે ને દરેક ટોળાનો એક નાયક હોય છે, જે નાંગોડા કહેવાય છે. એ નાંગોડા જ્યાંથી માલ ખરીદે ત્યાંથી આખી ટોળી માલ ખરીદવાની. એટલે દેશી લોકો નાંગોડાને જ સાધતા.

૧૯૧૪નું યુદ્ધ શરૂ થયું ને જમીનની કાપાકાપી થવા માંડી ત્યારે પોર્ટુગીઝો પણ તેનો લાભ લેવા મથ્યા. પોર્ટુગીઝ સત્તાથી બાકી રહેલા અંગોચના પ્રદેશમાં આવી એમણે થાણું નાખ્યું, પોતાનો વાવટો લફાવ્યો તથા કાળા લોકો પર કર નાખ્યા.

કાળા લોકો આ સાંખી ન શક્યા. તીરકામઠાં લઈ એ કરનો ઢંઢેરો જાહેર થતાં જ એકદમ ધસી આવ્યા. અંગોચની ત્રણ બાજુએ દરિયો ને એક બાજુ મોટી ટેકરી આવેલી છે. એ ટેકરી પરથી કાળાઓનું સૈન્ય ધસી આવ્યું. પોર્ટુગીઝ થાણદારોનો કશો ઉગાર ન રહ્યો. એ ટેકરીની તળેટીમાં જ મનજી માવજીની પેઢી આવેલી, તેનો એમણે આશ્રય માગ્યો.. તરત તેણે પોતાની વખારમાં તેમને ભરી દીધા.

પોર્ટુગીઝો નાની બા-બારીઓમાંથી બંદૂકો તાકી બેઠા. પણ મનજી માવજીએ તેમને સમજાવ્યું કે ગમે તેના પર ગોળીઓ ચલાવશો તો તો એ લોકોને ધસારો કરી આ પતરાનાં ડોલચાં ઊડાવી દેતાં વાર નહિ લાગે. માટે હું કહું તેમને મારતા આવો. તેણે એક પછી એક નાંગોડાને ઓળખાવવા માંડ્યો ને જે નાંગોડા પડ્યો તેની ટોળી પાછી નાસવા માંડી. આ રીતે અંગોચમાં પોર્ટુગીઝ થાણું નંખાયું.

એવો જ ઉપકાર બીજા એક કચ્છી વેપારી દામોદર આણંદજીએ અંગોચમાં કરેલો, અને તે મહાયુદ્ધના અરસામાં પોર્ટુગીઝ સ્ટીમર ન આવે ત્યાંસુધી તેમનો ખાધાખોરાકીનો બંદોબસ્ત કરી આપવાનો. પોર્ટુગીઝોએ આ ઉપકારનો બદલો વાળી આપવાનું જણાવતાં તેણે માગ્યું કે અમુક હદમાં બીજો કોઇ હિંદી વેપારી પેઢી ન નાખે, એટલું જ નહિ પણ પોર્ટુગીઝો પતરાંના મકાનને બદલે પાકાં મકાનો રાખવાનો જે કાયદો કરવાના હતા તેમાંથી પોતાની પેઢીને બાકાત

ગણિત-ગમ્મત

રજૂ કરનાર:-**મૂળજી જેઠુ જોશી, કોટડી · (કચ્છ)**

૧૨૩	૧૧૭	૧૨૦	૧૨૨	૧૧	૫	૮	૧૦	૯૧	૮૫	૮૮	૯૦
૧૧૪	૧૨૮	૧૨૫	૧૧૫	૨	૧૬	૧૩	૩	૮૨	૯૬	૯૩	૮૩
૧૨૬	૧૧૬	૧૧૩	૧૨૭	૧૪	૪	૧	૧૫	૯૪	૮૪	૮૧	૯૫
૧૧૯	૧૨૧	૧૨૪	૧૧૮	૭	૯	૧૨	૬	૮૭	૮૯	૯૨	૮૬
૪૩	૩૭	૪૦	૪૨	૭૫	૬૯	૭૨	૭૪	૧૦૭	૧૦૧	૧૦૪	૧૦૬
૩૪	૪૮	૪૫	૩૫	૬૬	૮૦	૭૭	૬૭	૯૮	૧૧૨	૧૦૯	૯૯
૪૬	૩૬	૩૩	૪૭	૭૮	૬૮	૬૫	૭૯	૧૧૦	૧૦૦	૯૭	૧૧૧
૩૯	૪૧	૪૪	૩૮	૭૧	૭૩	૭૬	૭૦	૧૦૩	૧૦૫	૧૦૮	૧૦૨
૫૯	૫૩	૫૬	૫૮	૧૩૯	૧૩૩	૧૩૬	૧૩૮	૨૭	૨૧	૨૪	૨૬
૫૦	૬૪	૬૧	૫૧	૧૩૦	૧૪૪	૧૪૧	૧૩૧	૧૮	૩૧	૨૯	૧૯
૬૨	૫૨	૪૯	૬૩	૧૪૨	૧૩૨	૧૨૯	૧૪૩	૩૦	૨૦	૧૭	૧
૫૫	૫૭	૬૦	૫૪	૧૩૫	૧૩૭	૧૪૦	૧૩૪	૨૩	૨૫	૨૮	૨૨

ખૂબી: બાર આડી, બાર ઊભી અને બે તીરકસ એમ છવ્વીસ રીતે સરવાળો ૮૭૦ આવશે. (ઉપરાંત બીજી અનેક અખંડિત રીતે એટલો જ સરવાળો મેળવી શકાય.)

રાએ. પોર્ટુગીઝ કાપિતાંકએ એ મુજબનું લખત કરી આપ્યું.

વર્ષો સુધી આ હક્કો ભોગવ્યા બાદ ઇ. ૧૯૩૦ના અરસામાં હક્કો એ પેઢી પાસેથી છીનવી લેવામાં આવ્યા છે, એ વખતે હિંદીઓના હક્કો માટે એણે માગણી કરી હોત તો તે પણ કદાચ પૂરા પાડવામાં આવત પણ એ હિંદીઓને કદી સૂઝ્યું જ નથી. હૅમિલ્ટન જેવા પેદા કરવાનું જાણે હિંદના તોખમમાં જ નથી.

—નવનીત ભટ્ટ

પ્રેસ ફોટોગ્રાફીની ઝડપ

કૅમેરા નહિ વાપરી જાણનાર પણ ફોટોગ્રાફની કિંમત પારખી કે સમજી તેનો વેપાર કરી શકે છે. હંગેરીના મિ. બર્ટ ગરાઇ (Bert Garai) ફોટોગ્રાફ પૂરા પાડનારી દુનિયાની એક મોટામાં મોટી એજન્સીના સંચાલક છે. તાજેતરમાં એમણે પોતાના અનુભવપ્રસંગોનું એક પુસ્તક બહાર પાડયું છે. એમાંથી તેમની યોજનાશક્તિ અને વેધક બુદ્ધિ દર્શાવતો એક પ્રસંગ નીચે મુજબનો છે.

લંડનના કોઇપણ છાપાને માટે શકય ના બને તે વસ્તુ તેમણે 'ધી ઇવનિંગ સ્ટાન્ડર્ડ' માટે શકય કરી બતાવી ડર્બીની ઘોડદોડનો ફોટોગ્રાફ શરત પૂરી થતાં અર્ધા જ કલાક બાદ લંડનના એ છાપામાં છપાયો હતો.

એક રેસિંગ મોટર સાઇકલિસ્ટને તેમણે રોકી શરતના સ્થાનક–એપ્સમથી ફ્લીટ સ્ટ્રીટ (લંડનના સમાચારપત્રોનો નામાંકિત લત્તો) તે ૨૦ મિનીટમાં પહોંચી શકતો તેની ખાત્રી કરી જોઇ. શરતના છેડે તેમણે ઘણા ફોટોગ્રાફરોને ગોઠવી દીધા. વિજયી ઘોડાના ફોટોગ્રાફો લેવાયા અને તે કૅમેરાને કેટલાક દોડનારાઓ દ્વારા સાઈકલિસ્ટને પહોંચાડયો. અઢાર મિનીટમાં તો કૅમેરા 'ઇવનિંગ સ્ટાન્ડર્ડ'ની ઑફિસમાં આવ્યો અને ત્રણ મિનીટ પછી તે ફોટોગ્રાફ બ્લૉક ડિપાર્ટમેન્ટને સોંપાયો જ્યાંથી બ્લૉક બની છપાઇને ત્રીસ મિનિટમાં છાપું લંડનના રસ્તામાં વેચાયું.

—બલવન્ત ભટ્ટ

૧૯૩૮નું કૅલેન્ડર

તારીખ					મે	જાન્યુ. ઑક્ટો.	એપ્રિલ જુલાઈ	સપ્ટે. ડીસે.	જૂન	ફેબ્રુ. માર્ચ. નવે.	ઑગસ્ટ
					૫	૧–૧૦	૪–૭	૯–૧૨	૬	૨ ૩·૧૧	૮
૧	૮	૧૫	૨૨	૨૯	રવિ	શનિ	શુક્ર	ગુરુ	બુધ	મંગળ	સોમ
૨	૯	૧૬	૨૩	૩૦	સોમ	રવિ	શનિ	શુક્ર	ગુરુ	બુધ	મંગળ
૩	૧૦	૧૭	૨૪	૩૧	મંગળ	સોમ	રવિ	શનિ	શુક્ર	ગુરુ	બુધ
૪	૧૧	૧૮	૨૫	૦	બુધ	મંગળ	સોમ	રવિ	શનિ	શુક્ર	ગુરુ
૫	૧૨	૧૯	૨૬	૦	ગુરુ	બુધ	મંગળ	સોમ	રવિ	શનિ	શુક્ર
૬	૧૩	૨૦	૨૭	૦	શુક્ર	ગુરુ	બુધ	મંગળ	સોમ	રવિ	શનિ
૭	૧૪	૨૧	૨૮	૦	શનિ	શુક્ર	ગુરુ	બુધ	મંગળ	સોમ	રવિ

ગણિતશાસ્ત્રીઓએ ઈ. સ.ની તારીખ ઉપરથી વાર શોધવાનાં કેટલાંક સૂત્રો શોધી કાઢ્યાં છે, તેને અનુસરીને ઉપરનું ઈ. સ. ૧૯૩૮ની સાલનું આખા વર્ષનું કૅલેન્ડર યોજી કાઢેલું છે. એમાં એવી ખૂબી રહેલી છે કે ઈ. સ. ૧૯૩૮ના કોઈ પણ અંગ્રેજી માસની અમુક તારીખે કયો વાર હતો અથવા હશે તે ઝટવારમાં નજર આગળ આવી રહે છે. ઉદાહરણ તરીકે, ૧૯૩૮ના એપ્રિલની પહેલી તારીખે કયો વાર હતો એ જોવું હોય તો, તારીખનાં ખાનાંમાં ૧લી તારીખની સીધી લાઇનમાં જતાં એપ્રિલ માસના ખાનામાં જે વાર હોય તે જ વાર એપ્રિલની પહેલી તારીખે સમજવો; એટલે કે ૧લી તારીખની સીધી લાઇનમાં એપ્રિલના ખાના સુધી જતાં શુક્રવાર નજરે પડે છે.

—મગનલાલ નાથાલાલ ખત્રી

પૃથ્વી પરના સમુદ્રોની સરાસરી

સમુદ્રનું નામ		ઊંડાઇ આશરે વાર
પાસિફિક મહાસાગર		૪૨૫૨
આટ્લાંટિક	,,	૪૦૨૬
હિંદી	,,	૩૬૫૮
દક્ષિણ	,,	૩૦૦૦
ઉત્તર	,,	૧૬૬૯
ભૂમધ્ય	સમુદ્ર	૧૪૭૬
આઇરિશ	,,	૨૪૦
ઇંગ્લિશ ચૅનલ		૧૧૦
ઍડ્રીઆટિક સમુદ્ર		૪૫
બાલ્ટિક સમુદ્ર		૪૩

—ત્રિભુવન વીરજીભાઇ હેમાણી

જગતની મહત્ત્વની નહેરો

નામ	દેશ	લંબાઈ માઇલ
સુએઝ	મિસર	૧૦૦
કીલ	જર્મની	૬૧
પનામા	અમેરિકા	૫૦
એલ્બ	જર્મની	૪૧
માંચેસ્ટર	ઇંગ્લંડ	૩૫
વેલાન્ડ	કૅનૅડા	૨૭

કલા પાછળની તપશ્ચર્યાનાં અનેક ઉદાહરણો કહેવાયાં છે તેમાં એક વધુઃ કોઇએ ગોહરજાનના પ્રખ્યાત તબલચી ખાંસાહેબ સિદ્દિકમિયાંને પ્રશ્ન પૂછ્યો: 'તમે માત્ર તબલાંજ કેમ શીખ્યા? બીજું પણ સાથે શીખવું હતું ને?' જવાબ મળ્યો: 'ક્યા બાત કર રહે હો? ખાલી તબલેં સીખનેકે લિયે એક ઉમ્ર કાફી નહિ હૈ, તો દૂસરી કોઇ ચીઝ સીખનેકે લિયે કહાંસે વખ્ત લિયા જાય?'

~

અનેકાર્થી શબ્દ: **ભેળ**=ભેગ કે મિશ્રણ; બગાડ-ભેલાડ; ભંગાણ પડવું તે; મુંબાઇના ચવાણાનો એક પ્રકાર.

~

ગણિત ગમ્મત

એકથી સો સુધીમાં છવ્વીસ અંકો નિર્ભાજ્ય (જેને કશાથી ભાગી ન શકાય તેવા) છે, તે આ: ૧, ૨, ૩, ૫, ૭, ૧૧, ૧૩, ૧૭, ૧૯, ૨૩, ૨૯, ૩૧, ૩૭, ૪૧, ૪૩, ૪૭, ૫૩, ૫૯, ૬૧, ૬૭, ૭૧, ૭૩, ૭૯; ૮૩, ૮૯, ૯૭.

—ત્રિ. વી. દે.

~

કહેવતોના અર્થ

'વચને કિમ્ દરિદ્રતા?' પોતાને કંઇ કરવાની ઇચ્છા ન હોય છતાં મોઢેથી મિઠાશ પીરસ્યા કરીને માન ખાટવાની રીત દર્શાવવા માટે, અથવા મનમાં ભલે ચાહે તેવો અંટસ બાઝ્યો હોય પણ જબાન તો મીઠી જ રાખવાની રીત માટે આ લોકોક્તિ છે. એને મળતી કહેવતો: 'જબાં શીરીં તો મુલકગીરી', 'જીભમાં સાકર રાખવી', 'જોડા મારવા તો શાલમાં લપેટીને મારવા' વગેરે.

~

ઑઇલ પેઇન્ટિંગ પર ચડેલો મેલ કે જામેલી રજ સાફ કરવા માટે બટાટાને કાપીને તેનું ફાડિયું ખૂબ ઘસવું. પછી કપડાથી લૂછી લિન્સીડ ઑઈલ(શોધેલા અળસીના તેલ)નો આછો હાથ મારવો.

~

કપડામાં વધારે સફેદાઇ લાવવા માટે નિખારવાના પાણીમાં થોડાં ટીપાં ટર્પેન્ટાઇન નાખી જોજો.



દૃષ્ટિભ્રમનો એક વધુ દૃષ્ટાંત

~

ચોપડીમાં પડેલા ડાઘ પર ફ્રેન્ચ ચૉક નામનો અત્યંત મુલાયમ અને સફેદ ચાક આવે છે તે ભૂંસી થોડી વાર રાખી મૂકો અને પછી ઉપર બ્લૉટિંગ મૂકીને ગરમ અસ્ત્રી તે પર ફેરવો.

~

પાણીમાં ઓગાળેલા ટંકણખારમાં સીલ કરવાની લાખ તથા જોઇતો રંગ નાખવાથી કાચ પર લખવાની શાહી બનશે.

~

લંડનના લગભગ બસો જેટલા રસ્તાનાં નામ જુદા જુદા ખ્રિસ્તી સંતોનાં નામ ઉપર છે.

~

કોઇ એક નિશાળના છોકરાઓએ ઉજાણી કરવાનો વિચાર કર્યો, ને ઠરાવ્યું કે બીજે દિવસે બધાએ કંઇ ને કંઇ લાવવું. એ મુજબ કોઇ કેળાં લાવ્યું, કોઈ મેવો, કોઇ આઇસ્ક્રીમ. પણ ચમનને કંઇ ન લાવેલો જોતાં કોઇકે પૂછ્યું, 'અલ્યા, ચમન, તું કેમ કશું નથી લાવ્યો?'

'લાવ્યો છું ને?' ચમને જવાબ આપ્યો.

'શું?'

'મારો નાનો ભાઇ!'



અજબ કુદરત

આ તારામચ્છી (Star-fish)ના કકડા કરવામાં આવે તો એ કકડા પણ થોડી વારે વધીને સંપૂર્ણ માછલી બની જશે.

~

અમેરિકામાં થતું સેપીનેમી આ નામનું અરધો ઇંચ લાંબું જીવડું દુનિયાનું સૌથી ઝડપી ઊડનારું ગણાય છે—કલાકના ૮૦૦ માઇલ!

~

માનવશરીરનું ઉષ્ણતામાન ૯૮.૬ ફેરનહાઇટ અંશે રહે છે, જ્યારે દેડકાનું લોહી સરેરાશ ૪૮ અંશ પર.

~


હિંદુસ્તાનમાં દર ૩૨૦ માણસે એક આંધળો ને ત્રણ ઝાંખી નજરવાળા છે.

~

ફૂલદાનના પાણીમાં સોડા બાઇ કાર્બની ચપટી ફૂલોનું જીવન લંબાવશે.

~

મીઠું નાખેલા લીંબુના રસથી મેલી પડી ગએલી હાથીદાંતની ચીજો સરસ રીતે સાફ થઈ જાય છે.



કોઇ અતિ મોટો ગ્રંથ, કે ચોપડો ખુરશીમાં પડ્યા નીરાંતે વાંચવો હોય, અગર માંદા માણસ માટે આરામથી વાંચવાની સગવડ કરવી હોય તો ડાબી તરફના ચિત્રમાં બતાવ્યા મુજબના, આપમેળે નજર સામે રહેતા પાટિયાનો નુસખો કામ લાગશે. જમણી તરફની આકૃતિઓમાં તે કેમ બનાવવું તેની સમજણના આલેખો માપ સાથે આપ્યા છે.